વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થી માટે અત્યંત ઉપયોગી સાપ્તાહિક

# વર્તમાન પ્રવાહો

Part-3 E-COPY

21/08/2022
to
31/08/2022

POSHAN Abhiyaan
PM's Overarching Scheme for Holistic Nourishment
सही पोषण – देश रोशन




Indian Armed Forces
to build 5G network




Ude Desh ka
Aam Naagrik

उड़े देश का आम नागरिक
UDAN

ગુજરાતમાં 1 સપ્ટેમ્બર થી 30 સપ્ટેમ્બર દરમિયાન પોષણ માસ ની ઉજવણી કરવામાં આવશે

ચુંટણીપંચ દ્વારા આધારકાર્ડને મતદાર કાર્ડ સાથે લિંક કરવા માટેનાં અભિયાનની શરૂઆત કરવામાં આવી

ઉડાન (UDAN – Ude Desh Ka Aam Nagrik) સ્કીમના 5 વર્ષ પૂર્ણ

ભારતીયસેના હાઈ-સ્પીડ ડેટાની ડીલીવરી સુધારવા માટે સરહદ પર 5g નેટવર્ક સ્થાપિત કરશે


પેજ નં. 06 — ભારતના 14 મા ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર ચુંટાઈ આવ્યા

પેજ નં. 30 — ચંડીગઢ એરપોર્ટ નું નામ શહીદ ભગતસિંહના નામ પર રાખવામાં આવશે

પેજ નં. 36 — 29 ઓગસ્ટ રાષ્ટ્રીય રમત- ગમત દિવસ (National Sports Day)



GPSC-I/II | GPSC-III | નાયબ મામલતદાર
PSI-ASI | CONSTABLE | તલાટી | બિન સચિવાલય
BANK | SBI | IBPS | SSC | RAILWAY

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

# અનુક્રમણિકા


| ક્રમ | મુદ્દાઓ | પાના નંબર |
|---|---|---|
| | **મહિનાના મુખ્ય મુદ્દાઓ :** | |
| 1 | નીતિ આયોગની 7 મી ગવર્નિંગ કાઉન્સિલની બેઠકનું આયોજન | 05 |
| 2 | ક્રિમિનલ પ્રોસિજર (આઈડેન્ટિફિકેશન) અધિનિયમ – 2022 અમલમાં આવ્યો | 05 |
| 3 | ચૂંટણીપંચ દ્વારા આધારકાર્ડ મતદાર કાર્ડ સાથે લિંક કરવા માટેના અભિયાનની શરૂઆત કરવામાં આવી | 06 |
| 4 | ભારતના 14મા ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર ચૂંટાઈ આવ્યા | 06 |
| | **આંતરરાજ્ય** | |
| 5 | ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા 'યુપી પરિવાર કલ્યાણ કાર્ડ યોજના'ની જાહેરાત કરવામાં આવી | 09 |
| | **ગુજરાત** | |
| 6 | કેનેડાના હેલીફેક્સ ખાતે 65મી 'કોમનવેલ્થ પાર્લામેન્ટરી કોન્ફરન્સ'માં ગુજરાત રાજય વિધાનસભાના અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્યએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું | 10 |
| 7 | ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે કોમ્પેન્ડીયમ ઓફ લેન્ડ માર્ક જજમેન્ટસ પુસ્તકનું વિમોચન કર્યું | 10 |
| 8 | સુરત ખાતે ત્રિ–દિવસીય 'વાઈબ્રન્ટ વિવર્સ એકસ્પો – 2022' નું આયોજન થયું | 10 |
| 9 | પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદ ખાતે આઈકોનિક અટલબ્રિજનું ઈ–લોકાર્પણ કર્યું | 10 |
| 10 | અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે ખાદી ઉત્સવનું આયોજન | 12 |
| 11 | પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના કચ્છ ખાતે રૂા. 4400 કરોડના ખર્ચે વિવિધ પ્રોજેક્ટ્સના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું | 12 |
| 12 | ગુજરાતમાં 1 સપ્ટેમ્બર થી 30 સપ્ટેમ્બર દરમિયાન 'પોષણ માસ'ની ઉજવણી કરવામાં આવશે | 13 |
| 13 | પુનઃપ્રાપ્ય ઊર્જા (રિન્યુએબલ એનર્જી) ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિઓ હાંસલ કરવા બદલ ગુજરાતને 9 એવોર્ડ પ્રાપ્ત થયા | 13 |
| | **રિપોર્ટ અને ઈન્ડેકસ** | |
| 14 | નીતિ આયોગ દ્વારા Advance Chemistry Cell Battery Reuse & Recycling Market in India-2022 રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો | 14 |
| | **આંતરરાષ્ટ્રીય** | |
| 15 | બિન–ચેપી રોગો (Non – Communicable Diseases) ના નિદાન માટે પેન –પ્લસ વ્યૂહરચના (Pen – Plus Strategy) | 14 |
| | **અર્થવ્યવસ્થા** | |
| 16 | મલ્ટી મોડલ લોજિસ્ટિક પાર્કના ઝડપી વિકાસ માટે સમજૂતી કરાર | 16 |
| | **યોજના, પોર્ટલ અને એપ્લિકેશન** | |
| 17 | કેન્દ્રીય મંત્રીમંડળે હોસ્પિટાલિટી સંબંધીત ક્ષેત્રોને મદદ કરવા માટે ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરંટી સ્કીમ (ECLGS) ના ફંડમાં વધારાને મંજૂરી આપવામાં આવી | 17 |
| 18 | ઉડાન (UDAN – Ude Desh Ka Aam Nagrik) સ્કીમના 5 વર્ષ પૂર્ણ | 17 |

| | | |
|---|---|---|
| 19 | ગોવા અને કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પ્રથમ 'હર ઘર જલ' પ્રમાણિત પ્રદેશો બન્યા | 18 |
| 20 | નેશનલ ફિશરીઝ ડેવલપમેન્ટ બોર્ડ (NFBD) ની 9 મી જનરલ મીટિંગ દરમિયાન 'Matsya Setu' એપમાં ઓનલાઈન માર્કેટપ્લેસ ફીચર 'Aqua Bazar' લોન્ચ કરાયો | 19 |
| 21 | ગ્રામીણી ઉદ્યામી પ્રોજકેટના બીજા તબક્કાની શરૂઆત | 20 |
| 22 | ભારતમાં 1 લાખથી વધુ ગામોને ODF (Open defection free) પ્લસ દરજ્જો મળ્યો | 20 |
| 23 | ભારત અને બાંગ્લાદેશ વચ્ચે કુશિયારા નદીના જળની વહેંચણી માટે સમજૂતી કરાર (MOU) | 21 |
| 24 | ભારત સરકારના રસાયણ અને ખાતર મંત્રાલય દ્વારા વન નેશન વન ફર્ટિલાઈઝર યોજના લાગુ કરવાનો નિર્ણય | 21 |
| 25 | પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) હેઠળ ટ્રાન્સજેન્ડર વ્યકિતઓને આરોગ્ય સેવાઓ પુરી પાડવા માટે સમજૂતી કરાર (MoU) | 21 |
| 26 | પ્રધાનમંત્રી જન ધન યોજના (PMJDY) ના 8 વર્ષ પૂર્ણ | 23 |
| **પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી** | | |
| 27 | વર્ટિકલ લોન્ચ શોર્ટ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ (VL – SRSAM) નું પરીક્ષણ કરવામાં આવ્યું | 23 |
| 28 | ઓસ્ટ્રેલિયા દેશ દ્વારા એકસરસાઈઝ પિચ બ્લેક – 2022 કવાયતનું આયોજન કરવામાં આવ્યું | 24 |
| 29 | આર્ટિમિસ–III મિશન માટે નાસાની ચંદ્ર લેન્ડિંગ સાઈટ્સ | 24 |
| 30 | ભારતમાં બનેલી પ્રથમ હાઈડ્રોજન ફ્યુઅલ સેલ બસ લોન્ચ કરવામાં આવી | 25 |
| 31 | જર્મની દેશ દ્વારા હાઈડ્રોજન સંચાલિત પેસેન્જર ટ્રેનો શરૂ કરવામાં આવી | 25 |
| 32 | સંરક્ષણ ક્ષેત્રમાં સહયોગ માટે ભારત–તાંઝાનિયા ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવશે | 25 |
| 33 | ગંગા નદીના ટકાઉ વિકાસ (Sustainable Development) માટે 'અર્થ ગંગા' (Arth Ganga) પહેલ શરૂ કરવામાં આવ્યું | 26 |
| 34 | લદ્દાખમાં વિશ્વનો સૌથી ઊંચો જીઓથર્મલ એનર્જી પ્લાન્ટ સ્થાપવામાં આવશે | 26 |
| 35 | સંસ્કૃતિ મંત્રાલય દ્વારા અનંગ તાલ તળાવને રાષ્ટ્રીય મહત્વનું સ્મારક જાહેર કરવામાં આવ્યું | 28 |
| 36 | ભારતીય સેના હાઈ–સ્પીડ ડેટાની ડિલિવરી સુધારવા માટે સરહદ પર 5G નેટવર્ક સ્થાપિત કરશે | 28 |
| 37 | DRDO દ્વારા સ્વદેશી રીતે વિકસિત લેસર ગાઈડેડ એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ | 28 |
| 38 | ભારત અને મલેશિયા વાયુસેના વચ્ચે ઉદારશકિત (Udarshakti) કવાયત યોજાઈ | 29 |
| 39 | તમિલનાડુમાં નવું હાથી રિઝર્વ : અગસ્થ્યમલાઈ જાહેર | 29 |
| **રમત–જગત, નિમણૂક, વ્યકિત, પુસ્તક અને નિધન** | | |
| 40 | દેબાસીસા મોહંતીને NII (National Institute of Immunology)ના નવા ડિરેકટર તરીકે નિયુકત કરાયા | 29 |
| 41 | રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના નવા સચિવ – રાજેશ વર્મા | 30 |
| 42 | ચંદીગઢ એરપોર્ટનું નામ શહીદ ભગત સિંહના નામ પર રાખવામા આવશે | 30 |
| 43 | લોકપ્રિય ભારતીય ફિલ્મ નિર્માતા અબ્દુલ ગફ્ફાર નડિયાદવાલાનું નિધન | 31 |
| 44 | એન્જેલા મર્કેલને યુનેસ્કો શાંતિ પુરસ્કાર–2022 આપવામાં આવ્યો | 31 |
| 45 | દક્ષિણ કોરિયામાં યોજાયેલી ISSF વર્લ્ડ કપ – 2022 મેડલ ટેલીમાં ભારત પ્રથમ ક્રમાંકે રહ્યું | 31 |
| 46 | FIFA દ્વારા ભારત પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો | 32 |

| | | |
|---|---|---|
| 47 | નીરજ ચોપડાએ લુસાને ડાયમંડ લીગ 2022નું ટાઈટલ જીત્યું | 32 |
| 48 | DRDO (Defence Research & Development Organisation) ના અધ્યક્ષ તરીકે સમીર વી. કામતની નિમણૂક | 33 |
| 49 | IMF (International Monetary Fund)માં ભારતના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે કે. સુબ્રમણ્યમ્‌ની નિમણૂક | 33 |
| 50 | તાજેતરમાં ટેનિસ સ્ટાર ખેલાડી સેરેના વિલિયમ્સે નિવૃત્તિની જાહેરાત કરી | 33 |
| **એવોર્ડ અને પુરસ્કાર** | | |
| 51 | ફહમિદા અઝીમે પુલિત્ઝર પુરસ્કાર 2022 મળ્યો | 34 |
| **મહત્વના દિવસો** | | |
| 52 | 21 ઓગસ્ટ : આતંકવાદના પીડિતોની યાદ અને શ્રદ્ધાંજલિનો આંતરરાષ્ટ્રીય દિવસ (International Day of Remembrance and Tribute to the Victims of Terroism) | 34 |
| 53 | 17મો પ્રવાસી ભારતીય દિવસ 2023 ઈન્દોર ખાતે યોજાશે | 34 |
| 54 | 23 ઓગસ્ટ થી 1 સપ્ટેમ્બર, 2022 : વિશ્વ જળ સપ્તાહ (World Water Week) | 35 |
| 55 | 26 ઓગસ્ટ : મહિલા સમાનતા દિવસ | 35 |
| 56 | 28 ઓગસ્ટ : રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતી | 35 |
| 57 | 29 ઓગસ્ટ : રાષ્ટ્રીય રમત–ગમત દિવસ (National Sports Day) | 36 |
| 58 | 29 ઓગસ્ટ : પરમાણુ પરીક્ષણના વિરોધમાં આંતરરાષ્ટ્રીય દિવસ (International Day Against Nuclear Test) | 37 |
| 59 | 30 ઓગસ્ટ : રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ દિવસ (National Small Industries Day) | 37 |
| **શબ્દાવલી** | | |
| 60 | Euthanasia – ઈચ્છામૃત્યુ | 38 |
| 61 | સંવર્ધન (Acculturation) | 38 |
| 62 | La Nina – લા નીના | 38 |
| 63 | અલ નીનો – El Nino | 38 |
| **Current Affairs Booster** | | 39 |
| **Facts.... Inshort** | | 45 |


Banking Academy

## મહત્વના મુખ્ય મુદ્દાઓ

## ✸ નીતિ આયોગની 7 મી ગર્વનિંગ કાઉન્સિલની બેઠકનું આયોજન.

- તાજેતરમાં ભારતના વડા પ્રધાન દ્વારા નીતિ આયોગની 7 મી ગવર્નિંગ કાઉન્સિનલની બેઠકની અધ્યક્ષતા કરવામાં આવી છે.
- આ બેઠક કેન્દ્ર અને રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે સહયોગ અને સહકારના નવા યુગ તરફ તાલમેલનો માર્ગ મોકળો કરશે.
- આ બેઠક રાષ્ટ્રપતિ ભવન સાંસ્કૃતિક કેન્દ્ર નવી દિલ્હી ખાતે યોજાઈ છે.




### ❖ બેઠકના મુખ્ય મુદ્દાઓ :

✍ **મુખ્ય કાર્યસૂચિ :**

(1) પાક વૈવિધ્યકરણ અને કઠોળ, તેલીબિયા અને અન્ય કૃષિ ચીજ વસ્તુઓનાં આત્મનિર્ભરતા

(2) શાળાના શિક્ષણમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) નો અમલ

(3) ઉચ્ચત્તર શિક્ષણમાં રાષ્ટ્રીય શિક્ષા નીતિનો અમલ

(4) શહેરી શાસન

### ❖ નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલ વિશે...


- ✍ નીતિ આયોગની ગર્વનિંગ કાઉન્સિલ એ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોની સક્રિય ભાગીદારી સાથે રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ અને વ્યૂહ રચનાઓની સામાન્ય દ્રષ્ટિ વિકસાવવા માટે વિશ્વસનીય મુખ્ય સંસ્થા છે.
- ✍ આ કાઉન્સિલ આંતર વિભાગીય અને સંઘીય મુદ્દાઓ પર ચર્ચા કરવા માટેનું પ્લેટફોર્મ છે.

**NITI Ayog (National Institution for Transforming India ) વિશે....**

| | | |
|---|---|---|
| **સ્થાપના** | : | 1લી જાન્યુઆરી, 2015 |
| **વડુમથક** | : | નવી દિલ્હી |
| **અધ્યક્ષ** | : | નરેન્દ્ર મોદી |
| **ઉપાધ્યક્ષ** | : | સુમન બેરી |
| **CEO** | : | પરમેશ્વરન અયર |

## ✸ ક્રિમિનલ પ્રોસિજર (આઈડેન્ટિફિકેશન) અધિનિયમ – 2022 અમલમાં આવ્યો.

- તાજેતરમાં "ક્રિમિનલ પ્રોસિજર (આઈડેન્ટિફિકેશન) બિલ–2022" એપ્રિલ 2022માં સંસદ દ્વારા પસાર થયા બાદ અમલમાં આવ્યું છે.
- આ એક્ટ આઈડેન્ટિફિકેશન ઓફ પ્રિઝનર્સ એક્ટ – 1960 ની જગ્યા લેશે.
- આ એક્ટ ગુનાની તપાસ કરવાના હેતુથી નિર્દિષ્ટ વ્યકિતઓ (ગુનેગારો) વિશે અમુક ચોક્કસ (ઓળખી શકાય તેવી) માહિતીના સંગ્રહને અધિકૃત કરે છે.
- આ એક્ટ નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB) ને ગુનેગારો વિશે અમુક ચોક્કસ માહિતીને એકત્રિત કરવા, સંગ્રહિત કરવા અને સાચવવા માટે અધિકૃત કરે છે.




### ❖ ક્રિમિનલ પ્રોસિજર (આઈડેન્ટિફિકેશન) બિલ 2022 ની મુખ્ય વિશેષતાઓ :

- ✍ આ બિલ ગુનેગારો અને અન્ય વ્યકિતઓના ફોટોગ્રાફસ અને ચોક્કસ વિગતો રજૂ કરવાની પરવાનગી આપે છે જેમા ફિંગર પ્રિન્ટ્સ અને ફૂટ પ્રિન્ટ્સનો સમાવેશ થાય છે
- ✍ આ બિલ FIR વિગતોની યાદીમાં કાર્યક્ષેત્રને વિસ્તૃત કરશે, જેમાં વર્તમાનમાં પામ પ્રિન્ટ, આઈરિસ અને રેટિના સ્કેન, હસ્તાક્ષર અને અન્ય શારીરિક અને જૈવિક નમૂનાઓ (રક્ત, વાળ, વીર્ય વગેરે) નો સમાવેશ થશે.
- ✍ આ બિલ મુજબ નીચેના વ્યકિતઓએ તેમના ફોટોગ્રાફસ અને સ્પષ્ટ વિગતો આપવાની જરૂર છે.

  (i) અમુક ગુનાઓ માટે દોષિત વ્યકિતઓ (1 વર્ષથી ઓછી ન હોય તેવી સખત સજા)

  (ii) જે વ્યકિતઓને ફોજદારી કાર્યવાહીની સંહિતા (CRPC), 1973 હેઠળ સારા વર્તન અથવા શાંતિ જાળવવા માટે સિક્યુરિટિ (બાંહેધરી) જમા કરાવવાનો આદેશ આપવામાં આવ્યો હોય

  (iii) 1 વર્ષથી ઓછી ન હોય તેવી સખત કેદની સજાને પાત્ર ગુનાના સંબંધમાં ધરપકડ કરાયેલા વ્યકિતઓ.
- ✍ આ બિલ એવા વ્યકિતઓના કાર્યક્ષેત્રને વિસ્તૃત કરે છે જેમાં ગુનેગારો, ધરપકડ કરાયેલ વ્યકિતઓ તેમજ કોઈપણ નિવારક અટકાયત કાયદા (Preventive Detention Law) હેઠળ અટકાયતમાં લેવામાં આવેલ વ્યકિતઓનો સમાવેશ થાય છે. ધરપકડ કરાયેલા વ્યકિતઓને તેમના જૈવિક નમૂનાઓ (Biological Samples) આપવા માટે બંધાયેલ નથી, સિવાય તેઓએ કોઈપણ મહિલા અથવા બાળક વિરુદ્ધ ગુનો કર્યો હોય અથવા ઓછામાં ઓછી સાત વર્ષની સજા થઈ શકે તેવો ગુનો કર્યો હોય.

- આ બિલ મુજબ વ્યકિતની એકત્રિત વિગતોની માહિતી 75 વર્ષ સુધી ડિજિટલ અથવા ઈલેકટ્રોનિક સ્વરૂપમાં રાખવી જોઈશે. આ રેકોર્ડ નીચેના કિસ્સાઓમાં રાખવામાં આવશે નહીં.
  (i) અગાઉ ગુનેગાર ઠર્યા ન હોય
  (ii) વ્યકિતને ટ્રાયલ વિના અદાલત દ્વારા મુક્ત કરવામાં આવ્યો હોય અથવા તમામ કાનૂની ઉપાયો દ્વારા મુક્ત કરવામાં આવ્યો હોય.
- આ બિલ મુજબ વિગત આપવાનો વિરોધ અથવા ઈનકાર કરવો એ ભારતીય દંડ સંહિતા (IPC)- 1860 હેઠળ ગુનો ગણવામાં આવશે, આવ વિરોધ અથવા ઈનકારના કિસ્સામાં પોલીસ અધિકારી અથવા જેલ અધિકારી રાજય અથવા કેન્દ્ર સરકાર દ્વારા નિર્ધારીત નિયમો હેઠળ ઉલ્લેખિત રીતે વિગતો રજૂ કરી શકે છે.
- આ બિલ અનુસાર પોલીસ અધિકારી કે જેઓ (i) પોલીસ સ્ટેશનના ઈનચાર્જ તરીકે કાર્ય કરે છે. (ii) CRPC હેઠળ ગુનાની તપાસ કરે છે અને (iii) ઓછામાં ઓછા સબ–ઈન્સ્પેકટરના રેકના અધિકારીઓ દ્વારા વિગતો સબમીટ કરી શકાય છે.
- આ બિલ હેઠળ મેજિસ્ટ્રેટ કોઈ પણ વ્યકિતને CRPC હેઠળ તપાસ અથવા કાર્યવાહી માટે તેની વિગતો આપવા માટે નિર્દેશ આપી શકે છે.
- આ બિલ અંતર્ગત NCRB (National Crime Record Bureau)ને રાજય સરકારો, કેન્દ્રશાસિત પ્રદેશ પ્રશાસન અથવા કાયદા અમલીકરણ એજન્સીઓ બિલ અંતર્ગત આવતા વ્યકિતઓ સંબંધિત વિગતો સબમિટ કરવાની સત્તા આપે છે.
- આ બિલ અંર્તગત NCRB ના કાર્યોમાં (i) ચોક્કસ વ્યકિતઓ વિશે રાષ્ટ્રીય સ્તરે વિગતોનો સંગ્રહ અને નાશ કરવો, (ii) સંબંધિત ગુનાહિત રેકોર્ડ સાથે વિગતની પ્રક્રિયા કરવી અને (iii) કાયદાનો અમલીકરણ એજન્સીઓને વિગતો આપવી.
- આ એકટમાં માત્ર રાજય સરકારને જ નિયમો બનાવવાની સત્તા છે, પરંતુ હવેથી આ બિલ કેન્દ્ર સરકારને પણ સત્તા આપે છે. કેન્દ્ર અથવા રાજય સરકાર વિવિધ બાબતો પર નિયમ બનાવી શકે છે જેમાં વિગતો સબીમટ કરવાની રીત અને NCRB દ્વારા સ્ટેટમેન્ટ જમા, સંગ્રહિત, સાચવા, નષ્ટ, પ્રસારિત અને નિકાલ કરવાની રીતનો સમાવેશ થાય છે.

**NCRB- (National Crime Record Bureau) વિશે....**
**સ્થાપના** : 1986
**વડુમથક** : નવી દિલ્હી
**મંત્રાલય** : ગૃહ મંત્રાલય

## ✷ ચૂંટણીપંચ દ્વારા આધારકાર્ડને મતદાર કાર્ડ સાથે લિંક કરવા માટેના અભિયાનની શરૂઆત કરવામાં આવી.

- તાજેતરમાં ચૂંટણી પંચ (Election Commission) દ્વારા આધાર કાર્ડને મતદાર કાર્ડ સાથે લિંક કરવા માટે અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.
- આ કાર્યક્રમ મુજબ સરકારી અધિકારીઓને વ્યકિતઓના મતદાર આઈડી (ID)ને વોટર આઈડી સાથે લિંક કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે, જો કોઈ વ્યકિત Aadhar IDને Voter ID સાથે લિંક કરવામાં નિષ્ફળ જાય તો તેમના Voter ID કાર્ડને રદ કરવામાં આવશે.
- આ કાર્યક્રમથી ચૂંટણી પંચને મતદાર આધારના અપડેટ અને સચોટ રેકોર્ડ જાળવવા મદદ મળશે.
- આ કાર્યક્રમ મતદારોનું નામ અલગ અલગ મતદારક્ષેત્રના મતદાર યાદીમાં એક કરતા વધુ વખત નોધાંયેલ હોય અથવા એક જ મતદારક્ષેત્રમાં ઘણી વખત નોંધાયેલ હોય તેવા પ્રકારના ડુપ્લિકેશનને(નકલ) ને દૂર કરશે.




- આ અભિયાન મતદાર આઈડી સાથે આધાર આઈડીને લિંક કરવાથી ભારતના નાગરિકો માટે નાગરિક દીઠ માત્ર એક જ મતદાર આઈડી જારી કરવામા મદદ કરશે.

**Election Commission વિશે....**
**સ્થાપના** : 25 જાન્યુઆરી, 1950
**વડુમથક** : નવી દિલ્હી
**ચીફ કમિશનર** : રાજીવ કુમાર

## ✷ ભારતના 14મા ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર ચૂંટાઈ આવ્યા.

- તાજેતરમાં જગદીપ ધનખર ભારતના 14મા ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે.
- હાલમાં યોજાયેલી ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં તેમણે UPAના ઉમેદવાર માર્ગરેટ આલ્વાને હરાવ્યા હતા.
- જેમાં NDAના ઉમેદવાર જગદીપ ધનખરની 346 મતના જંગી માર્જિન સાથે બહુમતીથી વિજય થયો છે.
- જગદીપ ધનખરને 528 મત મળ્યા હતા જ્યારે માર્ગરેટ આલ્વાને 182 મત મળ્યા હતા. આ સાથે જગદીપ ધનખર ભારત દેશના 14માં ઉપરાષ્ટ્રપતિ બન્યા છે. જેઓ ઉપરાષ્ટ્રપતિ તરીકે વેંકૈયા નાયડુનું સ્થાન લીધું છે.
- રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયેલા એક ખાસ સમારોહમાં ભારતના રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ જગદીપ ધનખરને ઉપરાષ્ટ્રપતિ પદના શપથ અપાવ્યા હતા.

**❖ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી સંબંધિત :**

- ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવે છે.

Banking Academy

- અનુચ્છેદ–66માં ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી પ્રક્રિયાની જોગવાઈ કરવામાં આવી છે.
- ઉપરાષ્ટ્રપતિ બનવા યોગ્ય ઉમેદવારના નામનો પ્રસ્તાવ મતદાર મંડળમાંના ઓછામાં ઓછા 20 સભ્યોએ મૂકેલો હોવો જોઈએ. તથા બીજા ઓછામાં ઓછા 20 સભ્યોએ તેમને સમર્થન આપેલું હોવું જોઈએ.
- ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવારે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયામાં રૂા. 15000/- ની સિક્યોરિટી ડિપોઝિટ જમા કરાવવાની હોય છે. જો ઉમેદવાર કુલ મતના 1/6 ભાગના પણ મત નથી મેળવી શકતા તો તેમની ડિપોઝીટ જપ્ત થશે.

**જગદીપ ધનખર વિશે....**

- જગદીપ ધનખરનો જન્મ 18 મે, 1951ના રોજ રાજસ્થાન રાજ્યના ઝુનઝુનુ જિલ્લાના એક નાનકડા ગામ કિથાનામાં થયો હતો.
- તેઓએ શાળાનું શિક્ષણ પૂરું કર્યા પછી રાજસ્થાન યુનિવર્સિટી જયપુરમાંથી B.Sc અને LLBમાં સ્નાતક થાય હતા.
- વર્ષ 2019માં તેઓ પશ્ચિમ બંગાળના રાજ્યપાલ બન્યા હતા. અને જુલાઈ 2022 સુધી રાજ્યપાલ તરીકે સેવા આપી હતી.

- ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી સમપ્રમાણ પ્રતિનિધિત્વ (Proportional Representation) અને એકલ સંક્રમણીય મત (Single Transferable Vote) ગણતરીથી થાય છે.



### ❖ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાર મંડળ :

- રાજ્યસભાના ચૂંટાયેલા સભ્યો અને રાષ્ટ્રપતિ દ્વારા નિયુકત સભ્યો અને લોકસભાના ચૂંટાયેલા સભ્યોનો સમાવેશ થાય છે.

### ❖ ઉપરાષ્ટ્રપતિની લાયકાત :

- તે ભારતના નાગરિક હોવા જોઈએ.
- તેમણે 35 વર્ષ પૂરા કરેલા હોવા જોઈએ.
- રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાવાની લાયકાત ધરાવતો હોવો જોઈએ.
- જો કોઈ વ્યકિત ભારત સરકાર કે રાજ્ય સરકાર હેઠળ અથવા સ્થાનિક કે અન્ય સત્તાધિકાર હેઠળ લાભકારક હોદ્દો ધરાવતો હોય તો તે વ્યકિત ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાવાને યોગ્ય ગણાતો નથી.
- અનુચ્છેદ–66 હેઠળ કોઈ વ્યકિત રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અથવા કોઈ રાજ્યનો રાજ્યપાલ હોય અથવા કોઈ રાજ્યના મંત્રી હોય તો તે કારણસર, તેણે લાભનું પદ (office of profit) ધારણ કરેલ હોવાનું ગણવામાં આવશે નહીં.
- ઉપરાષ્ટ્રપતિને અનુચ્છેદ–69 હેઠળ બંધારણીય હોદ્દાના શપથ રાષ્ટ્રપતિ લેવડાવે છે.

### ❖ કાર્યકાળ :

- ઉપરાષ્ટ્રપતિ 5 વર્ષ માટે પદ ધારણ કરે છે તથા પાંચ વર્ષ પૂરા થઈ ગયા પછી નવા ચૂંટાયેલા ઉપરાષ્ટ્રપતિ પદગ્રહણ ન કરે ત્યાં સુધી પદ પરથી દૂર થતા નથી. (અનચ્છેદ–68)
- ઉપરાષ્ટ્રપતિ કાર્યકાળ પૂર્ણ થયા પહેલા પણ તે પોતાનું રાજીનામું રાષ્ટ્રપતિને આપી શકે છે.
- ઉપરાષ્ટ્રપતિ અનુચ્છેદ–64 અનુસાર રાજ્યસભાના હોદ્દાની રૂએ (ex – officio) સભાપતિ રહેશે.
- ઉપરાષ્ટ્રપતિને ઉપરાષ્ટ્રપતિ તરીકે નહિ પરંતુ રાજ્યસભાના સભાપતિ તરીકે પગાર મળે છે.
- અમુક સંજોગો જેવા કે રાષ્ટ્રપતિનું મૃત્યુ, રાજીનામુ અથવા પદ પરથી દૂર કરવાની પરિસ્થિતિમાં અથવા માંદગીના લીધે રાષ્ટ્રપતિ પદ ગ્રહણ કરવા સક્ષમ ન હોય તો ઉપરાષ્ટ્રપતિ પદ ગ્રહણ કરે છે. (અનુચ્છેદ–65)
- જ્યારે ઉપરાષ્ટ્રપતિ કાર્યકારી રાષ્ટ્રપતિ તરીકે પદ પર હોય તો રાષ્ટ્રપતિનો પગાર મેળવે છે.
- હાલ ઉપરાષ્ટ્રપતિનો પગાર રૂા. 4,00,000 છે.

### ❖ ઉપરાષ્ટ્રપતિના કાર્યો :

- હોદ્દાની રૂએ રાજ્યસભાના સભાપતિ હોય છે.
- સામાન્ય રીતે કોઈપણ પ્રસ્તાવ કે ખરડાના મતદાનમા ભાગ લેતા નથી, પણ સરખા મતની પરિસ્થિતિમાં તે નિર્ણાયક મત (Casitry Vote) આપે છે.
- તે કયારેક કેન્દ્રીય યુનિવર્સિટીઓના કુલપતિ તરીકે પણ કાર્ય કરે છે.
- ઉપરાષ્ટ્રપતિનો 5 વર્ષના કાર્યકાળ પૂર્ણ થતો હોય, રાજીનામા, મૃત્યુ અને પદભ્રષ્ટ જેવા કારણોસર પદ ખાલી પડતું હોય તો બને તેટલી વહેલી તકે નવા ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી કરવી એવી બંધારણમાં જોગવાઈ છે.
- ઉપરાષ્ટ્રપતિને પદ પરથી દૂર કરવા માટે સૌપ્રથમ રાજ્યસભામાં પ્રસ્તાવને વાસ્તવિક બહુમતી (Effective Majority) પસાર કરવામાં આવે છે અને પછી લોકસભામાં સાદી બહુમતિ (Simple Majority) દ્વારા પસાર કરવામાં આવે છે. જો આ પ્રસ્તાવ પસાર થઈ જાય તો ઉપરાષ્ટ્રપતિ પદ પરથી દૂર થાય છે.
- એક વાર ઉપરાષ્ટ્રપતિ રહી ચૂકેલ વ્યકિત ફરીવાર ઉપરાષ્ટ્રપતિ તરીકે ઉમેદવારી નોંધાવી શકે છે.
- ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી સબંધિત વિવાદનું નિવારણ સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા કરવામાં આવે છે.

### ❖ ઉપરાષ્ટ્રપતિ માટે અગત્યના અનુચ્છેદ :

- અનુચ્છેદ 63 – ભારતના એક ઉપરાષ્ટ્રપતિ હશે.
- અનુચ્છેદ 64 – ઉપરાષ્ટ્રપતિનું હોદ્દાની રૂએ રાજ્યસભાના સભાપતિ રહેશે.
- અનુચ્છેદ 65 – રાષ્ટ્રપતિની ગેરહાજરીમાં ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિનું પદ સંભાળશે.
- અનુચ્છેદ 66 – ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી
- અનુચ્છેદ 67 – ઉપરાષ્ટ્રપતિના હોદ્દાની મુદત
- અનુચ્છેદ 68 – ઉપરાષ્ટ્રપતિ પદની ખાલી જગ્યા ભરવા માટે ચૂંટણી કરવાનો સમયગાળો
- અનુચ્છેદ 69 – ઉપરાષ્ટ્રપતિ પદ માટે શપથ

❖ **ભારતના અત્યારસુધીના ઉપરાષ્ટ્રપતિઓ અને તેમનો કાર્યકાળ :**

| ક્રમ | ઉપરાષ્ટ્રપતિ | કાર્યકાળ | રાષ્ટ્રપતિ |
|---|---|---|---|
| 1 | ડૉ. રાધાકૃષ્ણન સર્વપલ્લી | 13 મે 1952 થી 12 મે 1962 | ડૉ. રાજેન્દ્ર પ્રસાદ |
| 2 | ડૉ. ઝાકીર હુસૈન | 13 મે 1962 થી 12 મે 1967 | ડૉ. રાધાકૃષ્ણન સર્વપલ્લી |
| 3 | વરાહગિરિ વેંકટ ગિરી | 13 મે 1967 થી 20 જુલાઈ 1969 | ડૉ. ઝાકીર હુસૈન |
| 4 | ગોપાલ સ્વરૂપ પાઠક | 31 ઓગસ્ટ 1969 થી 30 ઓગસ્ટ 1974 | વી.વી. ગીરી<br>ડૉ. ફખરુદ્દીન અલી અહેમદ |
| 5 | જટ્ટી બસપ્પા દાનપ્પા | 31 ઓગસ્ટ 1974 થી 30 ઓગસ્ટ 1979 | ડૉ. ફખરુદ્દીન અલી અહેમદ<br>નીલમ સંજીવા રેડ્ડી |
| 6 | જસ્ટિસ મુહમ્મદ હિદાયતુલ્લા | 31 ઓગસ્ટ 1979 થી 30 ઓગસ્ટ 1984 | નીલમ સંજીવા રેડ્ડી<br>જ્ઞાની ઝૈલ સિંહ |
| 7 | રામાસ્વામી વેંકટરામન | 31 ઓગસ્ટ 1984 થી 24 જુલાઈ 1987 | જ્ઞાની ઝૈલ સિંહ |
| 8 | શંકર દયાલ શર્મા | 7 સપ્ટેમ્બર 1987 થી 24 જુલાઈ 1992 | રામાસ્વામી વેંકટરામન |
| 9 | કોચેરીલ રમણ નારાયણન | 21 ઓગસ્ટ 1992 થી 24 જુલાઈ 1997 | શંકર દયાલ શર્મા |
| 10 | કૃષ્ણકાંત | 21 ઓગસ્ટ 1997 થી 27 જુલાઈ 2002 | કોચેરીલ રમણ નારાયણન<br>એપીજે અબ્દુલ કલામ |
| 11 | ભૈરવ સિંહ શેખાવત | 19 ઓગસ્ટ 2002 થી 21 જુલાઈ 2007 | એપીજે અબ્દુલ કલામ |
| 12 | મોહમ્મદ હામિદ અંસારી | 11 ઓગસ્ટ 2007 થી 10 ઓગસ્ટ 2017 | પ્રતિભા પાટીલ<br>પ્રણવ મુખર્જી<br>રામનાથ કોવિંદ |
| 13 | એમ વેંકૈયા નાયડુ | 11 ઓગસ્ટ 2017 થી હોદ્દેદાર | રામનાથ કોવિંદ |




## ✸ ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા 'યુપી પરિવાર કલ્યાણ કાર્ડ યોજના'ની જાહેરાત કરવામાં આવી.

➲ તાજેતરમાં ઉત્તરપ્રદેશના મુખ્ય મંત્રી યોગી આદિત્યનાથ દ્વારા રાજયના તમામ પરિવારો માટે 'UP Parivar Kalyan Card'ની જાહેરાત કરવામાં આવી છે.

➲ આ યોજના અંતર્ગત ઉત્તર પ્રદેશમાં ચાલતી વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ લોકોને મળશે.

➲ આ યોજના હેઠળ એવા પરિવારોને પણ મદદ મળશે જેઓ કોઈ પણ કારણોસર યોજનાઓથી વંચિત છે.

➲ આ કાર્ડને રેશન કાર્ડના મદદથી જનરેટ કરવામાં આવશે, જેથી તમામ યોજનાઓને એકીકૃત કરી શકાય.




➲ હાલમાં ઉત્તર પ્રદેશમાં 15 કરોડ આધાર માન્ય રેશનકાર્ડ ધારકો છે જેમને તાત્કાલિક ધોરણે 'યુપી પરિવાર કલ્યાણ કાર્ડ' જારી કરી શકાશે.

➲ આ કાર્ડ દ્વારા સરકાર રાજયાના દરેક પરિવારને એક Identity Card આપશે, જે આધાર કાર્ડની જેમ 12 અંક ધરાવતુ કાર્ડ હશે, જેમાં તે પરિવારના તમામ સભ્યોની સંપૂર્ણ માહિતી હશે.

➲ આ કાર્ડ અંતર્ગત ઉત્તરપ્રદેશના લોકોને રાજયમાં ચાલી રહેલ રોજગાર, સ્વાસ્થ્ય અને અન્ય પ્રકારની યોજનાનો લાભ આપવામાં આવશે.

➲ આ કાર્ડની મદદથી તમામ યોજના માટેના અયોગ્ય અરજદારોને સરળતાથી શોધી શકાશે.




## ગુજરાત

### ✷ કેનેડાના હેલીફેકસ ખાતે 65મી ‘કોમનવેલ્થ પાર્લામેન્ટરી કોન્ફરન્સ’માં ગુજરાત રાજય વિધાનસભાના અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્યએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું.



- કેનેડાના હેલીફેકસ ખાતે યોજાયેલી 65મી કોમનવેલ્થ પાર્લામેન્ટરી કોન્ફરન્સ’માં ગુજરાત રાજય વિધાનસભાના અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્યએ ગુજરાત રાજયનું પ્રતિનિધિત્વ કર્યું હતું.
- આ કોન્ફરન્સમાં શ્રી આચાર્ય ડેલીગેટ તરીકે તેમજ ઓબ્ઝર્વર તરીકે ધારાસભ્ય શૈલેષભાઈ પરમારે ભાગ લીધો હતો.
- નોંધનીય છે કે આ કોન્ફરન્સમાં રાષ્ટ્રીય સ્તરનું ભારતીય સંસદીય પ્રતિનિધિ મંડલનું નેતૃત્વ લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ કર્યું હતું.
- આ કોન્ફરન્સના ભાગરૂપે કોમનવેલ્થ દેશોના મહિલા પ્રતિનિધિઓની 7 મી ‘કોમનવેલ્થ વુમન પાર્લામેન્ટરી કોન્ફરન્સ’ યોજાય હતી.

  ❖ **કોમનવેલ્થ પાર્લામેન્ટરી કોન્ફરન્સ :**

  - કોમનવેલ્થ દેશોના લોકસભા અને વિધાનસભાના સ્પીકર્સ લોકશાહી વ્યવસ્થાનું સુચારુ સંચાલન માટે આ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવે છે.

### ✷ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે કોમ્પેન્ડીયમ ઓફ લેન્ડ માર્ક જજમેન્ટસ પુસ્તકનું વિમોચન કર્યું.

- ગુજરાત તકેદારી આયોગ અને ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (GNLU) ના સહયોગથી પ્રકાશિત થયેલા ‘કોમ્પેન્ડીયમ ઓફ લેન્ડ માર્ક જજમેન્ટ’ પુસ્તકનું મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરમાં વિમોચન કર્યું.
- આ પુસ્તકમાં વર્ષ 1950 થી 2021 સુધીના જે 110 જેટલા લેન્ડ માર્ક જજમેન્ટસ આવરી લેવાયા છે. જેમાં સુપ્રિમ કોર્ટના 77, જુદી જુદી હાઈકોર્ટના 26, સેશન્સ કોર્ટના – 2 અને વિશ્વની દેશોની કોર્ટસના પાંચ જજમેન્ટનો સમાવેશ થાય છે.

### ✷ સુરત ખાતે ત્રિ–દિવસીય ‘વાઈબ્રન્ટ વિવર્સ એકસ્પો – 2022’ નું આયોજન થયું.



- સુરતમાં ફેડરેશન ઓફ ગુજરાત વિવર્સ વેલફેર એસોસિએશન (FOGVA) દ્વારા 26 ઓગસ્ટ થી 28 ઓગસ્ટ સુધી ત્રિ–દિવસીય ‘વાઈબ્રન્ટ વિવર્સ એકસ્પો – 2022 ’ નું આયોજન કરવામાં આવ્યું.
- જેનું ઉદ્‌ઘાટન રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું. તેમણે જણાવ્યું કે દેશની કુલ વસ્ત્ર નિકાસમાં ગુજરાતનો હિસ્સો 12% અને મેન મેડ ફાઈબર ઉત્પાદનમાં 38% છે. આર્ટ સિલ્ક ફેબ્રિકના ઉત્પાદનમાં સુરત દેશમાં 50% યોગદાન આપી રહયું છે.

### ✷ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદ ખાતે આઈકોનિક અટલબ્રિજનું ઈ–લોકાર્પણ કર્યું.



- અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે સાબરમતી નદી પર 94 કરોડના ખર્ચે બનેલ ‘આઈકોનિક અટલ બ્રિજ’ નું ઈ–લોકાર્પણ કર્યું.
- આ બ્રિજની લંબાઈ 300 મીટરની છે.

Banking Academy

# Food Corporation of India (FCI)
## Recruitment - 2022

**Total Vacancy**
**5043**

**Online form**
6th Sept. to 5th Oct.
(2022)

**Tentative Exam Date**
Dec./Jan. - 2022/23

**Age Relaxation**
SC/ST : + 5 years
OBC : + 3 years

### TOTAL VACANCY (ZONE - WISE)

| | |
|---|---|
| North | 2388 |
| South | 989 |
| East | 768 |
| West | 713 |
| North - East | 185 |

### POST-WISE VACANCIES

| POST | Total Vac. | Age Limit Max. as on 1/8/2022 | Qualifications / Experience |
|---|---|---|---|
| J.E. (Civil Engineering) | 48 | 28 | Degree in Civil Engineering or Diploma in Civil Engineering with one year experience. |
| J.E. (Electrical/ Mechanical) | 15 | 28 | Degree in Electrical Engineering Or Mechanical Engineering or Diploma in Electrical Engineering Or Mechanical Engineering with one year experience in the case of Diploma holders only. |
| Steno. Grade - II | 73 | 25 | Graduate along with O' level qualification of DOEACC and speed of 40 w.p.m. and 80 w.p.m. in typing and shorthand respectively or Degree in Computer Science/ Computer Application with speed of 40 w.p.m. and 80 w.p.m. in typing and shorthand respectively. |
| AG - III (Hindi) (AG = Assistant Grade) | 93 | 28 | Essential: 1. Degree of a recognized University with Hindi as the main subject. 2. Proficiency in English. 3. One year experience of translation from English to Hindi and vice- versa. Desirable :- Post Graduate qualification in Hindi. |
| AG - III (General) | 948 | 27 | Graduate Degree in any discipline from a recognized University with proficiency in use of computers. |
| AG - III (Accounts) | 406 | 27 | Bachelor of Commerce from a recognized University with proficiency in use of computers. |
| AG - III (Technical) | 1406 | 27 | 1. B.Sc. in Agriculture from a recognized University. Or B.Sc. with any of the following subject from a recognized University: Botany / Zoology / Bio-Technology / Bio-Chemistry / Microbiology / Food Science. Or B. Tech / BE in Food Science / Food Science and Technology / Agricultural Engineering / Bio-Technology from a recognized University / an institution approved by AICTE. 2. Proficiency in use of computers. |
| AG - III (Depot) | 2054 | 27 | Graduate Degree in any discipline from a recognized University with proficiency in use of computers. |

**NOTE : CANDIDATE CAN APPLY IN ANY ONE ZONE ONLY & ONLY FOR ONE OF THE POST (WITHIN ZONE)**

For Latest Vacancies & Updates Kindly visit @ www.bankingacademy.co.in

(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

ADMISSION OPEN

Surat (Head Office) Ph. : 96629 00564
Surat (Varachha) Ph. : 70464 16555
Navsari Ph. : 70466 41555
Vyara Ph. : 90998 64658

## ✷ અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે ખાદી ઉત્સવનું આયોજન.



- અમદાવાદ સ્થિત સાબરમતી રિવરફ્રન્ટ ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખાદી ઉત્સવ કાર્યક્રમને સંબોધિત કર્યો.
- આ પ્રસંગે પ્રધાનમંત્રીએ જણાવ્યું કે આઝાદીની ચળવળ દરમ્યાન ગાંધીજીએ ખાદીને દેશના સ્વાભિમાનનું પ્રતીક બનાવ્યું હતું.
- ખાદી ફોર ફેશન, ખાદી ફોર નેશન અને હવે ખાદી ફોર ટ્રાન્સફોર્મેશનનો સંકલ્પ જોડાયો છે.
- આઝાદીના 75 વર્ષ નિમિત્તે 7500 મહિલાઓએ ચરખા પર સૂતર કાંતીને ઈતિહાસ રચ્યો છે. જે એક રેકોર્ડ સર્જાયો છે.
- આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે આયોજીત ખાદી ઉત્સવમાં વડાપ્રધાને 94 વર્ષ જૂનો ચરખો કાંત્યો હતો. આ ચરખો બારડોલી સત્યાગ્રહમાં ઉપયોગમાં લેવાયો હતો.
- આ પ્રસંગે પ્રધાનમંત્રીએ ખાદી ગ્રામોદ્યોગના નવીન કાર્યોલયનું પણ ઉદ્દઘાટન કર્યું હતું.

## ✷ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના કચ્છ ખાતે રૂા. 4400 કરોડના ખર્ચે વિવિધ પ્રોજેક્ટ્સના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.



(1) સ્મૃતિવન મેમોરિયલ અને મ્યુઝીયમ :–

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના કચ્છ ખાતે રૂા. 375 કરોડના ખર્ચે નિર્મિત સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ અને મ્યૂઝિયમનું લોકાર્પણ કર્યું હતું.
- વર્ષ 2001 માં કચ્છ ખાતે આવેલ વિનાશક ભુંકપની યાદને તાજી કરવા તેમજ યુવાનોમાં ભૂસ્તર વિજ્ઞાન પ્રત્યે રૂચિ પેદા થાય તે માટે આ મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- આ મ્યુઝિયમની ખાસિયત એ છે કે રિયલટાઈમ ભૂકંપનો અનુભવ કરાવવા માટે મ્યુઝિયમમાં ખાસ થિયેટરનું નિર્માણ કરાયું છે જે વિશ્વના સૌથી મોટા સિમ્યુલેટર પૈકીનું એક છે, ત્યાં ધ્રુજારી અને ધ્વનિ – પ્રકાશનાં સંયોજનથી એક વિશેષ અનુભવ કરાવવામાં આવશે.
- આ ઉપરાંત ભુંકપમાં ભોગ બનેલા નાગરિકોને શ્રદ્ધાંજલિ આપવા ટચ પેનલ પર ડિજિટલ મશાલ પ્રગટાવી શકાશે અને તેનો પ્રકાશ ભુજમાં જોઈ શકાય તેવું આયોજન કરાયું છે.
- આ મ્યુઝિયમમાં કુલ સાત બ્લોક છે. જેમના નામ નીચે મુજબ છે.
  (1) પુનઃ સરંચના (2) પુનઃ પરિચય (3) પુનઃપ્રત્યાવર્તન (4) પુનઃ નિર્માણ. (5) પુનઃ આવૃત્તિ (6) પુનઃ સ્મરણ (7) પુનઃવિચાર

(2) વીર બાલ સ્મારક :–

- ધરતીકંપમાં જીવ ગુમાવનારા 183 બાળકોની સ્મૃતિ જળવાઈ રહે તે માટે આ સ્મારકનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- આ સ્મારક કચ્છના અંજાર ખાતે બનાવવામાં આવ્યું છે.

(3) પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર :–

- આ કેન્દ્રનું નિર્માણ ભુજ ખાતે કરવામાં આવ્યું છે. જે સામાન્ય લોકો અને સાયન્સ વચ્ચે સેતુરૂપ ભુમિકા ભજવશે.
- કચ્છનાં બાળકોની આગામી પેઢી માટે પ્રોત્સાહન મળી રહેશે અને વિજ્ઞાન આધારિત પ્રવાસન માટે આકર્ષણનું કેન્દ્ર બનશે.

(4) ડૉ. બાબાસાહેબ આંબેડકર સંમેલન કેન્દ્ર :–

- કચ્છના ગાંધીધામ ખાતે રૂા.39 કરોડના ખર્ચે સામાજિક, શૈક્ષણિક, વ્યવસાયિક કાર્યક્રમોના આયોજન માટે એ.સી. સભાખંડ, VIP રેસ્ટરૂમ, રેસ્ટોરન્ટ અને કેફેટેરિયા જેવી સુવિધાઓ ઉપલબ્ધ બનશે.
- આ સિવાય પ્રધાનમંત્રીએ સરદાર સરોવર પરિયોજના સાથે સંકળાયેલી કચ્છ બ્રાન્ચ કેનાલનું પણ ઉદઘાટન કર્યું હતુ, તેમજ સરહદ ડેરીના નવા ઓટોમેટીક મિલ્ક પ્રોસેસિંગ અને પેકિંગ પ્લાન્ટ સહિત અન્ય વિવિધ પરિયોજનાઓ જેમકે નખત્રાણા ખાતે ભુજ– 2 સબસ્ટેશનનું પણ ઉદઘાટન કર્યું હતું.
- પ્રધાનમંત્રીએ ભુજ – ભીમાસર નેશનલ હાઈવે પ્રોજેકટનો પણ શિલાંન્યાસ કર્યો હતો.

## ✷ ગુજરાતમાં 1 સપ્ટેમ્બર થી 30 સપ્ટેમ્બર દરમિયાન 'પોષણ માસ'ની ઉજવણી કરવામાં આવશે.

- પોષણ અભિયાન અંતર્ગત રાજયભરમાં 1 થી 30 સપ્ટેમ્બર દરમિયાન પાંચમાં પોષણ માસની ઉજવણી કરવામાં આવશે.
- આ અભિયાનમાં પોષણની વિવિધ થીમ હેઠળ ગ્રામ્ય સ્તરે સરપંચ અને ગ્રામપંચાયતોને કેન્દ્ર સ્થાને રાખી 'પોષણ પંચાયત' બનાવવા પર ભાર મુકવામાં આવશે.
- આ અભિયાનમાં મહિલા અને સ્વાસ્થ્ય, બાળકો અને શિક્ષણ, જાતિગત સંવેદનશીલતા, જળ સરંક્ષણ અને વ્યવસ્થાપન, આદિજાતિ વિસ્તારમાં મહિલાઓ અને બાળકો માટે પરંપરાગત ખોરાક જેવી વિવિધ થીમ આધારિત પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે.




**પોષણ અભિયાન વિશે....**

- આ અભિયાન બાળકો, ગર્ભવતી મહિલાઓ અને સ્તનપાન કરાવતી માતાઓ માટે પોષણ સંબંધી પરિણામોમાં સુધાર કરવા માટે શરૂ કરવામાં આવ્યું છે.
- જેની શરૂઆત 8 માર્ચ, 2018 ના રોજ પ્રધાનમંત્રીએ રાજસ્થાનના ઝુનઝુન ખાતેથી લોન્ચ કરી હતી.
- POSHAN અભિયાનનું આખું નામ PM'S Overarching Scheme for Holistic Nourishment છે.
- આ અભિયાનની ટેગલાઈન 'સહી – પોષણ – દેશ રોશન' છે.
- નોંધનીય છે કે આ અભિયાન અંતર્ગત ભારતમાં દર વર્ષે સપ્ટેમ્બર મહિનાને પોષણ માસ તરીકે ઉજવવામાં આવે છે.

## ✷ પુનઃપ્રાપ્ય ઊર્જા (રિન્યુએબલ એનર્જી) ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિઓ હાંસલ કરવા બદલ ગુજરાતને 9 એવોર્ડ પ્રાપ્ત થયા.

- કેન્દ્રીય નવીનીકરણ અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલય દ્વારા પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિઓ માટે ગુજરાતને 9 એવોર્ડ પ્રાપ્ત થયાં છે.
- કેરળના કોચીન ખાતે આ એવોર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

❖ **ગુજરાતને મળેલ એવોર્ડની યાદી**

| ક્રમ | કંપની / એજન્સી | કેટેગરી | રેન્ક |
|---|---|---|---|
| 1 | ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી | પુનઃપ્રાપ્ય ઊર્જાની 'સ્થાપિત ક્ષમતા' | દ્વિતીય |
| 2 | ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી | પુનઃપ્રાપ્ય પવન ઊર્જા સ્થાપિત ક્ષમતા | દ્વિતીય |
| 3 | ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી | પુનઃપ્રાપ્ય ઊર્જા જનરેશન | દ્વિતીય |
| 4 | ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી | પુનઃ પ્રાપ્ય ઊર્જા કેપેસીટી એડિસન | દ્વિતીય |
| 5 | ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી | સૌર ઊર્જા ક્ષમતા વધારવા માટે | દ્વિતીય |
| 6 | ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી | પવન ઊર્જા વધારવાની ક્ષમતા માટે | પ્રથમ |
| 7 | મધ્ય ગુજરાત વીજ કંપની લિ. | સૌર ઊર્જા સ્થાપિત ક્ષમતા માટે | દ્વિતીય |
| 8 | મધ્ય ગુજરાત વીજ કંપની લિ. | સૌર ઊર્જા વધારાની ક્ષમતા માટે | દ્વિતીય |
| 9 | ગુજરાત ઊર્જા ટ્રાન્સમિશન કંપની લિ. | સૌથી વધારે ટ્રાન્સમીશન ક્ષમતા અને ટ્રાન્સમીશન લાઈન્સ માટે | દ્વિતીય |

Banking Academy

## રિપોર્ટ અને ઈન્ડેક્સ

### ✸ નીતિ આયોગ દ્વારા Advance Chemistry Cell Battery Reuse & Recycling Market in India-2022 રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો.

➲ તાજેતરમાં નીતિ આયોગ દ્વારા 'એડવાન્સ કેમિસ્ટ્રી સેલ બેટરી રિયુઝ એન્ડ રિસાયકલિંગ માર્કેટ ઈન ઈન્ડિયા' રિપોર્ટ જાહેર કરવામાં આવ્યા છે. જેમા જણાવવામાં આવ્યું છે કે ભારતની બેટરીની માંગ વર્ષ 2030 સુધીમાં નોંધપાત્ર રીતે વધશે.

❖ **રિપોર્ટના મુખ્ય મુદ્દાઓ :**

- આ રિપોર્ટ મુજબ વર્ષ 2030 સુધીમાં ભારતમાં બેટરી સ્ટોરેજની કુલ એકત્રિત ક્ષમતા 600 GWH (Giga watt hours) હશે.
- આ રિપોર્ટ અનુસાર ભારતમાં લિથિયમ – આયન બેટરી (LIBs) ની વર્તમાન વિસ્તરણમાં કન્ઝયુમર ઈલેક્ટ્રોનિકસનું પ્રભુત્વ છે. જેમાં સ્માર્ટફોન, લેપટો, નોટબુકસ અને ટેબલેટનો સમાવેશ થાય છે.
- આ રિપોર્ટ મુજબ વર્ષ 2030 સુધીમાં ભારતમાં ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) અને કન્ઝયુમર ઈલેક્ટ્રોનિકસ બેટરી સ્ટોરેજને અપનાવવા માટેના મુખ્ય સાધનો હશે.
- આ રિપોર્ટ અનુસાર વર્ષ 2030 સુધી લિથિયમ – આયન બેટરીની માંગ ચાર ગણી વધીને 3100 GWN (વાર્ષિક દરે) પહોંચવાની અપેક્ષા છે.

**LITTIUM – Ion Battery વિશે....**


- લિથિયમ આયન બેટરી એ સેલથી બનેલી રિચાર્જેબલ બેટરીનો એક પ્રકાર છે જેમાં લિથિયમ આયનો વિસર્જન દરમિયાન નેગેટીવ ઈલેક્ટ્રોડ માંથી ઈલેક્ટ્રોલાઈટ દ્વારા પોઝિટિવ ઈલેક્ટ્રોડ તરફ જાય છે.
- આ બેટરીમાં ઈલેક્ટ્રોલાઈટનો સમાવેશ થાય છે, જેથી આયનીય હલન ચલન થાય છે અને બે ઈલેક્ટ્રોડ લિથિયમ આયન બેટરી સેલના ઘટકો છે.
- લિથિયમ આયન બેટરી ઊંચી ઊર્જા ઘનતા ધરાવે છે.

**NITI Ayog (National Institution for Transforming India ) વિશે....**

| | | |
|---|---|---|
| **સ્થાપના** | : | 1લી જાન્યુઆરી, 2015 |
| **વડુમથક** | : | નવી દિલ્હી |
| **અધ્યક્ષ** | : | નરેન્દ્ર મોદી (હોદ્દાની રૂએ ભારતના વડાપ્રધાન હોય) |
| **ઉપાધ્યક્ષ** | : | સુમન બેરી |
| **CEO** | : | પરમેશ્વરન અયર |

## આંતરરાષ્ટ્રીય

### ✸ બિન–ચેપી રોગો (Non – Communicable Diseases) ના નિદાન માટે પેન –પ્લસ વ્યૂહરચના (Pen – Plus Strategy)



➲ તાજેતરમાં આફ્રિકાએ ગંભીર બિન – ચેપી રોગો (NCD) ના નિદાન, સારવાર અને સંભાળની એકસેસ વધારવા માટે PEN- PLUS Strategy અપનાવી છે.

➲ આફ્રિકન દેશોના આરોગ્ય પ્રધાનોએ NCDથી થતા અકાળ મૃત્યુ દર (Premature Mortality)ને ઘટાડવા માટે ટોગો દેશની રાજધાની લોમમાં આફ્રિકા માટે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની પ્રાદેશિક સમિતિના 72માં સત્રમાં આ યોજનાને સમર્થન આપ્યું છે.

➲ પેન પ્લસ સ્ટ્રેટજી એ ગંભીર NCD રોગો ધરાવતા દર્દીઓને સારવાર અને સંભાળમાં એકસેસ ગેપને દૂર કરશે.

❖ **ભારતમાં બિન–ચેપી રોગોની સ્થિતિ :**

- WHO રિપોર્ટ 2015 અનુસાર ભારતમાં દર વર્ષે લગભગ 5.8 મિલિયન લોકો NCD રોગોથી મૃત્યુ પામે છે અથવા બીજા શબ્દોમાં કહીએ તો 4 માંથી 1 ભારતીયને 70 વર્ષ સુધી પહોંચતા પહેલા NCD થી મૃત્યુ થવાનું જોખમ હોય છે.
- વર્ષ 2025 સુધીમાં NCD થી થતા વૈશ્વિક સ્તરે અકાળ મૃત્યુની(Premature Mortality) સંખ્યામાં 25% ઘટાડો કરવાના લક્ષ્યાંક સાથે રાષ્ટ્રીય કાર્ય યોજના (National Action Plan)અપનાવનાર ભારત પ્રથમ દેશ બનશે.

**Non – Communicable Diseases વિશે....**

- NCD એ તબીબી પરિસ્થિતિ અથવા રોગો છે, જે ચેપી રોગ તરીકે ફેલાતો નથી.
- NCD લાંબાગાળાના ગંભીર રોગો છે જેનો ફેલાવો સામાન્ય રીતે ધીમે થાય છે, જે આનુવંશિક, શારીરિક, પર્યાવરણીય અને વર્તણૂકીય પરિબળોના સંયોજનનું પરિણામ છે.
- NCD એ ગંભીર પરિસ્થિતિઓ છે જો તેનુ નિદાન અથવા સારવાર કરવામાં ન આવે તો બાળકો, કિશોરો અને યુવાન વયસ્કોમાં ગંભીર અંપગતા અને મૃત્યુનું કારણ બની શકે છે.
- NCD માં હૃદયરોગ, કેન્સર, ડાયાબિટિસ, અસ્થમાં વગેરેનો સમાવેશ થાય છે.

# SBI RECRUITMENT - 2022

Any Graduate \ Masters Students can Apply

ADMISSION OPEN

# SBI CLERK
## (Junior Associates)

Total Vacancies 5486 +

GOVT JOBS

: Exam Pattern :

**Part - 1 Preliminary Exam** — Time : 1 hr

| Subject | Ques. | Marks | Time |
|---|---|---|---|
| Numerical Ability (Maths) | 35 | 35 | 20 mins |
| Reasoning Ability | 35 | 35 | 20 mins |
| English Language | 30 | 30 | 20 mins |
| Total | 100 | 100 | 60 mins |

**Part - 2 Mains Exam** — Time : 2 hrs 40 mins

| Subject | Ques. | Marks | Time |
|---|---|---|---|
| Quantitative Aptitude | 50 | 50 | 45 mins |
| Reasoning Ability & Computer Aptitude | 50 | 60 | 45 mins |
| General English | 40 | 40 | 35 mins |
| General / Financial Awareness | 50 | 50 | 35 mins |
| Total | 190 | 200 | 160 mins |

## : Exam Schedule :

Prelims Exam : Nov. - 2022*

Mains Exam : Jan - 2023*

## New Class

Starts from

Every Monday

Salary

₹ 31,000 Per month

: Online Form :

7th Sept. to 27th Sept. - 2022

: Age Limit :

*20 to 28 years (As on 01-08-2022)*

*(SC / ST : +5 yrs; OBC : +3 yrs)*

For Latest Vacancies & Updates Kindly visit @ www.bankingacademy.co.in

(Creating A Way For Govt. Jobs)

Banking Academy

(Preparation for All Types of Competitive Exams)

Surat (Head Office) Ph. : 96629 00564

Surat (Varachha) Ph. : 70464 16555

Navsari Ph. : 70466 41555

Vyara Ph. : 90998 64658

## અર્થવ્યવસ્થા

### ✷ મલ્ટી મોડલ લોજિસ્ટિક પાર્કના ઝડપી વિકાસ માટે સમજૂતી કરાર

- તાજેતરમાં ભારત સરકાર દ્વારા ભારતમાલા પરિયોજના (Bharatmala Project) હેઠળ આધુનિક મલ્ટી મોડલ લોજિસ્ટિક્સ પાર્ક (Multi Modal logistics Park – MMLP) ના ઝડપી વિકાસ માટે ત્રિપક્ષીય કરાર (Tripartite Agreement) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.



- આ કરારનો ઉદ્દેશ આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર લોજિસ્ટિક્સ ખર્ચને GDP ના 14% થી ઘટાડીને 10% સુધી કરવાનો છે.
- આ ત્રિપક્ષીય કરાર નેશનલ હાઈવે લોજિસ્ટિક્સ મેનેજમેન્ટ લિમિટેડ (WHLML), ઈન્લેન્ડ વોટરવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IWAI) અને રેલ વિકાસ નિગમ લિમિટેડ (RVNL) વચ્ચે કરવામાં આવ્યો છે.
- National Highway logistics Management limited એ રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયન હેઠળ નેશન હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (National Highway Authority of India) નું સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (SPV) છે.
- Inland Water ways Authority of India એ બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય હેઠળની વૈદ્યાનિક સંસ્થા છે.
- Rail Vikash Nigam Limited એ રેલવે મંત્રાલય હેઠળની સંપૂર્ણ માલિકીની જાહેર ક્ષેત્રની એન્ટરપ્રાઈઝ છે.

❖ **Multimodel Logistics Park વિશે :**

- મલ્ટી મોડલ લોજિસ્ટિક પાર્ક (MMLP) વિવિધ પ્રકારની કોમોડિટિઝ માટે મોટા અત્યાધુનિક વેર હાઉસિંગ સુવિધા વિકસાવવા માટે તૈયાર કરવામાં આવ્યો છે.
- MMLP એ લોજિસ્ટિક પાર્કનું શુદ્ધ સ્વરૂપ છે, જ્યાં રેલ અથવા રોડ આધારિત પરિવહન ઉપરાંત વિવિધ મૂલ્ય વર્ધિત (Value – Added) સેવાઓ આપવામાં આવે છે
- MMLP એ રેલવે અને રોડ દ્વારા એક્સેસ સાથે માલવાહક પરિવહન સુવિધા છે. જેમાં કન્ટેનર ટર્મિનલ, કાર્ગો ટર્મિનલ, વેર હાઉસ, કોલ્ડ સ્ટોરેજ, મિકેનાઈઝડ મટીરિયલ હેન્ડલિંગ માટેની સુવિધાઓ અને બોન્ડેડ સ્ટોરેજ યાર્ડ્સનો સમાવેશ થાય છે.
- ભારતનો પ્રથમ MMLP પાર્કનો આસામના જોગીઘોપા ગામ ખાતે વર્ષ 2020 માં શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.


**Bharat Mala Project (ભારતમાલા પરિયોજના) વિશે....**

**શરૂઆત** : 31, જુલાઈ 2015 (Umbrella Scheme)
**મંત્રાલય** : માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય
**તબક્કો** : 2
**ભંડોળ** : કેન્દ્ર સરકાર દ્વારા પૂરું પાડવામાં આવે છે.

- આ પ્રોજેક્ટ નેશનલ હાઈવે ડેવલપમેન્ટ પ્રોજેક્ટ (NHDP) પછી ભારતમાં બીજા ક્રમનો સૌથી મોટો હાઈવે બાધંકામ પ્રોજેક્ટ છે.
- આ પ્રોજેક્ટ પ્રથમ તબક્કા હેઠળ 8 વર્ષ (2017 થી 2022) સુધીમાં 34,800 KM નેશનલ હાઈવે બનાવવાનો છે.
- આ યોજનાનો બીજા તબક્કો વર્ષ 2024 સુધીમાં સમ્રગ ભારતમાં 48,000 KM રોડ નેટવર્ક બનાવવાનો લક્ષ્ય છે.

## યોજના, પોર્ટલ, એપ્લિકેશન

### ✷ કેન્દ્રીય મંત્રીમંડળે હોસ્પિટાલિટી સંબંધીત ક્ષેત્રોને મદદ કરવા માટે ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરંટી સ્કીમ (ECLGS) ના ફંડમાં વધારાને મંજૂરી આપવામાં આવી.




- તાજેતરમાં વડા પ્રધાનની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમડળે ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરંટી સ્કીમ (ECLGS) ની મર્યાદા 4.5 લાખ કરોડની હતી જેમાં રૂા. 50,000 કરોડનો વધારો કરી રૂા. 5 લાખ કરોડ કરવામાં આવી છે, જેથી હોસ્પિટાલિટી અને તેના સંબંધિત ક્ષેત્રોને પ્રોત્સાહન મળશે.
- Emergency Credit Line Gurantee Scheme એ સતત ચાલતી યોજના છે આ સ્કીમમાં વધારવામાં આવેલ રકમ 31 માર્ચ 2023 સુધી હોસ્પિટાલિટી અને સંબંધિત ક્ષેત્રોના સાહસો (ઉદ્યોગો) માટે ઉપયોગ કરવામાં આવશે.
- આ યોજના હેઠળ સરકાર દ્વારા હોસ્પિટાલિટી અને તેના સંબંધિત ક્ષેત્રોમાં કોવિડ–19 મહામારીને કારણે થયેલા વિક્ષેપોને ધ્યાનમાં રાખીને આ ક્ષેત્રો માટે રૂા.50,000 કરોડની રકમ નિર્ધારિત કરવામાં આવી છે.

❖ **Emergency Credit Line Gurantee Scheme વિશે...**

- આ યોજના કોવિડ–19 મહામારી સામે લડવા માટે કેન્દ્ર સરકારના આત્મનિર્ભર ભારત પેકેજના ભાગરૂપે વર્ષ 2020માં શરૂ કરવામાં આવી હતી.
- રાષ્ટ્રવ્યાપી લોકડાઉનના કારણે નાના વ્યવસાયોને તેમની કાર્યકારી જવાબદારીઓને પહોંચી વળવા માટે પ્રોત્સાહન આપવાનો છે.
- આ યોજના હેઠળ નેશનલ ક્રેડિટ ગેરંટી ટ્રસ્ટી કંપની (NCGTC) દ્વારા સભ્ય ધિરાણ સંસ્થાઓ (MLIS) જેમ કે બેંકો, નાણાકીય સંસ્થાઓ અને નોન–બેંકિંગ નાણાકીય કંપનીઓ (NBFCS) ને 100% ગેરન્ટી આપવામાં આવે છે.

### ✷ ઉડાન (UDAN – Ude Desh Ka Aam Nagrik) સ્કીમના 5 વર્ષ પૂર્ણ.

- તાજેતરમાં નાગરિક ઉડ્ડયન મંત્રાલયના મુખ્ય કાર્યક્રમ રિજયોનલ કનેક્ટિવિટી સ્કીમ UDAN (ude desh ka aam nagrik) ના 5 વર્ષ પૂર્ણ થયા છે, આ યોજનાની પ્રથમ ફ્લાઈટની શરૂઆત 27 એપ્રિલ 2017 ના ભારતના વડા પ્રધાન દ્વારા કરવામાં આવી હતી.
- આ યોજના હેઠળ કાર્યરત એરપોર્ટની સંખ્યા વધીને 141 થઈ ગઈ છે, જે વર્ષ 2014 માં 74 હતી.
- આ યોજના હેઠળ 58 એરપોર્ટ, 8 હેલીપોર્ટ અને 2 વૉટર એરોડ્રોમ જેવા 68 અપર્યાપ્ત સુવિધા વાળા સ્થળોને જોડવામાં આવ્યા છે.
- આ યોજના અંતર્ગત 425 નવા રૂટની રજુઆત સાથે દેશભરના 29 થી વધુ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશો એર કનેક્ટિવિટી મળી છે.
- આ યોજના અંતર્ગત અત્યાર સુધી 1 કરોડથી વધુ મુસાફરોએ લાભ લીધો છે.
- UDAN યોજના અંર્તગત 220 સ્થળો (એરપોર્ટ, હેલીપોટ અને વોટર એરોડ્રોમ) ને વર્ષ 2026 સુધીમાં 1000 રૂટ સાથે જોડવાનો લક્ષ્યાંક છે, જેથી સમ્રગ દેશના બિનજોડાણવાળા ગંતવ્યોને એર કનેક્ટિવિટી પૂરી પાડી શકાશે.
- આ યોજના અંતર્ગત નવા એરપોર્ટની સંખ્યા વર્ષ 2026 સુધીમાં 100 સુધી પહોંચાડવાનું લક્ષ્ય છે.

❖ **વિશેષ :**

- લાઈફ લાઈન ઉડાન પહેલ માર્ચ 2020 માં કોવિડ – 19 ના સમયગાળા દરમિયાન શરૂ કરવામાં આવી હતી, જેથી દેશના વિવિધ ભાગોમાં લગભગ 1000 ટન ભારે સામાન અને આવશ્યક તબીબી સેવાઓના પરિવહન માટે 588 ઉડાનોને સંચાલન માટે મદદ મળી હતી.

**UDAN SCHEME વિશે....**

**શરૂઆત** : 2016 (રિજયોનલ કનેક્ટિવિટી સ્કીમ તરીકે શરૂઆત)
**મંત્રાલય** : નાગરિક ઉડ્ડયન મંત્રાલય (મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા)
**આધાર** : રાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન નીતિ (NCAP)- 2016 ની સમીક્ષાના આધારે ઘડવામાં આવ્યો છે.
**સમયગાળો:** 10 વર્ષના સમયગાળા માટે અમલમાં રાખવાની યોજના હતી.

## ✷ ગોવા અને કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પ્રથમ 'હર ઘર જલ' પ્રમાણિત પ્રદેશો બન્યા.

- તાજેતરમાં ગોવાના તમામ ગામોના લોકોએ ગ્રામ સભા દ્વારા પસાર કરાયેલ ઠરાવ દ્વારા તેમના ગામને 'હર ઘર જલ' તરીકે જાહેર કર્યું છે, જે દર્શાવે છે કે ગામડાના તમામ ઘરોમાં 100% ફંકશનલ હાઉસહોલ્ડ ટેપ કનેકશન ($FHTC_S$) દ્વારા પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ છે.
- હર ઘર જલ એ જલ જીવન મિશન અંતર્ગત એક કાર્યક્રમ છે.
- ગોવાના તમામ (2.63 લાખ) ગ્રામીણ પરિવારો અને દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના 85,156 ઘરોમાં નળ કનેકશન દ્વારા પીવાલાયક પાણીની સુવિધા ધરાવે છે.
- ગોવાના તમામ 378 ગામો અને દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના 96 ગામોમાં વિલેજ વોર્ટર એન્ડ સેનિટેશન કમિટિ (VWSC) અથવા પાણી સમિતિઓની હોય છે, જે 'હર ઘર જલ' કાર્યક્રમ હેઠળ વિકસિત પાણી પુરવઠાના માળખાના સંચાલન, જાળવણી અને સમારકામ માટે જવાબદાર હોય છે.
- ગ્રામ પંચાયતની પેટા સમિતિ (VWSC) પાસે ગ્રાહક ચાર્જ વૂલવાની જવાબદારી હોય છે, આ રકમનો ઉપયોગ 44 ઓપરેટરોનો પગાર ચૂકવવા અને સમયાંતરે નજીવી સમારકામ માટે કરવામાં આવશે.
- પાણીની ગુણવતા એ પણ 'હર ઘર જલ' કાર્યક્રમનું એક મહત્વનું પાસુ છે અને દરેક ગામની ઓછામાં ઓછી 5 મહિલાઓને પાણીની તપાસ કરવા માટે તાલીમ આપવામાં આવે છે વર્તમાનમાં 10 લાખ થી વધુ મહિલાઓને ગ્રામીણ પરિવારો માટે પાણીની ગુણવતા ચકાસવા માટે ફિલ્ડ ટેસ્ટ કિટ્સ ($FTK_S$) નો ઉપયોગ કરવાની તાલીમ આપવામાં આવી છે, આ મહિલાઓ દ્વારા ફિલ્ડ ટેસ્ટ કિટ્સનો ઉપયોગ કરીને 57 લાખથી વધુ પાણીના નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું છે.

### Jal Jeevan Mission વિશે....

**શરૂઆત** : 15 ઓગષ્ટ 2019 (કેન્દ્ર સરકારની પહેલ)
**મંત્રાલય** : કેન્દ્રીય જલ શકિત મંત્રાલય (ગજેન્દ્ર સિહ શેખાવત)

- આ મિશન હેઠળ વર્ષ 2024 સુધીમાં ફંકશનલ હાઉસહોલ્ડ ટેપ કનેકશનસ (FHTC) દ્વારા દરેક ગ્રામીણ પરિવારને પ્રતિ વ્યકિતદીઠ 55 લીટર પાણીની સપ્લાય પૂરો પાડવાનો છે.
- આ મિશન અંતર્ગત કેન્દ્ર અને રાજયો વચ્ચે ફંડ શૈરિંગ પેર્ટન હિમાલય અને ઉતરપૂર્વીય રાજયો માટે 90:10 , અન્ય રાજયો માટે 50:50 અને કેન્દ્રશાસિત માટે 100% છે.






બેન્કિંગ એકેડમી
ગુજરાતમાં સૌથી પ્રતિષ્ઠિત સંસ્થા
સુરત
અંદાજિત કુલ જગ્યાઓ
20000+
GPSC
ગુજરાત સરકારની
વર્ગ-3 ની
વિવિધ ભરતીઓ
GPSC Class-III
ASI/PSI
કોન્સ્ટેબલ
તલાટી કમ મંત્રી
બિન સચિવાલય
TET - I/II - TAT
ADMISSION OPEN
તૈયારી માટેના
નવા વર્ગો દર સોમવારથી શરૂ
GOVT. JOBS
નવા વર્ગોની માહિતી માટે સંસ્થાની રૂબરૂ મુલાકાત લો.
સુરત (ઉધના) Ph. : 70461 40555
સુરત (વરાછા) Ph. : 70464 16555
નવસારી Ph. : 70466 41555
વ્યારા Ph. : 90998 64658

**✸ નેશનલ ફિશરીઝ ડેવલપમેન્ટ બોર્ડ (NFBD) ની 9 મી જનરલ મીટિંગ દરમિયાન 'Matsya Setu' એપમાં ઓનલાઈન માર્કેટપ્લેસ ફીચર'Aqua Bazar' લોન્ચ કરાયું.**




- તાજેતરમાં કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી પરષોત્તમ રૂપાલાએ National fisheries Devlopment board ની 9 મી જનરલ મીટિંગ દરમિયાન 'Matsya Setu' મોબાઈલ એપમાં ઓનલાઈન માર્કેટ પ્લેસ ફીચર 'Aqua Bazar' લોન્ચ કર્યુ.
- આ એપ્લિકેશનને Central Institute of fresh water Aquaculture (CIFA) , ભુવનેશ્વર દ્વારા વિકસાવવામાં આવ્યું છે. જે ICAR હેઠળની એક એજન્સી છે.
- આ એપ્લિકેશનને પ્રધાનમંત્રી મત્સય સંપદા યોજના (Pradhan Mantri Sampada Yojna) ના માધ્યમથી રાષ્ટ્રીય મત્સય વિકાસ બોર્ડ (NFBD), હૈદરાબાદ દ્વારા નાણાકીય સહાય આપવામાં આવી છે.
- આ એપ્લિકેશનમાં એકવા બજાર ફીચરથી મત્સ્ય પાલન સાથે સંકળાયેલા ખેડૂતો માટે મત્સ્ય સવર્ધન (Fish Culture), માછલીના બીજ, ભોજન, દવાઓ જેવી આવશ્યક સેવાઓ મેળવવામાં મદદ કરશે.

### National Fisheeies Development Board વિશે....

**સ્થાપના** : વર્ષ 2006
**હેતુ** : સમગ્ર દેશમાં મત્સ્ય ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા તથા સંકલન કરવું
**મંત્રાલય** : કેન્દ્રીય મત્સ્યોઉદ્યોગો, પશુપાલન અને ડેરી મંત્રાલય
**સંસ્થાનો પ્રકાર** : સ્વાયત્ત સંસ્થા (Autonomus Body)
**મુખ્ય મથક** : હૈદરાબાદ (તેલંગાણા)

### Matsya Setu એપ વિશે....

**શરૂઆત** : જુલાઈ 2021
**મંત્રાલય** : કેન્દ્રીય મત્સ્ય ઉદ્યોગો, પશુપાલન અને ડેરી મંત્રાલય (પરષોત્તમ રૂપાલા)
**હેતુ** : તાજા પાણીની એકવાકલ્ચર ટેકનોલોજીનો પ્રચાર કરવાનો છે.

## ✸ ગ્રામીણી ઉદ્યમી પ્રોજેકટના બીજા તબક્કાની શરૂઆત

- ➲ તાજેતરમાં કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રાલય (Ministry Of Skill Development & Entrepreneurship –MOSDE) હેઠળ રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ નિગમ (National Skill Development Corporation) એ સેવા ભારતી અને યુવા વિકાસ સોસાયટીની ભાગીદારીમાં આદિવાસી સમુદાયોમાં ટકાઉ વિકાસ માટે કૌશલ્ય પ્રશિક્ષણને વધારવા ગ્રામીણ ઉદ્યોગ સાહસિક પ્રોજેકટના બીજા તબ્બકાની શરૂઆત કરવામાં આવી છે.
- ➲ આ તબક્કો ભારતના યુવાનોને મલ્ટિ સ્કિલ બનાવવાનો અને તેમની આજીવિકાને સક્ષમ બનાવવા માટે તેમને કાર્યોત્મક કૌશલ્યો પ્રદાન કરવાનો છે.
- ➲ આ કાર્યક્રમની શરૂઆત કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રી અર્જુન મુંડાએ રાંચી(ઝારખંડ)માં આદિવાસી વિસ્તારોમાં મલ્ટિસ્કિલ યુવાનો માટે કરી છે

### ❖ ગ્રામીણ ઉદ્યમી પ્રોજેકટ ફેઝ–2 વિશે :

- ✍ ગ્રામીણ ઉદ્યામી એ નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSDC) હેઠળ એક અનન્ય (Unique) પ્રોજેકટ છે જેને NSDC દ્વારા ભંડોળ પુરુ પાડવામાં આવે છે.
- ✍ આ પ્રોજેકટનો ઉદ્દેશ મધ્ય પ્રદેશ અને ઝારખંડના આદિવાસી વિદ્યાર્થીઓને તાલીમ આપવાનો છે.
- ✍ આ પ્રોજેકટ મહારાષ્ટ્ર , ગુજરાત, રાજસ્થાન, છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને ઝારખંડ એમ 6 રાજયોમાં અમલમાં છે.
- ✍ આ પ્રોજેકટ આદિવાસી વસતીને આર્થિક સશકિતકરણ પ્રદાન કરશે.

### ❖ વિશેષ ...

- ✍ સાંસદ પરિષદ યોજના હેઠળ ગ્રામીણ ઉદ્યોગ સાહસિક (ઉદ્યમી) યોજના અમલમાં મૂકવામાં આવી છે.
- ✍ આ અગાઉ આદિવાસી સમુદાયોના ઉન્નતિ અંગે ચર્ચા કરવા માટે માનનીય સાંસદ સભ્યો (Member of Parriament)ની 2 દિવસીય પરિષદ જાન્યુઆરી, 2020 માં મુંબઈ ખાતે યોજાઈ હતી.

**ગ્રામીણ ઉદ્યમી પ્રોજેકટ ફેઝ–1 વિશે....**

- ✍ ગ્રામીણ ઉદ્યામી પ્રોજેકટનો તબક્કા (PHASE – 1) માં મહારાષ્ટ્ર, રાજસ્થાન, છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને ગુજરાતના ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાંથી ઉમેદવારોએ ભાગ લીધો હતો.
- ✍ આ તબક્કામાં ઉમેદવારોના માટે પરિવહન, રહેવા અને ભોજનની સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી.

## ✸ ભારતમાં 1 લાખથી વધુ ગામોને ODF (Open defection free) પ્લસ દરજ્જો મળ્યો.




- ➲ તાજેતરમાં ભારત સરકારના મુખ્ય કાર્યક્રમ સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ (SBM – G) અંતર્ગત 1 લાખથી વધુ ગામોને ખુલ્લામાં શૌચ મુકત (ODF) પ્લસ તરીકે જાહેર કરવામાં આવ્યો છે.
- ➲ આ ગામો ઘન અને પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન કરવા માટે તેમની ODF સ્થિતિ અને પ્રણાલીઓ જાળવી રહયા છે.
- ➲ સ્વચ્છ ભારતમિશન – ગ્રામીણ અંતર્ગત ODF પ્લસના એસ્પિરેશન કેટેગરીમાં 54734 ગામો, રાઈઝિંગ કેટેગરીમાં 17121 એ ODF પ્લસ મોડલ કેટેગરીમાં 29607 ગામો છે.
- ➲ દેશભરના 99640 ગામડાઓમા ઘન કચરા વ્યવસ્થાપન (SWM) ની વ્યવસ્થા છે જેમાંથી 78937 ગામોમાં પ્રવાહી કચરા વ્યવસ્થાપન (LWM) છે અને તેમાથી લગભગ 57312 ગામોમાં કાર્યરત ઘન અને પ્રવાહી કચરા વ્યવસ્થાપન પ્લાન્ટ છે.
- ➲ સ્વચ્છ ભારત મિશન – ગ્રામીણ અંતર્ગત તેલગાણા, તમિલનાડુ, ઓડિશા, ઉત્તરપ્રદેશ અને હિમાચલ પ્રદેશમાં મહત્તમ ગામોને ODF પ્લસ તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

### ❖ વિશેષ ...

- ✍ ODF – જો દિવસના કોઈપણ સમયે એક પણ વ્યકિત કોઈ પણ વિસ્તારમાં ખુલ્લામાં શૌચ કરતા જોવા ન મળે તો તે વિસ્તારને ODF તરીકે જાહેર કરવામાં આવે છે.
- ✍ ODF+ – જો દિવસના કોઈપણ સમયે એક પણ વ્યકિત કોઈ પણ વિસ્તારમાં ખુલ્લામાં શૌચ કરતા જોવા ન મળે અને તમામ સમુદાય અને જાહેર શૌચાલય કાર્યરત છે તથા સારી રીતે જાળવવામાં આવે છે ત્યારે તે વિસ્તારને ODF + તરકી જાહેર કરવામાં આવે છે.

**સ્વચ્છ ભારતમિશન – ગ્રામિણ વિશે....**

| | | |
|---|---|---|
| **શરૂઆત** | : | વર્ષ 2014 (જનઆંદોલન તરીકે શરૂઆત કરવામાં આવ્યું છે.) |
| **મંત્રાલય** | : | જલ શકિત મંત્રાલય |
| **હેતુ** | : | યુનિવર્સલ સેનિટેશન કવરેજ હાસંલ કરવાના પ્રયાસોને વેગ આપવા અને સ્વચ્છતા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો હેતુ છે. |

- ✍ ODF++ – જો કોઈ વિસ્તાર પહેલેથી જ ODF+ તરીકે જાહેર છે અને તે વિસ્તારમાં સેપ્ટેજ તથા ગટરનું સુરક્ષિત રીતે સંચાલન અને સાફ સફાઈ કરવામાં આવે છે તે વિસ્તારને ODF++ તરીકે જાહેર કરવામાં આવે છે.

## ✷ ભારત અને બાંગ્લાદેશ વચ્ચે કુશિયારા નદીના જળની વહેંચણી માટે સમજૂતી કરાર (MOU)




- તાજેતરમાં ભારત એ બાંગ્લાદેશ વચ્ચે કુશિયારા નદીના જળની વહેંચણી માટે સમજૂતી કરાર ને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે.
- આ સમજૂતી કરારને 12 વર્ષના અંતરાલ પછી ભારત અને બાંગ્લાદેશના મંત્રી સ્તરીય સંયુકત નદી આયોગ (Joint river Commission) ની 38 મી બેઠક દરમિયાન અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે.
- ભારત અને બાંગ્લાદેશ એકબીજા સાથે 54 નદીઓ વહેચે છે, જેમાંથી સાત નદીને પ્રાથમિકતાના આધારે જળ વહેંચણી કરારના માળખાને વિકસાવવા માટે અગાઉ ઓળખવામાં આવી હતી.
- કુશિયારા નદી બાંગ્લાદેશ અને આસામમાં વહેતી નદી છે.
- કુશિયારા નદી ભારત અને બાંગ્લાદેશ સરહદ પર બરાક નદીની શાખા તરીકે રચાય છે.

### Joint rivers commission (JRC) વિશે....

**રચના** : વર્ષ 1972 (દ્વિપક્ષીય પદ્ધતિ તરીકે શરૂઆત)
**નેતૃત્વ** : બંને દેશોના જળ સંસાધન મંત્રીઓ કરે છે.
**હેતુ** : બંને દેશો વચ્ચે બોર્ડરની નદીઓ પરના પરસ્પર હિતના મુદ્દાઓને ઉકેલવાનો હેતુ છે.

### Bangladesh વિશે....

**રાજધાની** : ઢાકા
**ચલણ** : બાંગ્લાદેશી ટકા
**સંસદ** : નેશનલ પાર્લામેન્ટ હાઉસ અથવા જાતીય સંસદ ભવન
**સત્તાવાર ભાષા** : બેંગાલી (બાંગ્લા)
**પ્રધાનમંત્રી** : શેખ હસીના (વર્ષ 2009 થી)

## ✷ ભારત સરકારના રસાયણ અને ખાતર મંત્રાલય દ્વારા વન નેશન વન ફર્ટિલાઈઝર યોજના લાગુ કરવાનો નિર્ણય.




- તાજેતરમાં રસાયણ અને ખાતર મંત્રાલય દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે પ્રધાનમંત્રી ભારતીય જન ઉર્વરક પરિયોજના (PMBJP) નામની ખાતર સબસિડી યોજના હેઠળ ખાતર અને લોગો માટે સિંગલ બ્રાન્ડ રજૂ કરીને વન નેશન વન ફર્ટિલાઝર લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જે ઓકટોબર 2022 થી અમલમાં આવશે.
- વન નેશન વન ફર્ટિલાઈઝર યોજના હેઠળ કંપનીઓએ તેમના નામ, બ્રાન્ડ, લોગો અને અન્ય સંબંધિત પ્રોડકટની માહિતી તેમની બેગની માત્ર એક તૃતીયાંશ જગ્યા પર જ પ્રદર્શિત કરવાની છૂટ છે અને બાકીની 2 તૃતીયાંશ જગ્યા પર PMBJP પરિયોજનાનો લોગો બતાવવાનો રહેશે.
- વન નેશન વન ફર્ટિલાઈઝર યોજના હેઠળ ખાતરની સબસિડી સ્કીમને દર્શાવતા લોગો (પ્રધાનમંત્રી જન ઉર્વરક પરિયોજના) નો ઉપયોગ ફકત ખાતરની થેલીઓ પર કરવામાં આવશે.
- આ યોજના જાહેર અને ખાનગી ક્ષેત્રની એમ બંને કંપનીઓને લાગુ પડે છે.

## ✷ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) હેઠળ ટ્રાન્સજેન્ડર વ્યકિતઓને આરોગ્ય સેવાઓ પુરી પાડવા માટે સમજૂતી કરાર (MoU)

- તાજેતરમાં ભારત સરકારના સામાજિક ન્યાય અને સશકિતકરણ વિભાગ અને નેશનલ હેલ્થ ઓથોરિટી (NHA) વચ્ચે આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB-PMJAY) અંર્તગત ટ્રાન્સજેન્ડર વ્યકિતઓને સંપૂર્ણ આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે એક સમજૂતી કરાર (MoU) હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.
- આ કરાર અનુસાર એક નેશનલ પોર્ટલ બનાવવમાં આવશે અને આ પોર્ટલમાં જારી કરવામાં આવેલ પ્રમાણપત્રો ધારક ધરાવતો હશે તો આ સુવિધાનો લાભ મેળવી શકશે.
- આ કરાર અનુસાર આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી આરોગ્ય યોજનાની તમામ લિંસ્ટેડ (સૂચિબદ્ધ) હોસ્પિટલો જ્યા વિશેષ હેલ્થ પેકેજ ઉપલબ્ધ છે ત્યા ટ્રાન્સજેન્ડરોને મફત સારવાર આપવામાં આવશે.

### Ayushman Bharat Pradhan mantri Jan Arogya Yojna વિશે....

**શરૂઆત** : સપ્ટેમ્બર 2018 (સ્વાસ્થ્ય વીમો)
**મંત્રાલય** : આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય
**હેતુ** : 50 કરોડ લાભાર્થીઓને આરોગ્ય સેવા પૂરી પાડવાનો છે.
**ભંડોળ** : કેન્દ્ર અને રાજય સરકાર વચ્ચે 60:40 ના ગુણોત્તરમાં ભંડોળ પુરુ પાડવામાં આવે છે.


- આ કરાર મુજબ ABPMJAY હેઠળ 5 લાખ રૂપિયા સુધીનું હેલ્થ ઈન્સ્યોરન્સ (સ્વાસ્થ્ય વીમો) દરેક પાત્ર ટ્રાન્સજેન્ડર વ્યકિતઓને મળશે.

- આ કરાર અનુસાર ટ્રાન્સજેન્ડર વ્યકિતઓ માટે વિશેષ પેકેજો તૈયાર કરવામાં આવી રહયા છે જેમાં સેક્સ રિએસાઈમેન્ટ સર્જરી અને સારવાર માટે વિશેષ હેલ્થ પેકેજો ઉપ્લબ્ધ કરવામાં આવશે.






## ✷ પ્રધાનમંત્રી જન ધન યોજના (PMJDY) ના 8 વર્ષ પૂર્ણ.




- તાજેતરમાં પ્રધાનમંત્રી જન ધન યોજના (PMJDY) નાણાકીય સમાવેશ માટેના રાષ્ટ્રીય મિશનના અમલીકરણના 8 વર્ષ સફળતા પૂર્વક પૂર્ણ થયા.
- Pradhan mantri Jan Dhan Yojna નો પ્રારંભ થયો ત્યારથી અત્યાર સુધીમાં 46.25 કરોડથી વધારે લાભાર્થીઓને બેંકિંગ સેવાઓ ઉપલબ્ધ થઈ છે અને લોકોએ રૂા. 1,73,954 કરોડ જમાં કરાવ્યા છે.
- આ યોજના અનુસાર પ્રધાનમંત્રી જન ધન યોજનાના ખાતાઓમાં ત્રણ ગણો વધારો થયો છે. આ ખાતાઓની સંખ્યા માર્ચ 2015 માં 14.72 કરોડ હતી, જે વધી ને ઓગસ્ટમાં 46.25 કરોડ થઈ છે.
- આ યોજના અનુસાર 56% જન ધન ખાતા ધારકો મહિલાઓ છે અને 68% જન ધન ખાતા ધારકો ગ્રામીણ તેમજ અર્ધ શહેરી વિસ્તારના છે.
- આ યોજના અંર્તગત 46.25 કરોડ PMJDY ખાતાઓમાંથી 37.57 કરોડ (81%) ખાતાઓ સંચાલિત થઈ રહયા છે.
- આ યોજના હેઠળ PMJDY ખાતા ધારકોને 31.94 કરોડ રૂપે કાર્ડ (Rupay Card) જારી કરવામાં આવ્યા છે.
- આ યોજના મુજબ જુન, 2022 માં લગભગ 5.4 કરોડ PMJDY ખાતાધારકોને વિવિધ યોજનાઓ હેઠળ સરકાર પાસેથી Direct Benefit Transfer (DBI) દ્વારા લાભ મળ્યો છે.

**Pradhanmantri Jandhan Yojna વિશે....**

| | | |
|---|---|---|
| **શરૂઆત** | : | 28 ઓગસ્ટ 2014 (નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવી) |
| **મંત્રાલય** | : | નાણા મંત્રાલય |
| **હેતુ** | : | સંવેદશીલ વર્ગને પરવડે તેવા ખર્ચે નાણાકીય ઉત્પાદનો અને સેવાઓની ઉપલભ્તા સુનિશ્ચિત કરાવવી. |

✎ આ યોજનાની નોંધણી ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં થઈ છે.

## પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી

## ✷ વર્ટિકલ લોન્ચ શોર્ટ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ (VL – SRSAM) નું પરીક્ષણ કરવામાં આવ્યું.




- તાજેતરમાં DRDO (Defence Research & Development organization) અને ભારતીય નૌકાદળે એડિશાના ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ ચાંદીપુરથી VL – SRSAM (Vertical Launch – Short Range Surface – to – Air Missile) નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ.
- ભારતીય નૌકાદળના જહાજમાંથી ઊભી પ્રક્ષેપણ ક્ષમતા (Vertical Launch Capability) દર્શાવવા માટે હાઈ સ્પીડ માનરહિત હવાઈ લક્ષ્ય સામે આ ફલાઈટ પરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું.
- આ પ્રક્ષેપણ દરમિયાન, વિવિધ DRDO પ્રયોગશાળાઓના વરિષ્ઠ વૈજ્ઞાનિકો દ્વારા ફલાઈટ ડેટાનો ઉપયોગ કરીને ફલાઈટ પાથ અને વાહન પ્રદર્શન પરિમાણોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતુ.
- આ પ્રક્ષેપણના સાથે સાથે ITR, ચાંદીપુર (Integrated Test Range, Chandipur)માં આર્મી દ્વારા મુકાયેલા સાધનો જેમ કે ઈલેક્ટ્રો ઓપ્ટિકલ ટ્રેકિંગ સિસ્ટમ (EOTS), રડાર અને ટેલિમેટ્રી સિસ્ટમ જેવા વિવિધ રેન્જ સાધનોનું પણ પરીક્ષણ કરવામાં આવ્યું.
- આ સફળ પરીક્ષણથી શસ્ત્ર પ્રણાલીની અસરકારકતા સાબિત થઈ છે અને આ મિસાઈલ, ભારતીય નૌકાદળને દરિયાઈ સ્કીમિંગ લક્ષ્યો સહિત નજીકના અંતરે વિવિધ હવાજન્ય જોખમોને નિષ્ક્રિય કરવા માટે વધુ મજબૂત બનાવશે.

**VL-SRSAM મિસાઈલ વિશે....**


| | | |
|---|---|---|
| **વજન** | : | 154 કિગ્રા |
| **લંબાઈ** | : | 3.84 મી. |
| **વ્યાસ** | : | 178 મી.મી. |
| **ઓપરેશનલ રેન્જ** | : | 40 km – 50 km |
| **મહત્તમ ઝડપ** | : | 4.5 Mach |

❖ **Vertical Launch Short Range Surface to Air Missile (VL – SRSAM)**

✎ આ મિસાઈલને DRDO દ્વારા સ્વદેશી રીતે વિકસિત અને ડિઝાઈન કરવામાં આવી છે.

✎ ભારતીય નૌકાદળ માટે આ મિસાઈલો વિકસિત કરવામાં આવી છે.

## ✷ ઓસ્ટ્રેલિયા દેશ દ્વારા એકસરસાઈઝ પિચ બ્લેક – 2022 કવાયતનું આયોજન કરવામાં આવ્યું.




- તાજેતરમાં ઓસ્ટ્રેલિયાની "રોયલ ઓસ્ટ્રેલિયન એર ફોર્સ" દ્વારા 19 ઓગસ્ટ થી 08 સપ્ટેમ્બર 2022 ની વચ્ચે ઓસ્ટ્રેલિયાના કોલર્ગ વેલોડ્રોમ ખાતે "એકસરસાઈઝ પિચ બ્લેક" (Exercise Pitch Black) કવાયતનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ એક દ્વિવાર્ષિક અને બહુરાષ્ટ્રીય કવાયત છે.
- એકસરસાઈઝ પિચ બ્લેક કવાયતમાં ઓસ્ટ્રેલિયા સહિત 17 દેશોના 2500 થી વધુ સૈનિકો અને 100 જેટલા એરક્રાફ્ટ ભાગ લેશે.
- આ કવાયત બે ડ્રીલમાં થવાની છે.
  (i) ઓફેન્સિવ કાઉન્ટર એર (OCA)   (ii) ડિફેન્સિવ કાઉન્ટર એર (DCA)

❖ **ભાગ લેનારા અન્ય દેશો**

| | | | |
|---|---|---|---|
| (1) ભારત | (2) જર્મણી | (3) ફ્રાન્સ | (4) સંયુકત અરબ અમીરાત |
| (5) મલેશિયા | (6) અમેરિકા | (7) ન્યુઝીલેન્ડ | (8) ઈન્ડોનેશિયા |
| (9) સિંગાપોર | (10) જાપાન | (11) રિપબ્લીક ઓફ કોરિયા | (12) ઈંગ્લેન્ડ |
| (13) ફિલિપાઈન્સ | (14) થાઈલેન્ડ | (15) કેનેડા | (16) નેધરલેન્ડ |

✍ વર્ષ 2020 માં કોવિડ – 19 રોગચાળાને કારણે રદ કરવામાં આવી હતી.

**Exercise Pitch Black વિશે....**

✍ ઓસ્ટ્રેલિયા દ્વારા આ કવાયતની પ્રથમ આવૃત્તિ 1980 માં હાથ ધરવામાં આવી હતી.
✍ આ કવાયતનું ઉદ્દેશ આંતરરાષ્ટ્રીય સંબંધોને જાળવી રાખવાનો છે.
✍ ભારતે પ્રથમ વખત વર્ષ 2018 માં આ કવાયતમાં ભાગ લીધો હતો જેમા બધા દેશો મળીને 131 એરક્રાફ્ટ અને 4000 સૈનિકો સામેલ હતા.
✍ આ વર્ષની કવાયતમાં ભારત તરફ થી ચાર સુખોઈ – 30MKI ફાઈટર પ્લેન અને બે C – 17 ગ્લોબમાસ્ટર – III એરક્રાફ્ટ સાથે 100 સૈનિકોએ ભાગ લીધો છે.

## ✷ આર્ટિમિસ–III મિશન માટે નાસાની ચંદ્ર લેન્ડિંગ સાઈટ્સ




- તાજેતરમાં અમેરિકા સ્પેસ એજન્સી નાસા (NASA – The National Aeronautics and Space Administration) તેમના અવકાશ યાત્રીઓને ફરીથી ચંદ્ર પર મોકલવાની સંપૂર્ણ તૈયારીમાં છે.
- નાસાએ હાલમાં તેના આર્ટિમિસ – I રોકેટના લોન્ચિંગ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે જે 29 ઓગસ્ટ, 2022 ના રોજ લોન્ચ થવાનું છે.
- આ રોકેટને અંતિમ તૈયારી માટે લોન્ચ પેડ પર ખસેડવામાં આવ્યું છે.
- આ બધી ઘટનાઓ વચ્ચે, નાસાએ હવે આર્ટિમિસ III માટે સંપાદિત લેન્ડિંગ સાઈટ્સની ઓળખ કરી છે, જે ચંદ્રની સપાટી પર ક્રુને લાવવાનું પ્રથમ મિશન હશે, જેમાં ચંદ્ર પર પગ મુકનાર પ્રથમ મહિલાનો સમાવેશ થશે.

❖ **આર્ટેમિસ મિશન વિશે....**

✍ આર્ટિમિસ મિશન અમેરિકા સ્થિત નાસાનું આંતરરાષ્ટ્રીય માનવ અવકાશ ઉડાન કાર્યક્રમ છે.
✍ આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય 2024 સુધીમાં ચંદ્રના દક્ષિણ ધ્રુવ ક્ષેત્રમાં માનવ મિશન શરૂ કરવાનો છે.
✍ આ કાર્યક્રમને ત્રણ ભાગમાં અમલમાં મૂકવામાં આવ્યો છે.
  (i) આર્મેટિસ – I   (ii) આર્મેટિસ – II   (iii) આર્મેટિસ – III

**The National Aeronautics and Space Administration (NASA) વિશે....**

**સ્થાપના** : 29 જુલાઈ 1958
**વડુમથક** : વોશિંગ્ટન ડી.સી.
**ડાયરેકટર** : બીલ નેલ્સન

## ✸ ભારતમાં બનેલી પ્રથમ હાઈડ્રોજન ફ્યુઅલ સેલ બસ લોન્ચ કરવામાં આવી.



- તાજેતરમાં કેન્દ્રીય મંત્રી ડૉ.જીતેન્દ્રસિંહે પૂણેમાં ભારતની પ્રથમ સ્વદેશી રીતે વિકસિત હાઈડ્રોજન ફ્યુઅલ સેલ બસ લોન્ચ કરી.
- આ બસને પૂણેમાં સ્થિત KPIT કોલેજ અને CSIR (Council of Scientific and Industrial Research) દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવી છે.
- ભારતમાં $CO_2$ ઉત્સર્જનના કુલ 12 – 14% $CO_2$ ઉત્સર્જન ડિઝલ સંચાલિત ભારે વાહનોમાંથી આવે છે, આ બાબત ધ્યાને રાખી KPIT – CSIR દ્વારા વિકસાવવામાં આવેલી હાઈડ્રોજન ઈંધણ સેલ વાહનો રસ્તા પરના ઉત્સર્જનને દૂર કરવા માટે ઉત્તમ માધ્યમ સાબિત થશે.

❖ **હાઈડ્રોજન ફ્યુઅલ સેલ (HFC) બસ વિશે :**

(a) આ બસના HFC ટેકનોલોજીમાં, વિદ્યુત ઊર્જા ઉત્પન્ન કરવા માટે હાઈડ્રોજન અને ઓકિસજન વચ્ચે રાસાયણિક પ્રક્રિયા કરવામાં આવે છે. તે પેટ્રોલ અથવા ગેસ જેવા પરંપરાગત અશ્મિભૂત ઈંધણનો ઉપયોગ કરતું નથી.

(b) લાંબા અંતરના રૂટ પર ચાલતી ડિઝલ બસ સામાન્ય રીતે વાર્ષિક 100 ટન $CO_2$ ઉત્સર્જન કરે છે. આ ડિઝલ બસની સરખામણીમાં HFC બસ શૂન્ય ઉત્સર્જન ધરાવે છે.

(c) આ બસની ખાસ વિશેષતા એ છે કે તે વાયુ પ્રદૂષકોની સાથે હાનિકારક ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનમાં ઘટાડો કરે છે. તેથી આ ટેકનોલોજી સંભવતઃ પરિવહનનું સૌથી ઈકો–ફ્રેન્ડલી મોડ છે.

## ✸ જર્મની દેશ દ્વારા હાઈડ્રોજન સંચાલિત પેસેન્જર ટ્રેનો શરૂ કરવામાં આવી.




- તાજેતરમાં જર્મની એ બિન ઈલેક્ટ્રિફાઈડ ટ્રેક પર ચાલતી 15 ડિઝલ ટ્રેનોને બદલવા માટે હાઈડ્રોજન સંચાલિત પેસેન્જર ટ્રેનોનો વિશ્વનો પ્રથમ કાફલો શરૂ કર્યો.
- આ પેસેન્જર ટ્રેનની છત પર હાઈડ્રોજન ટાંકી અને ફ્યુલ સેલ બેસાડવામાં આવ્યા છે. જેની મદદથી ટ્રેનોનું એન્જિન હાઈડ્રોજન ફ્યુલ સેલનો ઉપયોગ કરીને ઉત્પન્ન થતી વીજળી થી ચલાવવામાં આવશે અને વધારાની ઉત્પન્ન થતી ઊર્જા આયન–લિથિયમ બેટરીમાં સંગ્રહિત કરવામાં આવશે.
- હાઈડ્રોજન સંચાલિત આ ટ્રેનોનું નિર્માણ ફ્રાન્સની કંપની Alstom દ્વારા કરવામાં આવ્યું છે, જે ડિઝલ સંચાલિત ટ્રેનો કરતાં મોંઘી છે પરંતુ પર્યાવરણને અનુકૂળ છે.
- આ પ્રકારની ટ્રેનોમાં બેટરી રિચાર્જ કરવાને બદલે, ડિઝલ એન્જિનની જેમ સરળતાથી રિફ્યુઅલ કરી શકાય છે.
- રેલવે સ્ટેશનો પર આ ટ્રેનો માટે રિફ્યુઅલિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવું પણ સરળ છે.
- આ ટ્રેનો ડિઝલ ટ્રેનની શ્રેણીની જેમ હાઈડ્રોજનથી ભરેલી એક ટાંકી દ્વારા લગભગ 1000 કિમી સુધી દોડી શકે છે.

**જર્મની દેશ વિશે....**

| | | |
|---|---|---|
| **રાજધાની** | : | બર્લિન |
| **ચલણ** | : | યુરો |
| **ચાન્સેલર** | : | ઓલાફ સ્કોલ્ઝ |
| **સંસદ** | : | બુન્ડસ્ટેગ |

## ✸ સંરક્ષણ ક્ષેત્રમાં સહયોગ માટે ભારત–તાંઝાનિયા ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવશે.




- તાજેતરમાં તાંઝાનિયા દેશના સંરક્ષણ મંત્રી ડૉ. સ્ટર્ગોમેના લોરેન્સ ભારતના પ્રવાસે આવેલા હતા.
- ભારતના કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને ડૉ. સ્ટર્ગોમેના લોરેન્સ વચ્ચે નવી દિલ્હીમાં "દ્વિપક્ષીય સંરક્ષણ ભાગીદારી" વિશે બેઠક મળી હતી.
- આ બેઠક દરમિયાન, બંને પ્રધાનો બંને દેશો વચ્ચે સંરક્ષણ સહયોગ વધારવા માટે પાંચ વર્ષનો રોડમેપ તૈયાર કરવા અને તાંઝાનિયામાં વહેલી તકે આગામી સંયુક્ત સંરક્ષણ સહકાર બેઠક યોજવા માટે ટાસ્ક ફોર્સની રચના કરવા સંમત થયા હતા.

**તાંઝાનિયા વિશે....**

| | | |
|---|---|---|
| **રાજધાની** | : | ડોડોમા |
| **ચલણ** | : | તાંઝાનિયન શિલિંગ |
| **રાષ્ટ્રપતિ** | : | સાનિયા સુલૂહુ હસન |

- રાજનાથ સિંહે તાંઝાનિયાના સંરક્ષણ મંત્રી ડૉ. સ્ટર્ગોમેના લોરેન્સને 18 થી 22 ઓકટોબર 2022 દરમિયાન ગુજરાતના ગાંધીનગરમાં યોજાનાર ભારત–આફ્રિકા સંરક્ષણ સંવાદ અને ડિફેન્સએક્સ્પો માટે પણ આમંત્રણ આપ્યું છે.

## ✷ ગંગા નદીના ટકાઉ વિકાસ (Sustainable Development) માટે 'અર્થ ગંગા' (Arth Ganga) પહેલ શરૂ કરવામાં આવી.




➲ તાજેતરમાં જલ શકિત મંત્રાલયે ગંગા નદીના કિનારે આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપવાના ઉદ્દેશ્ય સાથે નમામિ ગંગે કાર્યક્રમ હેઠળ 'અર્થ ગંગા' નામની નવી પહેલનું અનાવરણ કર્યું હતું.

❖ **અર્થ ગંગા પહેલ હેઠળ સરકાર અલગ–અલગ છ સ્તરે કામ કરી રહી છે :**

**(1) ઝીરો બજેટ નેચરલ ફાર્મિંગ :**
આ અર્થગંગા પહેલનું પ્રથમ સ્તર છે જેમાં નદીના બંને કિનારે 10 કિમી સુધી રાસાયણિક મુકત ખેતી અને ગોવર્ધન યોજના દ્વારા ખાતર તરીકે ગાયના છાણને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે.




**(2) કાદવ કચરાના પાણીનો પુનઃ ઉપયોગ :**
આ સ્તરમાં ઉદ્યોગો અને શહેરી સ્થાનિક સંસ્થાઓ માટે આવક નિર્માણ માટે ટ્રીટેડ પાણીનો (કાદવ કચરાવાળુ પાણી) પુનઃ ઉપયોગ કરવાનો પ્રયાસ છે.

**(3) આજીવિકા પેદા કરવાની તકો :**
અર્થ ગંગા પહેલમાં હાટ બજાર બનાવીને આજીવિકા પેદા કરવાની તકો પણ સામેલ કરવામાં આવશે જ્યાં લોકો સ્થાનિક ઉત્પાદનો, ઔષધીય છોડ અને આયુર્વેદનું વેચાણ કરી શકશે.

**(4) લોકભાગીદારી વધારવી :**
આ સ્તરમાં ગંગાનદી સાથે સંકળાયેલા રાજ્યો વચ્ચે સંકલન વધારીને લોકભાગીદારી વધારવાની છે.

**(5) સાંસ્કૃતિક વારસાને પ્રોત્સાહન આપવું :**
અર્થ ગંગા પહેલના આ સ્તરમાં બોટ ટુર એડવેન્ચર સ્પોર્ટ્સ (Boat tour Adventure Sports) અને યોગ પ્રવૃત્તિઓ દ્વારા ગંગામાં અને તેની આસપાસના સાંસ્કૃતિક વારસા અને પર્યટનને પ્રોત્સાહન આપવાની છે.

**(6) વહીવટી તંત્રને સશકિતકરણ કરવું :**
સારા જળ પ્રશાસન માટે સ્થાનિક વહીવટીતંત્રને સશકિતકરણ કરીને સંસ્થાકીય નિર્માણને પ્રોત્સાહન આપવાનું છે.

**નમામિ ગંગે કાર્યક્રમ વિશે....**

- નમામી ગંગે કાર્યક્રમ એ એક સંકલિત જળ સંરક્ષણ મિશન છે, જે રાષ્ટ્રીય ગંગા નદીના પ્રદૂષણને અસરકારક રીતે ઘટાડવા, સંરક્ષણ અને પુનઃજીવિત કરવાનો ઉદ્દેશ્યોને સિદ્ધ કરવા માટે જૂન, 2014માં કેન્દ્રસરકાર દ્વારા 'ફ્લેગશિપ પ્રોગ્રામ' તરીકે મંજૂર કરવામાં આવ્યું હતું.
- આ કાર્યક્રમ નેશનલ મિશન ફોર કલીન ગંગા (NMCG) અને તેના રાજ્ય સમકક્ષ સંગઠનો એટલે કે સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ ગ્રુપ્સ દ્વારા અમલમાં મૂકવામાં આવી રહ્યો છે.
- આ કાર્યક્રમના મુખ્ય આધાર સ્તંભો :

| | |
|---|---|
| – સુએઝ ટ્રીટમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર | – રિવર ફ્રન્ટ ડેવલપમેન્ટ |
| – નદી સપાટીની સફાઈ | – જૈવ વિવિધતા |
| – વનીકરણ | – જનજાગૃતિ |

## ✷ લદ્દાખમાં વિશ્વનો સૌથી ઊંચો જીઓથર્મલ એનર્જી પ્લાન્ટ સ્થાપવામાં આવશે.

➲ સરકાર સંચાલિત ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) ભારત–ચીન ડી ફેકટો બોર્ડર પર ચુમર રોડથી દૂર લદ્દાખની પુગા ખીણમાં વીજળી ઉત્પન્ન કરવા માટે જિયોથર્મલ પાવર પ્લાન્ટ સ્થાપશે.




❖ **પુગા વેલી**

- પુગા વેલી લદ્દાખના દક્ષિણ–પૂર્વ ભાગમાં ચાંગથાંગ ખીણમાં સ્થિત છે, જે સોલ્ટ લેક વેલીથી લગભગ 22 કિમી દૂર છે. તે એક અત્યંત મહત્વપૂર્ણ પ્રદેશ છે જે તેની પ્રાકૃતિક સુંદરતા અને ભૂ–ઉષ્મીય પ્રવૃત્તિઓ માટે જાણીતો છે.
- પુગા વેલી તેના સલ્ફરથી ભરપૂર ગરમ ઝરણા માટે પણ જાણીતી છે.

❖ **જિયોથર્મલ પાવર પ્રોજેકટ**

- આ ભારતનો પહેલો જિયોથર્મલ પાવર પ્રોજેકટ છે જે 14,000 ફૂટની ઊંચાઈએ વિશ્વનો સૌથી ઊંચો પ્રોજેકટ પણ હશે.

❖ **વિવિધ તબક્કાઓ**

- પાયલોટ પ્રોજેક્ટ તરીકે પ્રથમ તબક્કામાં કંપની એક મેગાવોટ પાવર પ્લાન્ટના સંચાલન માટે 1,000 મીટર ઊંડા કૂવાઓ ખોદશે.
- બીજા તબક્કામાં ભૂ–ઉષ્મીય જળાશયની ઊંડાણપૂર્વકની શોધ કરશે.
- ત્રીજા તબક્કામાં જિયોથર્મલ પ્લાન્ટના વ્યાપારી વિકાસનો સમાવેશ થશે.

❖ **જિયોથર્મલ એનર્જી સ્થિતિ**

- જિયોલોજિક સર્વે ઓફ ઈન્ડિયાએ દેશમાં લગભગ 340 જિયોથર્મલ ગરમ પાણીના ઝરણાંની ઓળખ કરી છે. તેમાંના મોટાભાગનાનું સામાન્ય તાપમાન 370° C થી 900° C ની રેન્જમાં હોય છે, જે સીધા થર્મલ એપ્લિકેશન માટે યોગ્ય છે.
- આ સ્થળો પર વીજ ઉત્પાદન ક્ષમતા લગભગ 10,000 મેગાવોટ છે.
- દેશના ગરમ ઝરણા 7 ભૂઉષ્મીય ઝોનમાં વહેંચાયેલા છે :
  (1) હિમાલય, (2) સહારા વેલી, (3) ખંભાત બેસિન, (4) સોન–નર્મદા–તાપ્તી લિનામેન્ટ બેલ્ટ, (5) વેસ્ટ કોસ્ટ, (6) ગોદાવરી બેસિન અને (7) મહાનદી બેસિન

ગુજરાતમાં સૌથી પ્રતિષ્ઠિત સંસ્થા
તાજેતર (2022)માં જાહેર થનાર
GPSC - I/II
650 - 725 કલાકનો
CLASSROOM + TEACHING PLAN
Prelim + Main + Interview
ની સંપૂર્ણ તૈયારી
નાયબ મામલતદાર | ચીફ ઓફિસર
Dy.So | રાજ્ય વેરા નિરીક્ષક
નવા વર્ગોની માહિતી માટે સંસ્થાની રુબરુ મુલાકાત લો
ADMISSION OPEN
તૈયારી માટેના નવા વર્ગો ટૂંક સમય માં શરૂ
(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)
SURAT - HO (ઉધના) (SOSYO CIRCLE)
Sosyo Circle, Udhna-Magdalla Road, Surat.
Contact : 70466 33255

## ✷ સંસ્કૃતિ મંત્રાલય દ્વારા અનંગ તાલ તળાવને રાષ્ટ્રીય મહત્વનું સ્મારક જાહેર કરવામાં આવ્યું.



- પ્રાચીન સ્મારકો અને પુરાતત્વીય સ્થળો અને અવશેષો અધિનિયમ, 1958ની કલમ 4 દ્વારા આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, કેન્દ્ર સરકારે અનંગ તાલ તળાવને પ્રાચીન સ્થળ જાહેર કરવામાં આવ્યું છે.

**❖ અનંગ તાલ તળાવ :**

- આ તળાવ મહેરૌલી, દિલ્હીમાં આવેલું છે અને તે વર્ષ 1,060માં તોમર વંશના રાજા અનંગપાલ–II દ્વારા બનાવવામાં આવ્યું હોવાનો દાવો કરવામાં આવે છે.
- હજાર વર્ષ જૂનું અનંગ તાલ દિલ્હીની શરૂઆત દર્શાવે છે.
- અનંગ તાલનો સંબંધ રાજસ્થાન સાથે છે કારણ કે મહારાજા અનંગપાલ પૃથ્વીરાજ ચૌહાણના નાના હતા.

**❖ તોમર વંશ વિશે :**

- તોમર રાજવંશ ઉત્તર ભારતના નાના પ્રારંભિક મધ્યયુગીન શાસક ગૃહોમાંનું એક છે.
- પૌરાણિક પુરાવા હિમાલયના પ્રદેશમાં તેનું પ્રારંભિક સ્થાન આપે છે, આ રાજવંશ 36 રાજપૂત જાતિઓમાંનો એક હતો.

## ✷ ભારતીય સેના હાઈ–સ્પીડ ડેટાની ડિલિવરી સુધારવા માટે સરહદ પર 5G નેટવર્ક સ્થાપિત કરશે.




- ભારતીય સેના તેના આંતરિક સંદેશાવ્યવહાર અને હાઈસ્પીડ ડેટા નેટવર્ક માટે સરહદ પર 5G નેટવર્ક ઊભું કરશે.
- આ પગલાથી સૈન્ય રણભૂમિમાં સારી રીતે સૈન્ય ઓપરેશનને અંજામ આપી શકશે.
- 5G નેટવર્ક થકી હાઈ બેન્ડવિડ્થ અને લો લેટેન્સી (કોઈપણ નેટવર્કમાં પરસ્પર સંપર્ક માટેનો લઘુતમ વિલંબ) યુકત કનેકિટવિટી મળે છે. તેથી સૈનિકો કોઈક ઓપરેશન દરમિયાન મિશન સાથે સંકળાયેલા મહત્ત્વપૂર્ણ સંપર્ક અને સંદેશાવ્યવહાર માટે તેનો ઉપયોગ કરી શકે છે.
- વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર ચીનની સેનાએ 5G નેટવર્ક ઊભું કરવાની કામગીરી અગાઉથી શરૂ કરી દીધી છે.
- આવનારા દિવસોમાં યુદ્ધના મેદાનમાં 5G નો ઉપયોગ પણ વધશે. સંરક્ષણ સેવાઓમાં 5G ના ઉપયોગ માટે જોઈન્ટ સર્વિસ સ્ટડી કરાવવામાં આવી છે. સૈન્યની સિગ્નલ કોર્પ્સ એ આ અભ્યાસને અંજામ આપીને એક રોડમેપ તૈયાર કર્યો છે. આ રોડમેપ સંરક્ષણ દળોના ઉપયોગ માટે 5Gને સેનામાં કઈ રીતે સામેલ કરી શકાય છે તેની વાત કરે છે.
- સિગ્નલ કોર્પ્સ એ લશ્કરી શાખા છે જે લશ્કરી સંદેશવ્યવહાર માટે જવાબદાર છે.

**❖ IIT મદ્રાસ અને સૈન્ય વચ્ચે MoU**

- તાજેતરમાં IIT મદ્રાસ અને મિલિટરી કોલેજ ઓફ ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયરિંગ વચ્ચે એક MOU થયા છે.
- આ સમજૂતી હેઠળ સૈન્યના ઉપયોગ માટે 5G ઉપકરણોનું પરીક્ષણ થશે.

**❖ સૈન્ય માટેના ફાયદાઓ**

- સૈન્ય માટે 5G નેટવર્ક અનેક પ્રકારે ઉપયોગી સાબિત થઈ શકે છે. સરહદ પર નજર, કટોકટીની સ્થિતિમાં તબીબી સારવાર માટે ટેલિમિડિસિન સેવાઓ લેવા, ડ્રોનના નિયંત્રણ માટે અને સૈનિકોને પ્રશિક્ષણ આપતી વખતે ઓગમેન્ટેડ રિયાલિટી (AR) અને વર્ચ્યુઅલ રિયાલિટી (VR) ઊભી કરવા તેનો ઉપયોગ થઈ શકાશે.
- કેન્દ્ર સરકારે આગળના 6 મહિના માટે અર્થાત્ જાન્યુઆરી, 2023 સુધી ભારત સરકાર માન્ય સ્ટાર્ટઅપ અને MSME ને સ્વદેશી 5G ટેસ્ટબેડની નિઃશુલ્ક એકસેસ ઓફર કરી છે.

## ✷ DRDO દ્વારા સ્વદેશી રીતે વિકસિત 'લેસર ગાઈડેડ' એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ.

- તાજેતરમાં DRDO (Defence Research and Development Organisation) અને ભારતીય સેના દ્વારા આર્મ્ડ કોર્પ્સ સેન્ટર એન્ડ સ્કૂલના સહયોગથી મહારાષ્ટ્રના અહમદનગરમાં આવેલ કે.કે. રેન્જ (K.K. Range) ખાતે મુખ્ય યુદ્ધ અર્જુન માર્ક – 1 A થી સ્વદેશી રીતે વિકસિત લેસર ગાઈડેડ એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ (ATGM) નું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

❖ **એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ (ATGM)**

- ATGM મુખ્યત્વે ભારે સશસ્ત્રો સૈન્ય વાહનોને મારવા અને નષ્ટ કરવા માટે બનાવવામાં આવી છે.
- આ પ્રકારની માર્ગદર્શિત મિસાઈલો ઈલેક્ટ્રો ઓપ્ટિકલ ઈમેજર પર આધાર રાખે છે.
- ATGM મિસાઈલ 'ફાયર એન્ડ ફોરગેટ' મિસાઈલ છે. જ્યાં ઓપરેટર ફાયરીંગ કર્યા પછી તરત જ પીછે હઠ કરી શકે છે.
- એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલને મલ્ટી પ્લેટફોર્મ ક્ષમતા સાથે હાલમાં વિકસાવવામાં આવી છે.




## ✷ ભારત અને મલેશિયા વાયુસેના વચ્ચે ઉદારશકિત (Udarshakti) કવાયત યોજાઈ.

- તાજેતરમાં ઉદારશકિત (Udarshakti) એ ભારતીય વાયુસેના (IAF) અને રોયલ મલેશિયન એરફોર્સ (RMAF) વચ્ચે યોજાયેલ દ્વિપક્ષીય કવાયત છે.
- આ ચાર દિવસની દ્વિપક્ષીય કવાયત મલેશિયામાં યોજાઈ હતી.
- ઉદારશકિત 2022માં ભારતીય વાયુસેના SU-30 MKI અને C-17 એરક્રાફટે આ અભ્યાસમાં ભાગ લીધો હતો.
- આ અભ્યાસ આંતરરાષ્ટ્રીય સંબંધોને મજબૂત કરશે અને બંને સેનાઓ વચ્ચે સંરક્ષણ સહયોગ વધારશે.





## ✷ તમિલનાડુમાં નવું હાથી રિઝર્વ : અગસ્થ્યમલાઈ જાહેર.

- તાજેતરમાં ભારત સરકારે કેરળમાં પેરિયાર વન્યજીવ અભયારણ્ય ખાતે એક કાર્યક્રમ દરમિયાન તમિલનાડુમાં નવું હાથી રિઝર્વ 'અગસ્થ્યમલાઈ' (Agasthyamalai) ની ઘોષણા કરી છે.
- અગસ્થ્યમલાઈ એ તમિલનાડુનું 5મું એલિફન્ટ રિઝર્વ અને બાયોસ્ફિયર રિઝર્વ પણ છે.
- અગસ્થ્યમલાઈ હાથી રિઝર્વને સૂચિત કર્યા પછી વન વિભાગ કેન્દ્રીય પ્રાયોજિત પ્રોજેકટ એલિફન્ટ દ્વારા વધારાના ધિરાણ માટે પાત્ર બન્યું છે.
- અગસ્થ્યમલાઈ બાયોસ્ફિયર રિઝર્વ એ પશ્ચિમ ઘાટના દક્ષિણ અને સૌથી છેડે આવેલું છે તથા દક્ષિણના બે રાજ્યો કેરળ અને તમિલનાડુમાં ફેલાયેલું છે.



- તેનું નામ અગસ્થ્ય માલા શિખર પરથી રાખવામાં આવ્યું છે જે કેરળના તિરુવનંતપુરમ્માં દરિયાઈ સપાટીથી લગભગ 1868 મીટરની ઊંચાઈએ છે.
- માર્ચ 2016માં તેને યુનેસ્કોના બાયોસ્ફિયર રિઝર્વના વર્લ્ડ નેટવર્કમાં સામેલ કરવામાં આવ્યું હતું.



# રમત-જગત, નિમણૂંક વ્યક્તિ, પુસ્તક, નિધન

## ✷ દેબાસીસા મોહંતીને NII (National Institute of Immunology)ના નવા ડિરેકટર તરીકે નિયુકત કરાયા.

- તાજેતરમાં વૈજ્ઞાનિક દેબાસીસા મોહંતીને નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈમ્યુનોલોજીના ડિરેકટર તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. આ પહેલા દેબાસીસા મોહંતી NII ના સ્ટાફ સાયન્ટિસ્ટ તરીકે સેવા આપતા હતા.
- દેબાસીસા મોહંતીની નિમણૂંક કેબિનેટની નિમણૂક સમિતિ દ્વારા કરવામાં આવી છે.
- NIIના ડિરેકટરનું પદ રાજેશ વર્મા પછી ખાલી હતું. રાજેશ વર્મા ઓડિશા કેડરના 1987 બેચના IAS અધિકારી છે અને 18મી ઓગસ્ટ, 2022ના રોજ રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુના સચિવ તરીકે નિયુકત કરવામાં આવ્યા છે



National Institute of Immunology
राष्ट्रीय प्रतिरक्षाविज्ञान संस्थान

## NII (National Institute of Immunology) વિશે ...

**સ્થાપના** : 24 જૂન, 1981
**વડુમથક** : નવી દિલ્હી
**ડાયરેક્ટર** : દેબાસીસા મોહંતી

- નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈમ્યુનોલોજી એ ઈમ્યુનોલોજીમાં સંશોધન માટે ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી હેઠળ નવી દિલ્હીમાં સ્થિત એક સ્વાયત્ત સંશોધન સંસ્થા છે.
- ભારતમાં રકતપિત્ત માટેની પ્રથમ પ્રકારની રસી NII દ્વારા વિકસાવવામાં આવી છે અને તેને માઈક્રોબેકટેરિયમ ઈન્ડિકસ પ્રણી નામ આપવામાં આવ્યું છે.

## ✷ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના નવા સચિવ – રાજેશ વર્મા

- તાજેતરમાં ઓડિશા કેડરના 1987 બેચના IAS અધિકારી રાજેશ વર્માને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.
- આ અગાઉ રાજેશ વર્મા કોર્પોરેટ બાબતોના મંત્રાલયના સચિવ તરીકે સેવા આપી રહ્યા હતા.
- રાજેશ વર્મા ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકના મુખ્ય સચિવ અને ઓડિશા સરકારના ઊર્જા વિભાગના મુખ્ય સચિવ તરીકે પણ કામ કરી ચૂકયા છે.



❖ **અન્ય સચિવોની યાદી :**

- વડાપ્રધાનના ખાનગી સચિવ : વિવેક કુમાર
- વિદેશ સચિવ : વિનય મોહન કવાત્રા
- નાણા સચિવ : ટી.વી. સોમનાથન
- મહેસૂલ સચિવ : તરુણ બજાજ
- આર્થિક બાબતોના સચિવ : અજય શેઠ
- કેબિનેટ સચિવ : રાજીવ ગૌબા

## ✷ ચંદીગઢ એરપોર્ટનું નામ શહીદ ભગત સિંહના નામ પર રાખવામા આવશે.

- તાજેતરમાં પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન અને હરિયાણાના ઉપમુખ્યમંત્રી દુષ્યંત ચૌટાલાએ સામુહિક રીતે ચંદીગઢ ઈન્ટરનેશનલ એરપોર્ટનું નામ શહીદ ભગતસિંહના નામ પર રાખવાનો નિર્ણય કર્યો છે.




### Punjab વિશે...

**રાજધાની** : ચંદીગઢ
**મુખ્યમંત્રી** : પગવંતમાન
**રાજયપાલ** : બનવારીલાલ પુરોહિત

### Hariyana વિશે ...

**રાજધાની** : ચંદીગઢ
**મુખ્યમંત્રી** : મનોહરલાલ ખટ્ટર
**રાજયપાલ** : બંડારુ દત્તાત્રેય

### શહીદ ભગતસિંહ અને તેમની ક્રાંતીકારી પ્રવૃત્તિ વિશે....

- ભગતસિંહનો જન્મ 28 સપ્ટેમ્બર 1907 ના રોજ લ્યાલપુર, પંજાબમાં થયો હતો.
- ભગતસિંહના પિતાનું નામ કિશનસિંહ અને માતાનું નામ વિદ્યાવતી હતું.
- ભગતસિંહ શરૂઆતમાં કોંગ્રેસમાં જોડાયા હતા પણ અમુક કારણોસર તેમણે તેનો ત્યાગ કર્યો હતો. પછી તેઓ હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિકન એસોસીયેશનના સભ્ય બન્યા હતા.
- "લાહોર ષડયંત્ર કેસ" અથવા "જે.પી. સોન્ડર્સની હત્યાકેસ માટે 23 માર્ચ, 1931 ના રોજ ભગતિસિંહ, સુખદેવ અને રાજગુરુને લાહોરની સેન્ટ્રલ જેલમાં ફાંસી આપવામાં આવી હતી.

## ✱ લોકપ્રિય ભારતીય ફિલ્મ નિર્માતા અબ્દુલ ગફ્ફાર નડિયાદવાલાનું નિધન.



A.G.NADIADWALA

- તાજેતરમાં ફિલ્મ નિર્માતા અબ્દુલ ગફ્ફાર નડિયાદવાલાનું મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં હૃદયરોગના હુમલાને કારણે 91 વર્ષની વયે અવસાન થયું.
- તેમનો જન્મ ગુજરાતના વડોદરા ખાતે થયો હતો.
- અબ્દુલ ગફ્ફાર નડિયાદવાલા 1965ની ફિલ્મ મહાભારત અને 2000ના દાયકામાં હેરા ફેરી અને વેલકમ જેવી હિટ કોમેડી સહિત 50થી વધુ હિન્દી ફિલ્મો માટે જાણીતા હતા.
- તેમણે 1953માં તેમની ફિલ્મ પ્રોડક્શન અને મીડિયા એન્ટરટેઈનમેન્ટ કંપની શરૂ કરી હતી.

## ✱ એન્જેલા મર્કેલને યુનેસ્કો શાંતિ પુરસ્કાર–2022 આપવામાં આવ્યો.




- તાજેતરમાં ભૂતપૂર્વ જર્મન ચાન્સેલર એન્જેલા મર્કેલને શરણાર્થીઓને આવકારવાના તેમના પ્રયત્નો માટે યુનેસ્કો શાંતિ પુરસ્કાર 2022થી નવાજવામાં આવ્યા.
- વર્ષ 2015માં વિશ્વના સંકટગ્રસ્ત દેશો ખાસ કરીને સિરિયા, ઈરાક, અફઘાનિસ્તાન અને એરિટ્રિયાના લગભગ 12 લાખ શરણાર્થીઓ યુરોપમાં આવી રહ્યા હતા ત્યારે એન્જેલા મર્કેલે તેના દેશની સરહદો શરણાર્થીઓ માટે ખુલ્લી કરી દીધી હતી.
- યુનેસ્કો શાંતિ પુરસ્કાર જેને અધિકૃત રીતે ફેલિક્સ હૂફોઉટ–બોઈની–યુનેસ્કો શાંતિ પુરસ્કાર કહેવામાં આવે છે.
- આ પુરસ્કાર 1989થી દર વર્ષે એવી વ્યક્તિઓ અથવા સંસ્થાઓને એનાયત કરવામાં આવે છે જેમણે શાંતિને પ્રોત્સાહન આપવા, સંશોધન કરવા અથવા સુરક્ષિત કરવા માટે વિશેષ પ્રયાસ કર્યા હોય.

### ❖ એન્જેલા મર્કેલ :

- એન્જેલા મર્કેલ (એન્જેલા ડોરોથિયા કેસનર) નો જન્મ 17 જુલાઈ 1954ના રોજ પશ્ચિમ જર્મનીના હેમ્બર્ગમાં થયો હતો.
- વર્ષ 2005ની રાષ્ટ્રીય ચૂંટણીમાં, એન્જેલા મર્કેલ જર્મનીના પ્રથમ મહિલા ચાન્સેલર બન્યા હતા.

## ✱ દક્ષિણ કોરિયામાં યોજાયેલી ISSF વર્લ્ડ કપ – 2022 મેડલ ટેલીમાં ભારત પ્રથમ ક્રમાંકે રહ્યું.




- તાજેતરમાં ઈન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ ફેડરેશન (ISSF) વર્લ્ડ કપ–2022નું દક્ષિણ કોરિયાના ચાંગવોન ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.
- આ વર્લ્ડકપની ઈવેન્ટ દરમિયાન ભારત રાઈફલ / પિસ્તોલ / શોટગનની ઈવેન્ટમાં કુલ 15 મેડલ (5 ગોલ્ડ, 6 સિલ્વર અને 4 બ્રોન્ઝ મેડલ) જીતી મેડલ ટેલીમાં પ્રથમ ક્રમાંક પર રહ્યું હતું.
- ISSF વર્લ્ડ કપ–2022 એ ઈન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ ફેડરેશન (ISSF) દ્વારા સંચાલિત ઓલિમ્પિક શૂટિંગ ઈવેન્ટ્સમાં ISSF વર્લ્ડ કપની વાર્ષિક આવૃત્તિ છે.

### ❖ ટોચના 3 વિજેતા દેશો :

| ક્રમાંક | દેશ | કુલ મેડલ |
|---|---|---|
| 1 | ભારત | 15 |
| 2 | દક્ષિણ કોરિયા | 12 |
| 3 | ચેક રિપબ્લિક | 6 |

### ❖ ઈવેન્ટ સંબંધિત મહત્વની બાબતો :

- બે વખતના ઓલિમ્પિયન મેરાજ અહમદ ખાન ISSF વર્લ્ડ કપ – 2022માં પુરુષોની સ્કીટ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય શૂટર બન્યો હતો.
- આ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતનાર ખેલાડીઓ :

| મેડલ | ખેલાડીઓ | શ્રેણી |
|---|---|---|
| ગોલ્ડ | અર્જુન બબુતા | મેન્સ 10મી. એર રાઈફલ |
| ગોલ્ડ | શાહુ તુષાર માને અને મેહુલી ઘોષ | 10 મી. એર રાઈફલ મિક્સ ટીમ |
| ગોલ્ડ | અર્જુન બબુતા, સાહુ તુષાર માને અને પાર્થ મખીજા | મેન્સ 10 મી. એર રાઈફલ ટીમ |
| ગોલ્ડ | ઐશ્વર્ય પ્રતાપ સિંઘ | મેન્સ 50 મી. રાઈફલ 3P |
| ગોલ્ડ | મેરાજે અહમદ ખાન | મેન્સ સ્કીટ |

Banking Academy

## ✸ FIFA દ્વારા ભારત પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો.




- તાજેતરમાં FIFA (Federation International De Football Association)એ દેશના ટોચના વહીવટી સંગઠન AIFF (All India Football Federation) ને તૃતીય પક્ષોના અયોગ્ય પ્રભાવ માટે સસ્પેન્ડ કર્યું હતું.
- આ સસ્પેન્શને દેશ પાસેથી 11 – 30 ઓક્ટોબર દરમિયાન યોજાનાર FIFA Under-17 મહિલા વર્લ્ડ કપ 2022ની યજમાની પણ પાછી ખેંચી લીધી હતી.
- ભારતમાં ફૂટબોલના સંચાલનમાં બિનજરૂરી ત્રીજા પક્ષકારના પ્રભાવને કારણે ફિફાએ આ પગલા ભર્યા હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ ભારતે ત્રીજા પક્ષને દૂર કર્યા બાદ ફિફાએ આ પ્રતિબંધો દૂર કર્યા હતા.

### ❖ તૃતીય–પક્ષ હસ્તક્ષેપ વિશે :

- સુપ્રીમ કોર્ટે તાજેતરમાં 'ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન'ના અધ્યક્ષ પ્રફુલ પટેલ અને તેમની એક્ઝિક્યુટીવ કમિટીને તેમના હોદ્દા પરથી મુક્ત કર્યા હતા અને તમામ કાર્યભારના સંચાલન માટે એક 'કમિટી ઓફ એડમિનિસ્ટ્રેટર્સ' (COA)ની પણ નિમણૂક કરી હતી.
- AIFF ની કામગીરી અંગે વધતી જતી ચિંતાઓ છતાં, ભારતની સર્વોચ્ચ અદાલતે દરમિયાનગીરી કરી અને પ્રફુલ પટેલને તેમના પદ પરથી દૂર કર્યા.
- FIFA ના કાયદા મુજબ, સભ્ય સંગઠનો તેમના સંબંધિત દેશોમાં કાનૂની અને રાજકીય હસ્તક્ષેપને આધિન ન હોવા જોઈએ.
- તૃતીય પક્ષની દખલગીરી એ એવી પરિસ્થિતિનો ઉલ્લેખ કરે છે કે જેમાં FIFA સભ્ય સંગઠન સ્વતંત્ર રહેવામાં નિષ્ફળ જાય છે, તે સહ–પક્ષીય છે અને હવે તે સંસ્થા પર નિયંત્રણ નથી.
- ભારતના કિસ્સામાં, સુપ્રીમ કોર્ટે COA ને AIFFને તૃતીય પક્ષની દખલગીરીના કેસ તરીકે ચલાવવાનો નિર્દેશ આપ્યો હતો.
- આનો અર્થ એ થયો કે ભારત કોઈપણ આંતરરાષ્ટ્રીય ફૂટબોલ મેચોમાં ભાગ લેશે નહીં અને આ દેશની દરેક વય જૂથની તમામ રાષ્ટ્રીય સ્તરની ટીમો અને કલબ ટીમોને લાગુ પડે છે.

**International Federation of Association Football (FIFA) વિશે...**

| | | |
|---|---|---|
| **સ્થાપના** | : | 21 મે, 1904 |
| **વડુમથક** | : | ઝયુરિચ (સ્વિટ્ઝર્લેન્ડ) |
| **પ્રમુખ** | : | જિયાની ઈન્ફેન્ટિનો |

**All India Football Federation (AIFF) વિશે...**

| | | |
|---|---|---|
| **સ્થાપના** | : | 23 જૂન, 1937 |
| **વડુમથક** | : | નવી દિલ્હી |
| **પ્રમુખ** | : | કલ્યાણ ચૌબે |

## ✸ નીરજ ચોપડાએ લુસાને ડાયમંડ લીગ 2022નું ટાઈટલ જીત્યું.




- ઓલમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ નીરજ ચોપડાએ સ્વિત્ઝરલેન્ડ ખાતે યોજાયેલી "લુસાને ડાયમંડ લીગ"માં 89.08 મીટરના થ્રો કરી આ ટાઈટલ લીગ જીતી લીધી છે.
- આ સાથે તેઓ લુસાને ડાયમંડ લીગ જીતનાર પ્રથમ ભારતીય બન્યા છે.
- આ ઈવેન્ટમાં ચેક રિપબ્લિકના જેકોબ વાડલેજ 85.88 મીટરના થ્રો સાથે બીજા ક્રમે રહ્યા હતા.

**નીરજ ચોપડા વિશે...**

- નીરજ ચોપડા હરીયાણા રાજ્યના રહેવાસી છે.
- તેઓ એક ભારતીય ટ્રેક અને ફિલ્ડ એથ્લેટ છે. ટોકયો ઓલિમ્પિક 2022માં પુરુષોની ભાલાફેંક સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ એશિયન એથ્લેટ છે.
- સાઉથ એશિયન ગેમ્સ–2016માં ભારતીય સેના તેમના પ્રદર્શનથી પ્રભાવિત થયા બાદ નીરજ ચોપડાને સેનાના રાજપૂતાના રાયફલ્સમાં સુબેદારનો દરજ્જો આપવામાં આવ્યો છે.

## ✷ DRDO (Defence Research & Development Organisation)ના અધ્યક્ષ તરીકે સમીર વી. કામતની નિમણૂક.

- તાજેતરમાં કેબિનેટની નિમણૂંક સમિતીએ ડૉ. સમીર વી. કામતને DRDO ના અધ્યક્ષ તરીકે નિયુકત કર્યા છે.
- તેમને ડૉ. જી.સતીશ રેડ્ડીનું સ્થાન લીધુ છે અને જી. સતીશ રેડ્ડીને સંરક્ષણ પ્રધાનના વૈજ્ઞાનિક સલાહકાર તરીકે નિયુકત કરવામાં આવ્યાં છે.



### ડૉ. સમીર વેંકટપથી કામત વિશે...

- ડૉ. સમીર વી. કામતે વર્ષ 1985 માં IIT ખડગપુરમાંથી મેટલર્જિકલ એન્જિનિયરીંગમાં B.Tech ની ડીગ્રી મેળવી, અને વર્ષ 1989 માં DRDO માં જોડાયા.
- હાલમાં તેઓ DRDO ના નેવલ સિસ્ટમ્સ અને મટિરિયલ્સ વિભાગના મહાનિર્દેશક તરીકે સેવા આપી રહયા છે.

## ✷ IMF (International Monetary Fund)માં ભારતના એકિઝકયુટિવ ડિરેકટર તરીકે કે. સુબ્રમણ્યમ્‌ની નિમણૂક

- તાજેતરમાં ભારતના ભૂતપૂર્વ મુખ્ય આર્થિક સલાહકાર કે સુબ્રમણ્યમની 'ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ' (IMF) મા ભારતના એકિઝકયુટિવ ડિરેકટર તરીકે નિમણૂક કરવામાં આવી છે.
- તેમને સુરજિત એસ. ભલ્લાનું સ્થાન લીધું છે, જેમણે વર્ષ 2019 માં IMF ના બોર્ડમાં ભારતના એકિઝકયુટિવ ડિરેકટર તરીકે નિયુકત કરવામાં આવ્યા હતા.
- કે.સુબ્રમણ્યમને આ પદ પરનો કાર્યકાળ 1 નવેમ્બર, 2022 થી શરૂ થશે અને ત્રણ વર્ષ સુધી અથવા આગળના આદેશો સુધી, બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી ચાલુ રહેશે.

### International Monetary Fund (IMF) વિશે....

**સ્થાપના** : 27 ડિસેમ્બર, 1946
**વડુમથક** : વોશિંગ્ટન ડી.સી.
**મેનેજિંગ ડિરેકટર** : ક્રિસ્ટાલિના જ્યોર્જિએવા
**ચીફ ઈકોનોમિસ્ટ** : ઓલિવિયર ગૌરીયા
**પ્રથમ ડેપ્યૂટી મેનેજિંગ ડિરેકટર** : ગીતા ગોપીનાથ
**સભ્ય દેશ** : 190
**મુખ્ય કાર્ય** : વૈશ્વિક નાણાકીય સહકારને પ્રોત્સાહન આપવા, નાણાકીય સ્થિરતા સુરક્ષિત કરવા, આંતરરાષ્ટ્રીય વેપારને સરળ બનાવવા, ઉચ્ચ રોજગાર અને ટકાઉ આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપવા અને સમગ્ર વિશ્વમાં ગરીબી ઘટાડવા માટે કામ કરે છે.

### કે.સુબ્રમણ્યમ્ વિશે...

- કે. સુબ્રમણ્યમે "યુનિવર્સિટી ઓફ શિકાગો બૂથ સ્કૂલ ઓફ બિઝનેસ" માંથી ફાયદનાન્સિયલ ઈકોનોમિકસમાં MBA અને ફિલોસોફીમાં PHD કરી છે.
- કે. સુબ્રમણ્યમ્ હાલમાં ઈન્ડિયન સ્કુલ ઓફ બિઝનેસમાં પ્રોફેસર છે.
- તેઓ વર્ષ 2018 થી 2021 સુધી સેવા આપતા ભારત સરકારના સૌથી યુવા મુખ્ય આર્થિક સલાહકાર હતા.




## ✷ તાજેતરમાં ટેનિસ સ્ટાર ખેલાડી સેરેના વિલિયમ્સે નિવૃત્તિની જાહેરાત કરી.



- અમેરિકાના પ્રસિદ્ધ ટેનિસ સ્ટાર સેરેના વિલિયમ્સે નિવૃત્તિની જાહેરાત કરી હતી.
- તેઓ યુ.એસ. ઓપન રમ્યા બાદ ટેનિસમાંથી નિવૃત્તિ લેશે, જે 29 ઓગસ્ટથી 11 સપ્ટેમ્બર, 2022 દરમિયાન યોજાશે.
- સેરેના વિલિયમ્સ અમેરિકાના પ્રસિદ્ધ ટેનિસ ખેલાડી છે. તેમનો જન્મ 26 સપ્ટેમ્બર, 1981ના રોજ અમેરિકાના મિશગન રાજ્યના સાગીનાવ ખાતે થયો હતો.
- તેની કારકિર્દીમાં તેમણે 23 ગ્રાન્ડસ્લેમ સિંગલસ ટાઈટલ જીત્યા છે, જે ઓપન યુગમાં કોઈપણ ખેલાડી દ્વારા સૌથી વધુ છે. તેમણે કેરિયરમાં 73 સિંગલ ટાઈટલ અને 23 કેરિયર ડબલ ટાઈટલ્સ જીત્યા છે. વર્ષ 1999માં યુ.એસ. ઓપનમાં તેમણે તેનું પ્રથમ મુખ્ય સિંગલ્સ ટાઈટલ જીત્યું હતું.
- તેમણે વિમેન્સ સિંગલ્સમાં ઓસ્ટ્રેલિયન ઓપનમાં સાત, ફ્રેન્ચ ઓપનમાં ત્રણ, વિમ્બલ્ડનમાં સાત અને યુએસ ઓપનમાં છ ગ્રાન્ડસ્લેમ ટાઈટલ જીત્યા છે અને વિમેન્સ ટેનિસ એસોસિએશન (WTA) રેન્કિંગમાં તેઓ 319 અઠવાડિયા સુધી સિંગલ્સ કેટેગરીમાં નંબર વન રહ્યા હતા.

# એવોર્ડ, પુરસ્કાર

## ✷ ફહમિદા અઝીમને પુલિત્ઝર પુરસ્કાર 2022 મળ્યો.




- બાંગ્લાદેશમાં જન્મેલા ચિત્રકાર અને વાર્તા લેખક ફહમીદા અઝીમને 2022 ના પુલિત્ઝર પુરસ્કાર માટે પસંદ કરવામાં આવી છે.
- હાલમાં, તે એક અમેરિકન ઓનલાઈન મેગેઝિન ઈન્સાઈડર માટે કામ કરી રહી છે. ફહમિદાને ન્યૂયોર્કમાં તેની વિજેતા ટીમના સભ્યો એન્થોની ડેલ કોલ, જોશ એડમ્સ અને ઈનસાઈડર્સ વોલ્ટ હિકી સાથે "How I Escaped a Chinese Interment Camp" નામના સચિત્ર અહેવાલ માટે સન્માનિત કરવામાં આવી છે.

❖ **ફહમિદા અઝીમ વિશે :**

- ફહમિદા અઝીમનો જન્મ બાંગ્લાદેશમાં થયો હતો અને અમેરિકામાં સ્થાયી થયા હતા. તેમનું કાર્ય ઓળખ, સંસ્કૃતિ અને સ્વાયત્તતાના વિષયો પર કેન્દ્રિત છે. તેમની કૃતિઓ NPR, Glamour, Scientific American, The Intercept, Vice, The New York Times જેવા ઘણા આંતરરાષ્ટ્રીય સામયિકોમાં પ્રકાશિત થઈ છે.

**પુલિત્ઝર પુરસ્કાર વિશે...**

- પુલિત્ઝર પુરસ્કાર એ અખબારો, સામયિકો, સંગીત રચના, ઓનલાઈન પત્રકારત્વ અને સાહિત્યમાં સિદ્ધિઓ માટે આપવામાં આવતો પ્રતિષ્ઠિત પુરસ્કાર છે.
- આ પુરસ્કાર વર્ષ 1917 માં જોસેફ પુલિત્ઝર દ્વારા શરૂઆત કરવામાં આવી હતી. કોલંબિયા યુનિવર્સિટી આ એવોર્ડનું સંચાલન કરે છે. આ પુરસ્કારો દર વર્ષે 21 કેટેગરીમાં આપવામાં આવે છે.




# મહત્વના દિવસો

## ✷ 21 ઓગસ્ટ : આતંકવાદના પીડિતોની યાદ અને શ્રદ્ધાંજલિનો આંતરરાષ્ટ્રીય દિવસ (International Day of Remembrance and Tribute to the Victims of Terroism)




- આતંકવાદના પીડિતોની યાદ અને શ્રદ્ધાંજલિનો આંતરરાષ્ટ્રીય દિવસ દર વર્ષે 21 ઓગસ્ટના રોજ મનાવવામાં આવે છે.
- આતંકવાદનો ભોગ બનેલા લોકોને યાદ કરવા માટે આ દિવસ મનાવવામાં આવે છે.
- વર્ષ 2022ની થીમ : 'મેમરીઝ'
- યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી દ્વારા 19 ડિસેમ્બર, 2017ના રોજ તેના ઠરાવ 72/165 માં 21 ઓગસ્ટને સત્તાવાર રીતે આતંકવાદના પીડિતોને આંતરરાષ્ટ્રીય સ્મૃતિ દિવસ અને શ્રદ્ધાંજલિ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો.

## ✷ 17મો પ્રવાસી ભારતીય દિવસ 2023 ઈન્દોર ખાતે યોજાશે.




- તાજેતરમાં વિદેશ મંત્રાલયના પ્રવકતા અરિંદમ બાગચીના જણાવ્યા અનુસાર 17મો પ્રવાસી ભારતીય દિવસ 9 જાન્યુઆરી, 2023 ઈન્દોર ખાતે યોજાશે.
- ભારતના વિકાસમાં વિદેશી ભારતીય સમુદાયના યોગદાનના મહત્વને સમજવા દર વર્ષે 9મી જાન્યુઆરીએ પ્રવાસી ભારતીય દિવસ ઉજવવામાં આવે છે.
- 9 જાન્યુઆરી, 1915ના રોજ મહાત્મા ગાંધીના દક્ષિણ આફ્રિકાથી ભારત પરત ફર્યાની યાદમાં ઉજવવામાં આવે છે.
- વર્ષ 2015થી દર બે વર્ષે એકવાર પ્રવાસી ભારતીય દિવસ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.
- 16મો પ્રવાસી ભારતીય દિવસ 21 થી 23 જાન્યુઆરી 2019 દરમિયાન વારાણસી ખાતે યોજાયો હતો જેમાં મોરેશિયસના વડાપ્રધાન પ્રવિંદ જુગનાથ અતિથિ હતા.
- એલ.એમ.સિંઘવીની અધ્યક્ષતામાં બનેલી સમિતિની ભલામણો અનુસાર પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

## ✷ 23 ઓગસ્ટ થી 1 સપ્ટેમ્બર, 2022 : વિશ્વ જળ સપ્તાહ (World Water Week)




- તાજેતરમાં વર્ષ 2022માં વિશ્વ જળ સપ્તાહ 23 ઓગસ્ટથી 1 સપ્ટેમ્બર દરમિયાન યોજાશે.
- વિશ્વ જળ સપ્તાહ એ 1991 થી SIWI - Stockholm International Water Institute દ્વારા વૈશ્વિક જળ સમસ્યાઓ અને આંતરરાષ્ટ્રીય વિકાસ સંબંધિત બાબતો સંબોધવા માટે આયોજિત વાર્ષિક ઈવેન્ટ છે.
- 2022 વિશ્વ જળ સપ્તાહની થીમ : Seeing the Unseen : The Value of Water.
- આ સર્વાંગી થીમ મુખ્ય ત્રણ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
  (1) લોકો અને વિકાસ માટે પાણીનું મૂલ્ય
  (2) પ્રકૃતિ અને આબોહવા પરિવર્તન માટે પાણીનું મૂલ્ય
  (3) પાણીનું નાણાકીય અને આર્થિક મૂલ્ય

## ✷ 26 ઓગસ્ટ : મહિલા સમાનતા દિવસ

- દર વર્ષે 26 ઓગસ્ટના રોજ સમગ્ર વિશ્વમાં મહિલા સમાનતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓને સમાન અધિકાર પ્રદાન કરવાનો તેમજ વિશ્વમાં મહિલાઓની સમસ્યા નિવારવા જાગૃતતા અને અસરકારક પ્રયત્નો કરવાનો છે.
- વર્ષ 2022ની થીમ : Hard-Won Not Done
- ભારતમાં વર્ષ 1921માં સૌપ્રથમ મદ્રાસ સ્ટેટ દ્વારા મહિલાઓને મતાધિકાર આપવામાં આવ્યો હતો. ભારતીય બંધારણની અનુચ્છેદ–326માં મહિલાઓના મતાધિકારનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.
- ભારતીય બંધારણન અનુચ્છેદ – 16(1) અને 16(2) મુજબ જાહેર રોજગારીના અવસર માટે મહિલાઓને સમાનતાની ખાતરી આપવામાં આવી છે.
- ગુજરાતમાં સૌપ્રથમ વર્ષ 1973માં મહિલાઓ માટે 20 ટકા અનામત બેઠકની જોગવાઈ આપવામાં આવી હતી અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓ માટે 50% અનામત આપવાની જોગવાઈ કરવામાં આવી છે.
- ગુજરાત સરકાર દ્વારા જાહેરસેવામાં મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવા 33% અનામત આપવાની જોગવાઈ કરવામાં આવી છે.
- આ ઉપરાંત કેન્દ્ર સરકાર, રાજ્યોની સરકારો અને વિવિધ સંગઠનો દ્વારા મહિલાઓના ઉત્કર્ષ, સશક્તિકરણ અને સમાનતા માટેની યોજનાઓ અને વિવિધ જનજાગૃતિ અભિયાનો હાથ ધરવામાં આવ્યા છે.

## ✷ 28 ઓગસ્ટ : રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતી



- તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતી નિમિત્તે રાજ્યવ્યાપી ગૌરવભેર ઉજવણી કરવામાં આવી હતી અને 'કસુંબલ રંગ'ના અનેક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા તથા ગાંધીનગરના સેકટર–10માં નિર્માણ થનાર ગુજરાત સાહિત્ય અકાદમીના મેઘાણી સાહિત્ય ભવનનું ખાતમૂર્હુત કરવામાં આવ્યું હતું.
- 'રાષ્ટ્રીય શાયર' તરીકે જાણીતા ઝવેરચંદ મેઘાણીનો જન્મ 28 ઓગસ્ટ, 1896ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ખાતે થયો હતો અને તેમનું મૂળ વતન અમરેલી જિલ્લાના બગસરા તાલુકાનું ભાયાણી ગામ હતું તેમજ તેમની કર્મભૂમિ બોટાદ હતી. તેમજ તેમનું નિધન 9 માર્ચ, 1947ના રોજ બોટાદ ખાતે થયું હતું.
- તેઓ રાષ્ટ્રીય શાયર, સાહિત્યયાત્રી, પહાડનું બાળક, કસુંબલ રંગનો ગાયક, સોરઠી સાહિત્યકાર, લોકસાહિત્યનો મત મોરલો, યુગકવિ જેવા ઉપનામોથી જાણીતા હતા.
- તેમની સમગ્ર કવિતા 'સોના–નાવડી' કાવ્યગ્રંથમાં સંગ્રહિત થયેલી છે.

❖ **સાહિત્ય સર્જન :**

- નવલિકા : જેલઓફિસની બારી (જેલવાસ દરમિયાન લખી), વિલોપન, દરિયાપારના બહારવટિયા, બદમાશ, બુરાઈના દ્વાર પરથી.
- નવલકથા : વસુંધરાના વ્હાલા દવલાં, સોરઠ તારા વહેતા પાણી, નિરંજન, વેવિશાળ, પ્રભુ પધાર્યા, તુલસી કયારો, ગુજરાતનો જય ભાગ–1, 2 સમરાંગણ, રા' ગંગાજળિયો.
- કાવ્યસંગ્રહ : યુગવંદના, રવીન્દ્રવીણા, વેણીના ફૂલ, સિંધૂડો, બાપુના પારણાં, સોરઠી સંતો, કોઈનો લાડકવાયો, ચૂંદડી ભાગ 1, 2 હાલરડાં, ઋતુગીતો, સોરઠી સંતવાણી, સોરઠીયા દુહા, કિલ્લોલ, એકતારો, કસુંબીનો રંગ.

Banking Academy

## ઝવેરચંદ મેઘાણી વિશે...

- ઝવેરચંદ મેઘાણીએ વર્ષ 1917માં ભાવનગરની શામળદાસ કોલેજમાંથી અંગ્રેજી અને સંસ્કૃત વિષયો સાથે B.A.ની ડિગ્રી મેળવી હતી.
- તેમણે સાહિત્ય લેખનની શરૂઆત 'કથાઓ કાહિની' નામની બંગાળી કૃતિનો અનુવાદ 'કુરબાનીની કથાઓ' દ્વારા કરી હતી.
- તેઓ લોકગીતકાર, લોકકથાકાર, નવલકથાકાર, વાર્તાકાર, વિવેચક, અનુવાદક, સંશોધક અને સંપાદક એમ બહુમુખી પ્રતિભા ધરાવતા હતા.
- તેમના સાહિત્યમાં સામાજિક કુરિવાજો અને કુરૂઢિઓનું ચિત્રણ થયેલું જોવા મળે છે. તેઓ વર્ષ 1922-26 દરમિયાન 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકના તંત્રી રહ્યાં હતા, આ સમય દરમિયાન તેમના પત્રકાર તરીકેના જીવનની શરૂઆત થઈ હતી. આ ઉપરાંત તેમણે 'ફૂલછાબ' અને 'જન્મભૂમિ'ના તંત્રી તરીકે સેવા આપી હતી.
- તેમના 'સિંધૂડો' કાવ્યસંગ્રહમાં દેશભકિત અને સત્યાગ્રહના કાવ્યો આલેખાયેલા હોવાથી આ કાવ્યસંગ્રહ અંગ્રેજો દ્વારા જપ્ત કરવામાં આવ્યો હતો અને તેમને વર્ષ 1930માં 2 વર્ષ માટે જેલની સજા પણ થઈ હતી. તેમણે વર્ષ 1931માં ગાંધીજી બીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા જતાં હતા ત્યારે તેમને અનુલક્ષીને 'છેલ્લો કટોરો' કાવ્યની રચના કરી હતી, આથી મહાત્મા ગાંધીજીએ તેમને 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ આપ્યું હતું. આ કાવ્ય તેમના 'સિંધૂડો' નામના કાવ્યસંગ્રહમાં સંગ્રહિત થયેલી છે.
- તેમનો 'યુગવંદના' કાવ્યસંગ્રહ વર્ષ 1935માં પ્રકાશિત થયો હતો. ગુજરાતી ભાષાની જાણીતી 'ચારણકન્યા' કવિતા તેમના યુગવંદના કાવ્યસંગ્રહમાંથી લેવામાં આવી હતી.
- તેઓ વર્ષ 1946માં રાજકોટ ખાતેના ગુજરાતી સાહિત્ય પરિષદના સાહિત્ય વિભાગના પ્રમુખ રહ્યા હતા.
- તેમણે ગુજરાતના 'મૂકસેવક' રવિશંકર મહારાજના ચરિત્રને આલેખતું 'માણસાઈના દીવા' કૃતિને રચના કરી હતી. આ કૃતિને વર્ષ 1946માં પ્રથમ મહિડા પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.
- તેઓને વર્ષ 1928માં 'સોરઠ તારા વહેતા પાણી' નામની ગુજરાતી ભાષાની સૌપ્રથમ જાનપદી નવલકથા માટે તેમને સૌપ્રથમ 'રણજિતરામ સુવર્ણચંદ્રક' (1928) પ્રાપ્ત થયો હતો.

## ✷ 29 ઓગસ્ટ : રાષ્ટ્રીય રમત–ગમત દિવસ (National Sports Day)




- ભારતમાં મેજર ધ્યાનચંદના જન્મદિવસ 29 ઓગસ્ટને દર વર્ષે 'રાષ્ટ્રીય રમત–ગમત દિવસ' (National Sports Day)તરીકે ઉજવવામાં આવે છે.
- આ દિવસે ભારતના રાષ્ટ્રપતિ દ્વારા ભારતીય ખેલાડીઓને 'મેજર ધ્યાનચંદ ખેલરત્ન એવોર્ડ' અને 'અર્જુન એવોર્ડ' તથા રમતના કોચને 'દ્રોણાચાર્ય એવોર્ડ' આપવામાં આવે છે.
- વર્ષ 2019માં મેજર ધ્યાનચંદના સન્માનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા 'ફીટ ઈન્ડિયા મુવમેન્ટ' શરૂ કરવામાં આવી હતી.
- 'હોકીના જાદુગર' તરીકે જાણીતા ભારતના મહાન ખેલાડી મેજર ધ્યાનચંદનો જન્મ 29 ઓગસ્ટ, 1905ના રોજ ઉત્તરપ્રદેશના અલાહાબાદ ખાતે રાજપૂત પરિવારમાં થયો હતો. આ વર્ષે તેમની 117મી જન્મજયંતી છે. અને તેમનું નિધન 3 ડિસેમ્બર, 1979ના રોજ દિલ્હી ખાતે થયું હતું.
- તેમણે ભારતને ઓલિમ્પિક રમતોમાં એમસ્ટર્ડમ (વર્ષ 1928), લોસ એન્જલસ (વર્ષ 1932) અને બર્લિન (વર્ષ 1936)માં સુવર્ણપદક અપાવ્યા હતા.
- વર્ષ 1938માં તેમને 'વાઈસરોયનું કમિશન' મળતા તેઓ જમાદાર બન્યા હતા અને ત્યારબાદ તેઓ સૂબેદાર, લેફટનન્ટ, કપ્તાન અને છેલ્લે મેજરના પદ પર રહ્યા હતા.
- તેઓ 22 વર્ષ સુધી ભારત માટે હોકી રમ્યા હતા અને 400થી વધુ આંતરરાષ્ટ્રીય ગોલ કર્યા હતા.
- તેમણે વર્ષ 1952માં પોતાની આત્મકથા 'ગોલ' (GOAL) પ્રકાશિત કરી હતી.
- તેમની સ્મૃતિમાં વર્ષ 2002માં કેન્દ્ર સરકારે દિલ્હીના નેશનલ સ્ટેડિયમને 'મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમ' નામ અપાયું છે.
- તેમના નામ પરથી રમતક્ષેત્રે 'લાઈફટાઈમ એચિવમેન્ટ' ઉચ્ચત્તમ કક્ષાનો પુરસ્કાર આપવામાં આવે છે.
- તેમને ભારત સરકારના પ્રતિષ્ઠિત નાગરિક સન્મન 'પદ્મભૂષણ' (1956) પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ✷ 29 ઓગસ્ટ : પરમાણુ પરીક્ષણના વિરોધમાં આંતરરાષ્ટ્રીય દિવસ (International Day Against Nuclear Test)




- દર વર્ષે 29 ઓગસ્ટને પરમાણુ પરીક્ષણના વિરોધમાં આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ પરમાણુ વિસ્ફોટની અસરો અને સુરક્ષિત વિશ્વના લક્ષ્યાંકો હાંસલ કરીને પરમાણુ હથિયારોના અંતની જરૂરિયાત અંગે જાગૃતિ વધારવાનો છે.
- સંયુકત રાષ્ટ્ર(UN)ની સામાન્ય સભાએ 2 ડિસેમ્બર, 2009ના રોજ ઠરાવ પસાર કરી 29 ઓગસ્ટને આ દિવસ તરીકે ઉજવવાની સત્તાવાર જાહેરાત કરી. વર્ષ 2010થી આ દિવસ ઉજવવાની શરૂઆત થઈ હતી.
- વિશ્વમાં સૌપ્રથમવાર અમેરિકા દ્વારા 6 ઓગસ્ટ અને 9 ઓગસ્ટ, 1945 ના રોજ જાપાનના બે શહેરો હિરોશિમા અને નાગાસાકી પર પરમાણુ બોમ્બનો હુમલો કરવામાં આવ્યો હતો. જેના દ્વારા મોટી જાનહાનિ સર્જાઈ હતી.
- આ ઉપરાંત સંયુકત રાષ્ટ્રની સામાન્ય સભાએ 26 સપ્ટેમ્બરને 'પરમાણુ શસ્ત્રોના સંપૂર્ણ નાબૂદી માટે આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે નિયુકત કરેલ છે.
- 29 ઓગસ્ટ 1991ના દિવસે રશિયાએ પોતાની પરમાણુ પરીક્ષણની સાઈટ કે જેનું નામ સેમિપ્લાટિન્સક (અથવા પોલિગન) બંધ કરવાનો નિર્ણય લેતાં આ દિવસ પસંદ કરાયો.
- સેમિપ્લાટિન્સક ન્યુકિલયર સાઈટ પર રશિયાએ વર્ષ 1949 થી 1989 (40 વર્ષમાં) 456 પરમાણુ પરીક્ષણો કર્યા હતા.
- તેને બંધ કરાયા બાદ, આ સાઈટ સંશોધકો–વૈજ્ઞાનિકો માટે એટોમિક રિએકશન પર અભ્યાસ કરવા માટેનું શ્રેષ્ઠ સ્થળ બની ગયું.
- ભારતે 18 મે, 1974ના રોજ પ્રથમ પરમાણુ પરીક્ષણ રાજસ્થાનના પોખરણ ખાતે વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની આગેવાનીમાં કર્યુ હતું. જેનું નામ 'સ્માઈલિંગ બુદ્ધા' આપવામાં આવ્યું હતું. ત્યારબાદ 11-13 મે, 1998 માં રાજસ્થાનના પોખરણ ખાતે બીજું પરમાણુ પરીક્ષણ વડાપ્રધાન અટલ બિહરી બાજપેયીના વડપણ હેઠળ કરવામાં આવ્યું હતું જેનું નામ 'ઓપરેશન શકિત' આપવામાં આવ્યું હતું.

## ✷ 30 ઓગસ્ટ : રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ દિવસ (National Small Industries Day)




- દર વર્ષે 30 ઓગસ્ટના રોજ 'રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- લઘુ દિવસ નાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા અને બેરોજગારોને રોજગારીની તકો પૂરી પાડવાના ઉદ્દેશથી ઉજવવામાં આવે છે.
- ભારત જેવા વિકાસશીલ દેશમાં આર્થિક વિકાસ માટે લઘુ ઉદ્યોગની મહત્વની ભૂમિકા છે.
- ભારતના એકંદરે આર્થિક વિકાસમાં વ્યૂહાત્મક મહત્વને ધ્યાનમાં રાખીને નાના પાયે ક્ષેત્રના વિકાસની જરૂરિયાત પર વિશેષ ભાર મૂકવામાં આવે છે.
- દેશની સંસ્કૃતિ લઘુ ઉદ્યોગ દ્વારા સુરક્ષિત રહે છે. મોટા ભાગના કારીગરો દ્વારા પરંપરાગત વસ્તુઓ લઘુ ઉદ્યોગો દ્વારા બનાવવામાં આવે છે અને એમાના મોટાભાગના ઉદ્યોગો શ્રમ–સઘન તકનીક પર આધારિત છે જે ઉદ્યોગમાં પરસ્પર સદ્ભાવના, સહકાર, સમાનતા અને બંધુત્વની ભાવનાને મજબૂત કરે છે.

# શબ્દાવલી

### ✷ Euthanasia – ઈચ્છામૃત્યુ

- ઈચ્છા મૃત્યુ શબ્દ બે પ્રાચીન ગ્રીક શબ્દો પરથી આવ્યો છે. EU એટલે સારુ અને Thantor એટલે મૃત્યુ, આથી Euthanasia નો અર્થ 'સારુ મૃત્યુ' થાય છે.
- ઈચ્છા મૃત્યુને Mercy Kiling તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ઈચ્છા મૃત્યના બે પ્રકાર છે. (1) સક્રિય ઈચ્છા મૃત્યુ (2) નિષ્ક્રિય ઈચ્છા મૃત્યુ
- સક્રિય ઈચ્છા મૃત્યુને પ્રોઝિટિવ યુથેનેશિયા અથવા આક્રમક ઈચ્છા મૃત્યુ તરીકે પણ ઓળખવામાં આવે છે ઉદાહરણ તરીકે દવાના ઘાતક ડોઝ અથવા ઘાતક ઈજેકશન આપીને મૃત્યુ થાય તેને સક્રિય ઈચ્છા મૃત્યુ કહેવાય છે.
- નિષ્ક્રિય ઈચ્છા મૃત્યુને નેગેટિવ યુથેનેશિયા અથવા બિન આક્રમક ઈચ્છા મૃત્યુ તરીકે પણ ઓળખવામાં આવે છે ઉદાહરણ તરીકે જરૂરી અને સામાન્ય સંભાળ અથવા ખોરાક અને પાણી ન આપીને ઈરાદાપૂર્વક મૃત્યુને નિષ્ક્રિય ઈચ્છા મૃત્યુ કહેવાય છે.

### ✷ સંવર્ધન (Acculturation)

- અમેરિકન ભૂસ્તરશાસ્ત્રી (Geologist) જ્હોન વેસ્લી વોવેલ દ્વારા વર્ષ 1880 માં યુએસ બ્યુરો ઓફ એશ્નોલોજીના અહેવાલમાં સંવર્ધનનો ખ્યાલ રજૂ કરવામાં આવ્યો હતો.
- સંવર્ધન વર્તમાનમાં એવી પ્રક્રિયા તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે જેમાં એક સંસ્કૃતિમાંથી વ્યકિત અથવા જૂથ અન્ય સંસ્કૃતિના સંપર્કમાં આવે છે અને અન્ય સંસ્કૃતિના મૂલ્યો અને પ્રથાઓને અપનાવે છે.
- ઉદાહરણ તરીકે સફેદ અમેરિકન સમાજમાં કાળા અમેરિકનોનું એકીકરણ થાય છે.

### ✷ La Nina – લા નીના

- લા નીનાને સ્પેનિશમાં નાની છોકરી કહેવામાં આવે છે.
- લા નીનાને કેટલીકવાર અલ વિએને (El vieyo), એન્ટિઅલ નીનો (anti Elnino) અથવા કોલ્ડ ઈવેન્ટ (Cold event) પણ કહેવામાં આવે છે.
- આ ઘટનાઓ પૂર્વ – મધ્ય વિષુવવૃત્તીય પેસિફિકમાં દરિયાની સપાટીથી નીચેના તાપમાનના સમયગાળાને રજૂ કરે છે.
- આ ઘટના ત્યારે જોવા મળે જયારે પૂર્વીય પેસિફિકમાં પાણીનું તાપમાન સામાન્ય કરતા તુલનાત્મક રીતે ઠંડુ થાય છે જેના પરિણામે પૂર્વીય વિષુવવૃત્તીય પેસિફિક પર ઉચ્ચ દબાણ જોવા મળે છે.
- આ ઘટનાઓ યુરોપમાં પાનખર વાવાઝોડાની સંખ્યામાં ઘટાડો કરે છે.
- લા નીના દક્ષિણ અમેરિકાના દેશો વેરુ એ ઈકવાગેરમાં દુષ્કાળનું કારણ બને છે.

### ✷ અલ નીનો – El Nino

- અલ નીનો એ આબોહવાકીય (Climate) ઘટના છે, જે પૂર્વીય ઉષ્ણ કટિબંધીય પેસિફિક મહાસાગરમાં સપાટીના પાણીની અસામાન્ય ગરમીનું વર્ણન કરે છે.
- અલ નીનો લા નીના કરતા વધુવાર થાય છે.
- અલ નીનો સમુદ્રના તાપમાન અને પ્રવાહો, દરિયાંકાઠાના માછીમારના સ્વાસ્થ્ય અને ઓસ્ટ્રેલિયાથી લઈને દક્ષિણ અમેરિકા તથા તેનાથી આગળ સ્થાનિક હવામાનને પણ અસર કરે છે.
- અલ નીનો દક્ષિણ અમેરિકામાં વરસાદના પ્રમાણમાં વધારો કરે છે.

Current Affairs Booster

1. તાજેતરમાં નીતિ આયોગની કેટલામી ગવર્નિંગ કાઉન્સિનની બેઠક યોજાઈ છે જેની અધ્યક્ષતા વડા પ્રધાન દ્વારા કરવામાં આવ્યું છે?
(A) 7 મી (B) 9 મી (C) 12 મી (D) 15 મી

2. તાજેતરમાં કયુ રાજય 'હર ઘર જલ' પ્રમાણિત પ્રથમ રાજય બન્યું છે?
(A) ગોવા (B) મહારાષ્ટ્ર (C) ગુજરાત (D) તમિલનાડુ

3. કેન્દ્ર સરકારના નેશનલ ઈન્ડ્રસ્ટ્રીયલ કોરીડોર ડેવલપમેન્ટ કોર્પોરેશન (NICDC) દ્વારા ઈનવેસ્ટર્સ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સનું આયોજન કયાં કરવામાં આવ્યું?
(A) નવી દિલ્હી (B) મુંબઈ (C) ગાંધીનગર (D) અમદાવાદ

4. તાજેતરમાં નીતિ આયોગની ગર્વર્નિંગ કાઉન્સિલની બેઠક કયા યોજાઈ છે?
(A) મુંબઈ (B) બેંગ્લુરુ (C) નવી દિલ્હી (D) કોલકત્તા

5. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'હર ઘર જલ' કાર્યક્રમ કયા મિશન અંતર્ગત આવે છે?
(A) જલ જીવન મિશન (B) નેશનલ વોટર મિશન (C) જલ શકિત અભિયાન (D) સ્વચ્છ ભારત મિશન

6. તાજેતરમાં National Fisheries Devlopment Board ની કેટલામી મીટીંગ અંતર્ગત મત્સ્ય સેતુ મોબાઈલ એપમાં ઓનલાઈન માર્કેટ પ્લેસ ફીચર 'એકવા બજાર' લોન્ચ કરવામાં આવ્યું છે ?
(A) 9 મી (B) 10 મી (C) 16 મી (D) 15 મી

7. તાજેતરમાં ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરન્ટી સ્કીમ (ECLGS) ની મર્યાદામાં કેટલા હજાર કરોડનો વધારો કરવામાં આવ્યો છે જે પહેલા 4.5 લાખ કરોડ હતુ?
(A) 5,000 કરોડ (B) 50,000 કરોડ (C) 50 કરોડ (D) 500 કરોડ

8. 'હર ઘર જલ' કાર્યક્રમ હેઠળ પાણીની તપાસ માટે કેટલી મહિલાઓને તાલીમ આપવામાં આવે છે?
(A) 10 (B) 2 (C) 5 (D) 4

9. તાજેતરમાં ECLGS સ્કીમની મર્યાદામાં વધારો કરવામાં આવ્યા છે, જે કયા વર્ષ સુધી માન્ય ગણાશે?
(A) જુલાઈ 2023 (B) ફેબ્રુઆરી 2023 (C) ડિસેમ્બર 2022 (D) માર્ચ 2023

10. મત્સ્ય સેતુ એપની શરૂઆત કયારે કરવામાં આવી હતી?
(A) જુન 2020 (B) જુલાઈ 2021 (C) જુલાઈ 2020 (D) મે 2020

11. તાજેતરમાં UDAN (Ude desh ka nagrik) યોજનાના કેટલા વર્ષ પૂર્ણ થયા છે?
(A) 5 વર્ષ (B) 2 વર્ષ (C) 1 વર્ષ (D) 4 વર્ષ

12. 'હર ઘર જલ' કાર્યક્રમ હેઠળ વર્તમાનમાં કેટલા લાખથી વધુ મહિલાઓને ગ્રામીણ પરિવારો માટે પૂરા પાડવામાં આવતા પાણીની ગુણવત્તા ચકાસવા માટે ફિલ્ડ ટેસ્ટ કિટ્સનો ઉપયોગ કરવાની તાલીમ આપવામાં આવી છે ?
(A) 15 લાખ (B) 10 લાખ (C) 5 લાખ (D) 8 લાખ

13. મત્સ્ય સેતુ એપ્લિકેશનને કયા યોજનાના માધ્યમથી નેશનલ Fisheries Development Board – Hydrabad દ્વારા નાણાકીય સહાય આપવામાં આવી છે ?
(A) પ્રધાનમંત્રી મત્સ્ય યોજના (B) મુખ્યમંત્રી મત્સ્ય યોજના
(C) મત્સ્ય અને પશુપાલન યોજના (D) પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના

14. UDAN યોજના હેઠળ હાલમાં એરપોટની સંખ્યા વધીને કેટલી થઈ છે ?
(A) 141 (B) 156 (C) 180 (D) 220

15. જલ જીવન મિશનની શરૂઆત કયારે થઈ હતી?
(A) 15 ઓગસ્ટ 2020 (B) 15 ઓગસ્ટ 2021 (C) 15 ઓગસ્ટ 2019 (D) 15 ઓગસ્ટ 2018

16. નેશનલ ફિશરિઝ ડેવલપમેન્ટ બોર્ડની સ્થાપના કયારે થઈ હતી?
(A) વર્ષ 2009 (B) વર્ષ 2002 (C) વર્ષ 2006 (D) વર્ષ 2005

**17. UDAN યોજના હેઠળ અત્યાર સુધીમાં કેટલા મુસાફરોએ આ યોજના નો લાભ લીધા છે?**
(A) 10 કરોડ થી વધુ (B) 1 કરોડ થી વધુ (C) 50 લાખ થી વધુ (D) 10 લાખ થી વધુ

**18. મત્સ્ય સેતુ એપ વિશે નીચેનામાંથી કયુ વિધાન સાચું છે ?**
(1) આ એપને ICAR – Central Institution of Fresh Water Aquaculture દ્વારા વિકસાવવામાં આવી છે.
(2) આ એપ કેન્દ્રીય ગ્રાહક બાબતોના મંત્રાલય અંર્તગત ની પહેલ છે
(3) આ એપ્લિકેશન (એકવા બજાર) મત્સ્ય ખેડુતો અને હિત ધારકોને માછલીના બીજ, ભોજન અને દવાઓ જેવી આવશ્યક સેવાઓ મેળવવા મદદ કરશે.
(A) માત્ર 1 (B) 1 અને 2 (C) 1 અને 3 (D) માત્ર 3

**19. તાજેતરમાં સ્વચ્છ ભારત મિશન – ગ્રામીણ (SBM-G) અંર્તગત ભારતમાં કેટલા લાખ થી વધુ ગામોને ODF (Open defection free) તરીકે જાહેર કરવામાં આવ્યા છે?**
(A) 1 લાખથી વધુ (B) 2 લાખથી વધુ (C) 3 લાખથી વધુ (D) 10 લાખથી વધુ

**20. UDAN યોજનાની પ્રથમ ફ્લાઈટ કોના દ્વારા શરૂ કરવામાં આવી હતી ?**
(A) રાષ્ટ્રપતિ (B) નાગરિક અને ઉડ્ડયન મંત્રી (C) વડા પ્રધાન (D) એર ચીફ

**21. સમ્રગ ભારતમાં કેટલા ગામડાઓ પાસે ધન કચરા વ્યવસ્થાપન (Solid Waste Management) ની વ્યવસ્થા છે ?**
(A) 95805 (B) 99640 (C) 99840 (D) 95900

**22. UDAN યોજના વિશે નીચેનામાંથી કયા વિધાન સાચા / સાચું છે?**
(1) આ યોજનાની શરૂઆત વર્ષ 2016 માં રિજયોનલ કનેકિટવિટી સ્કીમ તરીકે કરવામાં આવી હતી.
(2) આ યોજનાની પ્રથમ ફ્લાઈટની શરૂઆત વડા પ્રધાન દ્વારા 27 એપ્રિલ 2016 ના રોજ કરવામાં આવી હતી.
(3) આ યોજના અંર્તગત 68 નવા એરપોર્ટની સંખ્યાને વર્ષ 2026 સુધીમાં 180 સુધી પહોંચાડવાનો લક્ષ્ય છે.
(4) આ યોજનાને રાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન નીતિ (NCAP) – 2016 ની સમીક્ષાના આધારે ઘડવામાં આવી છે.
(A) 1, 2 અને 3 (B) 2 અને 4 (C) 1 અને 4 (D) 1, 2, 3 અને 4

**23. તાજેતરમાં ગ્રામીણ ઉદ્યામી પ્રોજેકટનો કેટલામો તબક્કો શરૂ થયો છે?**
(A) 2 (B) 3 (C) 1 (D) 4

**24. તાજેતરમાં ક્રિમિનલ પ્રોસિજર (આઈડેન્ટિફિકેશન) બિલ 2012 સંસદમાં પસાર થાય બાદ અમલમાં આવ્યું છે તેના વિશે નીચેનામાંથી કયુ વિધાન સાચું છે?**
(1) આ એકટ આઈડેન્ટિફિકેશન ઓફ પ્રિઝનર્સ એકટ – 1960 ની જગ્યા લેશે.
(2) આ એકટ CBI ને ગુનેગારો વિશે અમુક ચોક્કસ માહિતીને એકત્રિત, સંગ્રહિત અને સાચવવા માટે અધિકૃત કરે છે.
(A) માત્ર 2 (B) 1 અને 2 (C) માત્ર 1 (D) ઉપરોકત પૈકી કોઈ નહી

**25. ગ્રામીણી ઉદ્યામી પ્રોજેકટને કોના દ્વારા ભંડોળ પુરુ પાડવામાં આવે છે?**
(A) NSDC (B) RBI (C) NBFC (D) ઉપરોકત પૈકી કોઈ નહી

**26. સ્વચ્છ ભારત મિશન – ગ્રામીણ અંર્તગત ભારતના ગામડાઓને કેટલા કેટેગરીમાં જાહેર કરવામાં આવ્યું છે ?**
(A) 4 (B) 5 (C) 3 (D) 6

**27. તાજેતરમાં કોમનવેલ્થ દેશોની 'કોમનવેલ્થ પાર્લામેન્ટરી કોન્ફરન્સ' કયાં યોજાય હતી?**
(A) બ્રિટન (B) કેનેડા (C) ઓસ્ટ્રેલિયા (D) પાકિસ્તાન

**28. ગ્રામીણી ઉદ્યામી પ્રોજેકટ વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?**
(1) આ પ્રોજેકટ નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન હેઠળ એક અનન્ય પહેલ છે.
(2) આ પ્રોજેકટનો ઉદ્દેશ મધ્યપ્રદેશ અને ઝારખંડમાં 500 આદિવાસી વિદ્યાર્થીઓને તાલીમ આપવાનો છે.
(3) આ પ્રોજેકટ મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને ઝારખંડ એમ છ રાજયોમાં અમલમાં છે.
(4) આ પ્રોજેકટના પ્રથમ તબક્કામાં આદિવાસી ઉમેદવારોને પરિવહન, ભોજન અને રહેવાની સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી.
(A) માત્ર 1 અને 2 (B) 1, 3 અને 4 (C) 2, 3 અને 4 (D) 2 અને 3

Banking Academy

**29. સ્વચ્છ ભારત મિશન– ગ્રામીણ (SBM- G) વિશે નીચેનામાંથી કયુ વિધાન સાચું છે ?**
(1) આ મિશન અંર્તગત ગામડાઓને ODF, ODF+ અને ODF++ વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.
(2) આ મિશનની શરૂઆત વર્ષ 2016 માં થઈ હતી
(3) સ્વચ્છ ભારત મિશન – ગ્રામીણ (SBM-G) હેઠળ તેલંગાણા, તમિલનાડુ, ઓડિશા, બિહાર અને અરૂણાચલ પ્રદેશમાં મહત્તમ ગામોને ODF+ તરીકે જાહેર કરવામાં આવ્યા છે.
(4) આ મિશનની શરૂઆત જન આંદોલન તરીકે કરવામાં આવી હતી.
(A) 1, 2 અને 4 (B) 2, 3 અને 4 (C) 1 અને 4 (D) 3 અને 4

**30. તાજેતરમાં કેનેડામાં આયોજીત 'કોમનવેલ્થ પાર્લામેન્ટરી કોન્ફરન્સ' માં ગુજરાતનું પ્રતિનિધિત્વ કોણે કર્યું?**
(A) ભુપેન્દ્રભાઈ પટેલ (B) જીતુ વાઘાણી (C) નીમાબેન આચાર્ય (D) યક્ષેશ મોદી

**31. તાજેતરમાં કોના દ્વારા Advance Chemisty Cell Battery Reuse And Recycling Market In India રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે?**
(A) RBI (B) નીતિઆયોગ (C) CSIR (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

**32. તાજેતરમાં કયા એરપોર્ટનું નામ 'શહીદ – ભગતસિંહના' નામ પરથી રાખવામાં આવ્યું?**
(A) પટિંડા એરપોર્ટ (B) ચંદીગઢ એરપોર્ટ (C) લુધિયાણા એરપોર્ટ (D) કપુરથલા એરપોર્ટ

**33. તાજેતરમાં ભારતના એરફોર્સએ બહુરાષ્ટ્રીય કવાયત 'એકસરસાઈઝ પીચ બ્લેક' માં ભાગ લીધો છે. આ કવાયતનું આયોજન કયા દેશ દ્વારા કરવામાં આવ્યું?**
(A) ફ્રાન્સ (B) જાપાન (C) ઓસ્ટ્રેલિયા (D) ઈંગ્લેન્ડ

**34. કેનેડામાં હેલીફેક્સ ખાતે આયોજીત 65મી કોમનવેલ્થ પાર્લામેન્ટરી કોન્ફરન્સમાં ભારતીય સંસદીય પ્રતિનિધિ મંડલનું નેતૃત્વ કોણે કર્યું?**
(A) નરેન્દ્ર મોદી (B) અમિત શાહ (C) વૈકેયા નાયડુ (D) ઓમ બિરલા

**35. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલ Advance Chemisty Cell Battery Reuse And Recycling Market In India રિપોર્ટ અનુસાર ભારતની બેટરીની માંગ કયા વર્ષ સુધી નોંધપાત્ર રીતે વધશે ?**
(A) વર્ષ 2025 સુધી (B) વર્ષ 2040 સુધી (C) વર્ષ 2030 સુધી (D) વર્ષ 2035 સુધી

**36. હાલ સમાચારોમાં રહેનાર "આર્મેટિસ મિશન" નો સંબંધ કઈ સ્પેસ એજન્સી સાથે છે ?**
(A) Japan Aerospace Exploration Agency (JAXA)
(B) The National Aeronautics and Space Administration (NASA)
(C) Indian Space Research Organisation (ISRO)
(D) European Space Agency (ESA)

**37. Advance Chemisty Cell Battery Reuse And Recycling Market In India વિશે નીચેનામાંથી કયુ વિધાન સાચુ છે ?**
(1) આ રિપોર્ટ મુજબ વર્ષ 2030 સુધી ભારતમાં લિથિયમ આયન બેટરી સ્ટોરેજની કુલ એકત્રિત સંભાવના 800 GWH (gigawatt hour) હશે.
(2) આ રિપોર્ટ અનુસાર ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) અને કન્ઝયુમર ઈલેક્ટ્રોનિક્સ ભારતમાં બેટરી સ્ટોરેજને અપનાવવા માટે મુખ્ય સાધનો હશે.
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 1 અને 2 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી.

**38. તાજેતરમાં કયા મંત્રાલય દ્વારા વન નેશન અને વન ફર્ટિલાઈઝર યોજના લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે ?**
(A) મંત્રાલય (B) રસાયણ અને ખાતર મંત્રાલય
(C) સામાજિક ન્યાય અને અધિકારિત મંત્રાલય (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

**39. ગુજરાત તકેદારી આયોગ અને ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત 'કોમ્પેન્ડીયમ ઓફ લેન્ડ માર્ક જજમેન્ટસ' પુસ્તકનું વિમોચન કોના દ્વારા કરવામાં આવ્યું?**
(A) આચાર્ય દેવવ્રત (B) ભુપેન્દ્રભાઈ પટેલ (C) અરવિંદ કુમાર (D) હર્ષ સંઘવી

**40. તાજેતરમાં ભારતની પ્રથમ હાઈડ્રોજન ફયુઅલ સેલ બસનું અનાવરણ કયા શહેરમાં કરવામાં આવ્યું ?**
(A) પુણે (B) બેંગ્લોર (C) મુંબઈ (D) દિલ્હી

41. **વન નેશન અને વનફર્ટિલાઈઝર યોજના વિશે નીચેનામાંથી કયું વિધાન સાચુ છે ?**
(1) આ યોજના 2 સપ્ટેમ્બર 2022 થી અમલમાં આવશે.
(2) આ યોજના હેઠળ કંપનીઓએ તેમના નામ, બ્રાન્ડ લોગો અને અન્ય સંબંધિત પ્રોડકટની માહિતી તેમની બેગની બે તૃતીયાંશ જગ્યા પર બતાવવાની રહેશે.
(3) આ યોજના હેઠળ ખાનગી કંપનીઓએ તેમના બેગ ઉપર બે તૃતીયાંશ જગ્યા પર પ્રધાનમંત્રી ભારતીય જનઉવરિક યોજાનો લોગો બતાવવાનો રહેશે.
(4) આ યોજના જાહેર અને ખાનગી કંપનીને લાગુ પડશે.
(A) 1, 2 અને 3 (B) 2, 3 અને 4 (C) 1 અને 3 (D) 3 અને 4

42. **ઓગસ્ટ 2022 દરમિયાન ભારત અને કયા દેશ વચ્ચે સંરક્ષણ ક્ષેત્રમાં સહયોગ વધારવા માટે ટાસ્ક ફોર્સ રચવામાં આવશે ?**
(A) તાંઝાનિયા (B) શ્રીલંકા (C) મેડાગાસ્કર (D) બાંગ્લાદેશ

43. **તાજેતરમાં ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય અને નેશનલ હેલ્થ ઓથોરિટી વચ્ચે આયુષમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ કોને સંપૂર્ણ આરોગ્ય સેવા પૂરી પાડવા માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે?**
(A) વૃદ્ધ વ્યકિતઓ (B) યુવાન વ્યકિતઓ (C) ટ્રાન્સજેન્ડર (D) મહિલાઓ

44. **તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં 'વાઈબ્રન્ટ વિવર્સ એકસ્પો– 2022' નું આયોજન કરવામાં આવ્યું ?**
(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) સુરત (D) રાજકોટ

45. **તાજેતરમાં કુશિયારા નદીના જળની વહેંચણી માટે કયા બે દેશ વચ્ચેના કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે?**
(A) ભારત – જાપાન (B) ભારત – પાકિસ્તાન (C) ભારત – ચીન (D) ભારત – બાંગ્લાદેશ

46. **તાજેતરમાં ટ્રાન્સજેન્ડર વ્યકિતઓને સંપૂર્ણ આરોગ્ય સેવાઓ પુરી પાડવા માટે કરવામાં આવેલ સમજૂતી કરાર (MOU) વિશે નીચેનામાંથી કયુ વિધાન સાચું છે?**
(1) આ કરાર મુજબ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાની તમામ લિસ્ટેડ હોસ્પિટલોમાં ટ્રાન્સજેન્ડર વ્યકિતઓને મફત સારવાર આપવામાં આવશે.
(2) આ કરાર અનુસાર ટ્રાન્સજેન્ડર વ્યકિતઓને 10 લાખ રૂપિયા સુધીનું હેલ્થ ઈન્સ્યોરન્સ મળશે.
(3) આ કરાર અનુસાર ટ્રાન્સજેન્ડર વ્યકિતઓ માટે વિશેષ પેકેજો તૈયાર કરવામાં આવી રહયા છે, જેમાં સેકસ રિએસાઈમેન્ટ સર્જર અને ટ્રાન્સજેન્ડર વ્યકિતઓ માટે સારવાર જેવા વિશેષ હેલ્થ પેકેજો ઉપલબ્ધ હશે.
(A) માત્ર 1 અને 2 (B) ફકત 2 (C) 1 અને 3 (D) આવેલ તમામ

47. **'અર્થ ગંગા' પહેલ વિશે નીચેના વિધાનો ચકાસો અને સાચા વિધાનો જણાવો.**
**(i) આ પહેલ ગંગા નદીને અન્ય નદીઓ સાથે જોડવાનું છે.**
**(ii) નમામિ ગંગે કાર્યક્રમ હેઠળ આ પહેલનું અનાવરણ કરવામાં આવ્યું છે.**
**(iii) અર્થ ગંગા પહેલ હેઠળ સરકાર અલગ અલગ છ સ્તરે કામ કરી રહી છે.**
(A) માત્ર (i) અને (ii) (B) માત્ર (ii) અને (iii) (C) માત્ર (i) અને (iii) (D) આપેલ તમામ સાચા છે.

48. **તાજેતરમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે કુશિયારા નદીના જળ વહેચણી માટે કરારને મંત્રી સ્તરીય સંયુકત નદી આયોગ (Joint rivers commission) ની કેટલામી બેઠક દરમિયાન અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે?**
(A) 38 મી (B) 32 મી (C) 33 મી (D) 40 મી

49. **તાજેતરમાં સ્વિત્ઝરલેન્ડમાં આયોજિત લુસાને ડાયમંડ લીગમાં કેટલા મીટરનો થ્રો કરી નીરજ ચોપડાએ આ ચેમ્પિયન લીગ જીતી લીધી ?**
(A) 85.66 મી (B) 88.64 મી (C) 89.08 મી (D) 87.90 મી

50. **તાજેતરમાં ભારત સરકારના ભારતમાલા પરિયોજના (Bharatmala Project) હેઠળ આધુનિક મલ્ટી મોડલ લોજિસ્ટિક પાર્ક (MMLP) ના ઝડપી વિકાસ માટે કયો કરાર કરવામાં આવ્યું છે?**
(A) દ્વિપક્ષીય કરાર (B) ત્રિપક્ષીય કરાર (C) ચતુષ્પક્ષીય કરાર (D) ઉપરોકત્ત પૈકી કોઈ નહી

51. **કુશિયારા નદી બાંગ્લાદેશ અને ભારતના કયા રાજ્ય વચ્ચે વહેતી નદી છે?**
(A) ત્રિપુરા (B) આસામ (C) સિક્કિમ (D) મેઘાલય

52. **તાજેતરમાં ભારત સરકારના પ્રધાનમંત્રી જન ધન યોજના (PMJDY) નો કેટલા વર્ષ પૂર્ણ થયો છે?**
(A) 8 વર્ષ (B) 5 વર્ષ (C) 10 વર્ષ (D) 15 વર્ષ

**53. તાજેતરમાં આધુનિક મલ્ટી મોડલ લોજિસ્ટિક પાર્કના ઝડપી વિકાસ માટે કરવામાં આવેલ ત્રિપક્ષીય કરાર વિશે નીચેનામાંથી કયુ વિધાન સાચુ છે?**

(1) આ ત્રિપક્ષીય કરારનો ઉદેશ આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર નુરનું કેન્દ્રીયકરણ અને લોજિસ્ટિક ખર્ચને GDP ના 14% થી ઘટાડીને 10 ટકા સુધી કરવાનો છે?

(2) આ કરાર પર નેશનલ હાઈવે લોજિસ્ટિક મેનેજમેન્ટ લિમિટેડ, ઈન્લેડ વોટવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને નેશનલ પાવર થર્મલ કોર્પોરેશન દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 1 અન 2 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

**54. તાજેતરમાં કયા દેશ દ્વારા બિન–ચેપી રોગ (Non Communicable Disease) ને અટકાવવા માટે પેન પ્લસ (Pen Plus) સ્ટ્રેટજી અપનાવામાં આવી છે?**

(A) <u>આફ્રિકા</u> (B) અમેરિકા (C) ભારત (D) ઓસ્ટ્રેલિયા

**55. Pradhan Mantri Jan Dhan Yojna ના વિશે નીચેનામાંથી કયો વિધાન સાચું છે ?**

(1) આ યોજના મુજબ પ્રધાનમંત્રી જન ધન ખાતાઓમાં ત્રણ ગણો વધારો થયો છે આ ખાતાઓની સંખ્યા માર્ચ – 2015 માં 14.72 કરોડ હતી, જે વધીને ઓગસ્ટ 2022 માં 46.25 કરોડ થઈ છે.

(2) આ યોજના અંર્તગત 68% જન ધન ખાતા ધારકો મહિલાઓ છે અને 56% જન ધન ખાતા ધારકો ગ્રામીણ તેમજ અર્ધ શહેરી વિસ્તારોના છે.

(3) આ યોજના હેઠળ ખાતાધારકો માટે 31.94 કરોડ રૂપે કાર્ડ (Rupay Card) જારી કરવામાં આવ્યા છે.

(4) આ યોજના અંર્તગત 46.25 પ્રધાનમંત્રી જન ધન યોજના ખાતાઓમાંથી 37.57 કરોડ (89%) ખાતાઓ સંચાલિત થઈ રહયા છે.

(A) 1, 2 અને 4 (B) 2, 3 અને 4 (C) <u>1 અને 3</u> (D) 2 અને 4

**56. તાજેતરમાં પ્રધાનમંત્રીએ 'ખાદી ઉત્સવ' નું આયોજન કયા કર્યું?**

(A) ગાંધીનગર (B) કચ્છ (C) સુરત (D) અમદાવાદ

**57. તાજેતરમાં આંતરરાષ્ટ્રીય સંસ્થા "ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ" માં ભારત તરફથી એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે કોની નિમણુંક કરવામાં આવી?**

(A) <u>કે.સુબ્રમણ્યમ્</u> (B) સમીર વી કામન (C) અરવિંદ શુકલા (D) સુધીર પંડીત

**58. તાજેતરમાં કોના દ્વારા આધારકાર્ડને મતદાર કાર્ડ સાથે લિંક કરવા માટે અભિયાન શરૂ કરવામાં આવ્યું છે?**

(A) UIDAI (B) નીતિ આયોગ (C) <u>ચુંટણી પંચ</u> (D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ

**59. તાજેતરમાં પ્રધાનમંત્રીએ કયા શહેર ખાતે આઈકોનિક અટલ બ્રિજનું લોકાર્પણ કર્યું?**

(A) સુરત (B) <u>અમદાવાદ</u> (C) રાજકોટ (D) વડોદરા

**60. તાજેતરમાં DRDO (Defence Research and Development Organisation) ના અધ્યક્ષ તરીકે કોની નિમણૂંક કરવામાં આવી?**

(A) જી. સતીશ રેડ્ડી (B) રાજેસ વર્મા (C) દેબાસીસા મોહંતી (D) <u>સમીર વી. કામત</u>

**61. તાજેતરમાં ચૂંટણી પંચ દ્વારા શરૂ કરવામાં આવેલ અભિયાન વિશે નીચેનામાંથી કયુ વિધાન સાચુ / સાચા છે?**

(1) આ અભિયાનથી ચૂંટણી પંચને મતદાર આધારના અપડેટ અને સચોટ રેકોર્ડ જાળવવામાં મદદ મળશે.

(2) આ અભિયાન હેઠળ કોઈ વ્યકિતનો આધાર આઈ ડી (Aadhar ID) મતદાર આઈડ (Voter ID) સાથે લિંક કરવામાં નિષ્ફળ જાય તો તે વ્યકિતના મતદાર કાર્ડને રદ કરવામાં આવશે.

(3) આ અભિયાન નીતિ આયોગ (Niti Ayog) દ્વારા શરૂ કરવામાં આવ્યું છે.

(A) ફકત 1 અને 3 (B) ફકત 2 અને 3 (C) <u>1 અને 2</u> (D) આપેલ તમામ

**62. તાજેતરમાં પ્રધાનમંત્રીએ કઈ જગ્યાએ નિર્માણ પામેલા 'સ્મૃતિવન મેમોરિયલ' નું ઉદ્ઘાટન કર્યું?**

(A) અંજાર (B) <u>ભુજ</u> (C) અમદાવાદ (D) ભદ્રેશ્વર

**63. તાજેતરમાં કયા રાજય દ્વારા પરિવાલ કલ્યાણ કાર્ડની જાહેરાત કરવામાં આવી છે?**

(A) <u>ઉત્તર પ્રદેશ</u> (B) બિહાર (C) છત્તીસગઢ (D) ઓડિશા

**64. તાજેતરમાં પ્રધાનમંત્રીએ સ્મૃતિવન મેમોરિયલનું ઉદ્ઘાટન કર્યું જે ગુજરાતના કયા જીલ્લમાં આવેલ છે?**

(A) <u>કચ્છ</u> (B) સાબરકાંઠા (C) બનાસકાંઠા (D) રાજકોટ

**65. યુપી પરિવાર કલ્યાણ કાર્ડ કયા કાર્ડની જેમ 12 અંક ધરાવતા કાર્ડ હશે ?**

(A) વોટર કાર્ડ (B) <u>આધાર કાર્ડ</u> (C) રેશનકાર્ડ (D) આયુષ્યમાન ભારત કાર્ડ

Banking Academy

**66. પોષણ અભિયાન અંતર્ગત દર વર્ષે કયા મહિનાને પોષણ મહિના તરીકે ઉજવવામાં આવે છે?**
(A) ઓગસ્ટ (B) સપ્ટેમ્બર (C) ઓક્ટોબર (D) જુલાઈ

**67. તાજેતરમાં પ્રધાનમંત્રીએ વર્ષ 2001 માં ગુજરાતના કચ્છમાં આવેલ ભુંકપની સ્મૃતિમાં કયા મ્યુઝિયમનું લોકાર્પણ કર્યું?**
(A) ભદ્રેશ્વર વન મ્યુઝિયમ (B) ભુકંપ વન મ્યુઝિયમ (C) સ્મૃતિ વન મ્યુઝિયમ (D) ગોવિંદ સિંહ મ્યુઝિયમ

**68. પોષણ અભિયાનની શરૂઆત કયારે કરવામાં આવી હતી?**
(A) 2017 (B) 2018 (C) 2019 (D) 2022

**69. ગુજરાતના ધરતીકંપમાં જીવ ગુમાવનારા બાળકોની સ્મૃતિ માટે 'વીર બાળ સ્મારક' કયાં બનાવવામાં આવ્યું છે. જેનુ તાજેતરમાં પ્રધાનમંત્રીએ ઉદ્દઘાટન કર્યું?**
(A) ભૂજ (B) નડાબેટ (C) રાજકોટ (D) અંજાર

**70. પોષણ અભિયાન વિશે નીચે આપેલ વિધાનો પૈકી કયા વિધાન યોગ્ય છે?**
(i) આ અભિયાનનું પૂરું નામ PMS overarching scheme for Holistic Nourishment રાખવામાં આવી છે.
(ii) આ અભિયાન અંતર્ગત દર વર્ષ ઓકટોબર મહિનાને પોષણ મહિના તરીકે ઉજવવામાં આવે છે.
(iii) આ અભિયાન ટેગલાઈન'સહી પોષણ, દેશ રોશન' રાખવામાં આવી છે.
(A) (i), (ii), (iii) (B) (i), (iii) (C) (i), (ii) (D) (ii), (iii)

**71. તાજેતરમાં પ્રધાનમંત્રી કઈ જગ્યાએ ડો. બાબાસાહેબ આંબેડકર સંમેલન કેન્દ્રનું ઉદ્દઘાટન કર્યું?**
(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) કચ્છ (D) સુરત

**72. તાજેતરમાં કેન્દ્રીય નવીનીકરણ અને પુનઃપ્રાપ્ય ઉર્જા મંત્રાલય દ્વારા આબોહવા પરિવર્તન અને પુનઃપ્રાપ્ય ઉર્જા ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિઓ માટે કેટલા એવોર્ડ મેળવ્યાં?**
(A) આઠ (B) દસ (C) સાત (D) નવ

Banking Academy

## Facts....Inshort

1. તાજેતરમાં કયા મંત્રાલય દ્વારા ભારતીય પોર્ટ્સ બિલ, 2022 નો ડ્રાફટ તૈયાર કરવામાં આવ્યો છે? – **પોર્ટ્સ, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય**
2. તાજેતરમાં કયા દેશ દ્વારા ચીન – પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોડ ઓથોરિટી (CPECA) ને રદ કરવાના પાકિસ્તાનના નિર્ણયને મંજૂરી આપવામાં આવી છે? – **ચીન**
3. તાજેતરમાં કયા બે દેશો વચ્ચે ઈન્ટરનેશનલ કન્વેન્શન ઓન સ્ટાન્ડર્ડ્સ ઓફ ટ્રેનિંગ, સર્ટિફિકેશન એન્ડ વોચકીપીંગ ફોર સીફરર્સ (1978) ની જોગવાઈ અનુસાર નાવિકોની અવરજવાર ને સરળ બનાવવા માટે એક સમજૂતી કરાર (MOU) હસ્તાક્ષર કરવામાં આવ્યું છે? – **ભારત (મુંબઈ પોર્ટ) અને ઈરાન (ચાબહાર પોર્ટ)**
4. તાજેતરમાં કયા દેશના નૌકાદળના વડા મોહમ્મદ રેઝા બિન મોહમ્મદ ભારતની મુલાકાત લીધી છે? – **રોયલ મલેશિયન નેવી ચીફ ( મલેશિયા)**
5. તાજેતરમાં એક અભ્યાસ મુજબ ગ્રીનલેન્ડમાં આઈસબર્ગના નિવાસ્થાનમાં રહેતી કઈ ફિશ તેના લોહીના પ્રવાહમાં એન્ટિફ્રીમ પ્રોટીનની હાજરીના કારણે બર્ફીલા આર્કટિક પાણીમાં જ જીવી શકે છે? – **સ્નેઈલ ફિશ**
6. તાજેતરમાં ભારત સરકાર દ્વારા કઈ વસ્તુને જિયોગ્રાફિકલ ઈન્ડિકેશન (GI) ટેગ આપવામાં આવ્યું છે? – **મિથિલા નખાના**
7. તાજેતરમાં લોકસભા સ્પીકર (ઓમ બિરલા) સ્વામી વિવેકાનંદ અને મહારાષ્ટ્રમાં જન્મેલા સ્વાતંત્ર્ય સેનાની અને કૃષિવાદી પાડુંરંગ ખાનખોજે (1883 થી 1967) ની પ્રતિમાઓનુ અનાવરણ કરવા માટે કયા દેશ જશે? – **મેક્સિકો**
8. તાજેતરમાં કોના દ્વારા કસ્ટમ અધિકારીઓએ વેપાર કરાર હેઠળના નિયમોના કસ્ટમસ એડમિનિસ્ટ્રેશન ઓફ ઓરિજિન નિયમો લાગુ કરવામાં સંવેદનશીલ હોવા જોઈએ તે માટે એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યું છે? – **સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેકટ ટેકસીસ એન્ડ કસ્ટમ્સ (CBIC)**
9. તાજેતરમાં કયા સૌથી ખરાબ દુષ્કાળથી નદીઓ સુકાઈ જવાના લીધે હંગર સ્ટોન્સ(હાઈડ્રોલોઝિકલ માર્કર) નો ઉદ્ભવ થયો છે? – **યુરોપમાં**
10. તાજેતરમાં કેન્દ્ર સરકારની નિક્ષય પોષણ યોજના (NPY) એકમાત્ર પોષણ સહાય યોજના 2021 માં ક્ષય રોગ (TB) સાથે જીવતા કેટલા લોકોએ લાભ લીધો છે? – **બે તૃતીયાશ લોકો**
11. તાજેતરમાં ટેકનોલોજી ડેવલપમેન્ટ બોર્ડ CTBO – વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય હેઠળની એક વૈધાનિક સંસ્થા દ્વારા પ્રધાનમંત્રી મત્સ્ય સંવદા યોજના (PMMSY) થી પ્રેરિત થઈને ઈઝરાયેલી ટેકનોલોજી સાથે કયા પ્રોજેકટને સમર્થન આપ્યું છે? – **તિલાપિયા અકવાકલ્ચર પ્રોજેકટ**
12. તાજેતરમાં વિદેશ મંત્રાલયના સચિવ દ્વારા જણાવ્યા મુજબ ભારત સરકાર કયો પાસપોર્ટ લોન્ચ કરવામાં આવશે? – **ઈ–ચિપ પાસપોર્ટ**
13. તાજેતરમાં અમલમાં આવતા મુકત વેપાર કરાર (Free Trade Part) ના બે મહિના બાદ સંયુકત આરબ અમીરાત (UAF) દ્વારા આયાતના લીધે ભારતની સોનાની જવેલરીની નિકાસમાં કેટલા ટકા વધારો થયો છે? – **42%**
14. તાજેતરમા પશ્ચિમ બંગાળ સરકાર દ્વારા કયા ગેટની સામે વર્ધમાનના મહારાજા વિજયચંદ અને તેમની પત્ની રાધારાનીની પ્રતિમા ઉભી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે? – **લોર્ડ કર્ઝન ગેટ**
15. તાજેતરમાં ભારત અને ઈજિપ્તના રાજદ્વારી સંબધોના કેટલા વર્ષ પૂણ થયા? – **75 વર્ષ**
16. ગુજરાત રાજયમાં રાજયકક્ષાના સ્વાગત ઓનલાઈન કાર્યક્રમનું આયોજન કયારે કરવામાં આવે છે? – **દર મહિનાના ચોથા બુધવારે**
17. તાજેતરમાં વડા પ્રધાનના નેતૃત્વમાં મેઘપુર ખાતે સેન્ટ્રલ એરિડ ઝોન રિસર્ચ ઈન્સ્ટિટયૂટ (CARI) માટે કેટલી નવી સુવિધાઓનું ઉદઘાટન કેન્દ્રીય મંત્રી નરેન્દ્ર સિંહ તોમર દ્વારા કરવામાં આવ્યું છે? – **4**
18. તાજેતરમાં કયા દેશના હવામાનશાસ્ત્ર બ્યુરો એ આગાહી કરી છે કે લા નીના (La-Nina) ની અસર સતત ત્રીજી વખત થઈ છે? – **ઓસ્ટ્રેલિયા**
19. તાજેતરમાં એક અભ્યાસ મુજબ યુરોપિયન યુનિયનનો સૌથી ઝડપી વૃદ્ધ દેશ કયો છે? – **પોર્ટુગલ**
20. તાજેતરમાં કોળિયાકનો મેળો કયા જીલ્લામાં યોજાયો હતો? – **ભાવનગર**
21. તાજેતરમાં ભારતે કયા દેશને હરાવી સૈફ અંડર–20 ચેમ્પિયન બન્યું છે ? – **બાંગ્લાદેશ**
22. તાજેતરમાં નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટીના કેટલા વર્ષ પૂર્ણ થયા છે? – **25**

Banking Academy

23. તાજેતરમાં ભારતના વિદેશમંત્રી એસ જયશંકર દ્વારા દક્ષિણ અમેરિકાની તેમની પ્રથમ સત્તાવાર મુલાકાત દરમિયાન કયા દેશમાં મહાત્માં ગાંધીની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું છે?
24. તાજેતરમાં ભારતના 75મા ચેસ ગ્રાન્ડમાસ્ટર કોણ બન્યા છે ? – **વી પ્રણવ**
25. તાજેતરમાં લદ્દાખનું સર્વોચ્ચ નાગરિક સન્માન કોને આપવામાં આવ્યું છે ? – **દલાઈ લામા**
26. તાજેતરમાં કેન્દ્રીય મંત્રી એલ– મુરગને કયાં માહિતી એ પ્રસારણ મંત્રાલયના મીડિયા એકમો સાથે સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી છે? – **જમ્મુ ખાતે**
27. તાજેતરમાં કયા એરપોર્ટનું નામ બદલીને શહીદ ભગતસિંહના નામ પર રાખવામાં આવશે? – **ચંદીગઢ એરપોર્ટ**
28. વિશ્વનો પ્રથમ કૃત્રિમ ગર્ભ કયા દેશના વૈજ્ઞાનિકોએ વિકસાવ્યો છે ? – **ઈઝરાયેલ**
29. તાજેતરમાં ઈન્ટરનેશનલ ચેસ ફેડરેશનના ઉપપ્રમુખ તરીકે કોની નિમણૂંક કરવામાં આવી છે ? – **વિશ્વનાથન આનંદ**
30. તાજેતરમાં કયા મંત્રાલય દ્વારા Intengible Cultural Heritage ની પ્રતિનિધિ સૂચિમાં કોલકાતાના 'દુર્ગા પૂજા' ના સફળ શિલાલેખની ઉજવણી કરવામાં આવી છે? – **કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય**
31. તાજેતરમાં કયો દેશ સમલિંગિ સેકસ અપરાધના પ્રતિબંધોને ખતમ કરશે? – **સિગાંપોર**
32. તાજેતરમાં કોણ મિસ ઈન્ડિયા યુએસએ (Miss India USA) બન્યું છે ? – **આર્યા અભિજિત વાલવેકર**
33. કયા દેશની સરકારે 'કન્નન સુંદરમ'ને શેવેલિયર એવોર્ડથી સન્માનિત કર્યા છે ? – **ફ્રાન્સ**
34. તાજેતરમાં પેરિસ ઓલમ્પિક 2024 માટેનું સ્લોગન શું રાખવામાં આવ્યું છે ? – **GAME OF OPEN**
35. તાજેતરમાં કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવ 'સ્વચ્છ સાગર, સુરક્ષિત સાગર અભિયાન' માં ________ ખાતે ભાગ લેશે. – **પુડુચેરી ખાતે**
36. મુસાફરોની સુરક્ષા વધારવા માટે રેલવે પ્રોટેકશન ફોર્સ દ્વારા તાજેતરમાં કયું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે ? – **ઓપરેશન પેસેન્જર સેફ્ટી**
37. તાજેતરમાં કયા અધિનિયમમાં સુધારા કરવા માટેનું બિલ લોકસભામાં રજૂ કરવામાં આવ્યું છે? – **સ્પર્ધા અધિનિયમ – 2022**
38. તાજેતરમાં "દિલીપ કુમાર ઈન શેડો ઓફ લીજેન્ડ" નામનું પુસ્તક કોણે પ્રકાશિત કર્યું ? – **ફૈસલ ફારુકી**
39. તાજેતરમાં પ્રણય વર્માને કયા દેશમાં ભારતના નવા રાજદૂત તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે ? – **બાંગ્લાદેશ**
40. તાજેતરમાં કેન્દ્રીય ગૃહ એ સહકાર મંત્રી અમિતશાહ દ્વારા રાષ્ટ્રીય તપાસ એજન્સી (National Investigation Agency) ની ઓફિસનું ઉદઘાટન કયાં કરવામાં આવ્યું? – **ન્યુ રાયપુર (છત્તીસગઢ)**
41. તાજેતરમાં રિલીઝ થયેલ 'લોકડાઉન લિરિક્સ' કયા લેખક દ્વારા લખાયેલ પુસ્તક છે ? – **સંજુકતા દાશ**
42. તાજેતરમાં નવી દિલ્હી ખાતે "આત્મનિરીક્ષણ : આર્મ્ડ ફોર્સીસ ટ્રિબ્યુનલ" નામનું સેમિનારનું ઉદ્ઘાટન કોના હસ્તે કરવામાં આવ્યું ? – **રાજનાથ સિંહ**
43. તાજેતરમાં કયા રાજ્ય સરકારે આદિવાસી વિસ્તારોમાં 'હર ઘર ઊર્જા ઉત્સવ'નું આયોજન કર્યું છે ? – **મહારાષ્ટ્ર**
44. તાજેતરમાં વાઈસ એડમિરલ બિસ્વજીત દાસગુપ્તાએ કયા શહેરમાં INS કર્ણ પર ભારતનું પ્રથમ CISR (Composite Indoor Shooting Range) નું ઉદ્ઘાટન કર્યું ? – **વિશાખાપટ્ટનમ (આંધ્રપ્રદેશ)**
45. તાજેતરમાં કયા સાહિત્યકારને ડૉ.સી. નારાયણ રેડ્ડી રાષ્ટ્રીય સાહિત્ય પુરસ્કાર આપવામાં આવ્યો ? – **પ્રતિબા રે**
46. તાજેતરમાં કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહ મુજબ કયો સ્ટાર્ટઅપ ભારતમાં સ્ટાર્ટ માટે નવા માર્ગ તરીકે ઉભરી રહયુ છે? – **વેસ્ટ ટુ વેલ્થ (Wast to Wealth)**
47. કેન્દ્ર સરકારના નેશનલ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર ડેવલપમેન્ટ કોર્પોરેશન (NICDC) દ્વારા કયા સ્થળે ઈન્વેસ્ટર્સ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું ? – **ગાંધીનગર**
48. ભારતીય નૌકાદળને તાજેતરમાં કયા દેશમાંથી બે MH-60R મલ્ટીરોલ હેલિકોપ્ટર મળ્યા છે ? – **અમેરિકા**
49. તાજેતરમાં નેશનલ સ્ટોક એકસચેન્જના નવા MD અને CEO તરીકે કોની પસંદગી કરવામાં આવી ? – **આશીષ ચૌહાન**
50. તાજેતરમાં કયા દેશમાં દુર્લભ 170 કેરેટનો ગુલાબી હીરો મળી આવ્યો છે ? – **અંગોલા**

51. તાજેતરમાં યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા કયા એવોર્ડ માટે અરજીઓ આંમત્રિત કરવામાં આવી છે? – **સ્પોર્ટ્સ એવોર્ડ્સ 2022**
52. તાજેતરમાં કયા દેશે મહિલા યુરોપિયન ચેમ્પિયનશિપ ફુટબોલ સ્પર્ધાનું ટાઈટલ જીત્યું છે ? – **ઈંગ્લેન્ડ**
53. તાજેતરમાં કોને વર્ષ 2021 માટે વિશિષ્ટ 'ઈન્ડોલોજિસ્ટ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો છે ? – **જેફરી આર્મસ્ટ્રોંગ (કેનેડા)**
54. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે અલ નજહ સંયુકત સૈન્ય અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો ? – **ઓમાન**
55. તાજેતરમાં PIBના પ્રિન્સિપલ ડાયરેકટર જનરલ તરીકે કોણે કાર્યભાર સંભાળ્યો છે ? – **સત્યેન્દ્ર પ્રકાશ**
56. તાજેતરમાં તાલિબાને અફઘાનિસ્તાનમાં શાસન સંભાળ્યાંને કેટલા વર્ષ પૂર્ણ થયા? – **1 વર્ષ**
57. તાજેતરમાં કયા પ્રખ્યાત બંગાળી ગાયકનું હૃદયરોગના હુમલાથી નિધન થયું છે ? – **નિર્મલા મિશ્રા**
58. તાજેતરમાં કયા શહેરમાં ચોથી ONGC પેરા ગેમ્સ 2022નું ઉદ્દઘાટન હરદીપસિંહ પુરીએ કર્યું ? – **નવી દિલ્હી**
59. ભારત અને ફ્રાન્સ વચ્ચે તાજેતરમાં પૂર્ણ થયેલ સંયુકત લશ્કરી કવાયતમાં કયા ભારતીય જહાજે ભાગ લીધો છે ? – **INS Tarkash**
60. તાજેતરમાં ગુગલ દ્વારા ટ્રાફિક ડેટા જાહેર કરનાર ભારતનું પ્રથમ શહેર કયું છે ? – **ઔરંગાબાદ**
61. તાજેતરમા કયા કોર્ટ દ્વારા બેનામી વ્યવહારો (પ્રતિબંધ) એકટ 1988 ની કલમ 3 (2) ને ગેર બંધારણીય ઠેરવામાં આવી છે? – **સુપ્રીમ કોર્ટ**
62. તાજેતરમાં ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકે કોના દ્વારા લખાયેલ 'લોકડાઉન લિરિકસ' નામનું પુસ્તક બહાર પાડયું છે ? – **સંયુકતા દાસ**
63. ઓગસ્ટ 2022 દરમિયાન કોના સન્માનમાં એક સ્મારક ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી ? – **પિંગલી વેંકૈયા**
64. તાજેતરમાં કયા રાજયોમાં એક રહસ્યમય રોગના કારણે ડાંગરના છોડ વામન થાય છે? – **પંજાબ અને હરિયાણા**
65. ઈન્ટરનેશનલ કલાઉડેડ લેપર્ડ ડે કયા દિવસે ઉજવવામાં આવે છે ? – **04 ઓગસ્ટ**
66. તાજેતરમાં બહાર પાડવામાં આવેલા અહેવાલ મુજબ, કયું રાજ્ય કૃષિ ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડના ઉપયોગમાં પ્રથમ ક્રમે છે ? – **આંધ્રપ્રદેશ**
67. તાજેતરમાં વડાપ્રધાન કાર્યાલયમાં ડિરેકટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – **શ્વેતા સિંહ**
68. તાજેતરમાં કયા રાજ્યમાં દેશની પ્રથમ ઓનલાઈન સરકારી ઈ–ટેકસી સેવા શરૂ કરવામાં આવી છે ? – **કેરળ**
69. તાજેતરમાં કયા દેશે તેનું પ્રથમ અવકાશયાન 'દાનુરી' ચંદ્ર પર મોકલ્યું છે ? – **દક્ષિણ કોરિયા**
70. તાજેતરમાં ભારતના 49મા મુખ્ય ન્યાયાધીશ તરીકે કોનું નામ આપવામાં આવ્યું છે ? – **ઉદય ઉમેશ લલિત**

Banking Academy

## Govt.Jobs જેવી કે

BANK | SBI | IBPS | LIC | SSC | RRB | RBI

તેમજ

GPSC | PSI | નાયબ મામલતદાર | રાજ્યવેરા નિરીક્ષક | તલાટી

બિન સચિવાલય | કોન્સ્ટેબલ | TET/TAT | ચીફ ઓફીસર

ની માહિતી / ભરતીઓ / તૈયારી ના માર્ગદર્શન /Materials / ઓનલાઈન ફોર્મ ની સંપૂર્ણ માહિતી તેમજ Regular Update માટે આજે જ અમારા Social Media Platforms જેવા કે ટેલીગ્રામ / ઈન્સ્ટાગ્રામ / ફેસબુક Youtube સાથે નીચેના Icon પર Click કરીને જોડાઓ.

BANKING ACADEMY

## GPSC Class - I/II માટે સંપૂર્ણ મટીરીયલ સેટ



**COMBO BOOKS SET**

**8140858555**

આ સંપૂર્ણ મટીરીયલ સેટ
મેળવવા માટે સંપર્ક કરો

## GPSC Class - III માટે સંપૂર્ણ મટીરીયલ સેટ



### Head Office-Surat (Udhna Branch)

Shree Arc, Opp. Shanidev Temple, Sosyo Corcle, Udhna-Magdalla Road, SURAT.

Contact
70466 33255

Visit us
www.bankingacademy.co.in

Email
info@bankingacademy.co.in

### Branches

**VARACHHA** (Surat)
4th Floor, "Silver Business Hub"
Simada-Naka to Yogichowk,
150ft BRTS Road, Varachha, Surat.
Ph. 70464 16555

**NAVSARI**
J.P. Plaza, Nr. Sushrusha Hospital,
Vijalpore, Navsari.
Ph. 70466 41555

**VYARA**
1st Floor, Skyline,
Railway Station Road,
Opp. New Bus Stand, Vyara.
Ph. 90998 64658